ટ્રસ્ટની પ્રવૃત્તિઓના લાભો લોકો સુધી પહોંચાડનાર
'ગુજરાત ટુડે'
દૈનિકને રાજ્યના છેવાડાના ગામ સુધી પહોંચાડવા પ્રયત્નશીલ બનો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)
AHMEDABAD
SINCE-1991

**કરન્સી માર્કેટ**

| | |
|---|---|
| US.ડોલર | ૮૩.૯૭ |
| પાઉન્ડ | ૧૦૭.૧૦ |
| યુરો | ૯૧.૭૩ |
| સઉદી રિયાલ | ૨૨.૩૭ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૭૧,૬૮૦ |
| ચાંદી (૧ કિલો) | ૮૮,૦૦૦ |

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૪ અંક-૧૩ ● તંત્રી : મુસ્તુફાખાન ● E-mail : gujarattodaydaily@gmail.com For Advertisement:gtadvt@yahoo.co.in

સિસોદિયાને મોટી રાહત : સુપ્રીમે ૧૭ મહિના પછી એક્સાઇઝ પોલિસીમાં દિલ્હીના પૂર્વ ડેપ્યુટી મુખ્યમંત્રીને જામીન પર મુક્ત કર્યા, ટ્રાયલમાં વિલંબને ટાંક્યું

## 'સ્વતંત્રતાનો અધિકાર પવિત્ર અધિકાર' સુપ્રીમમાંથી સિસોદિયાને જામીન

**ન્યુઝ GT પોઈન્ટ**

**કાશ... આ જ શબ્દો જેલમાં ૪ વર્ષ ઉપરાંત ભોગવી ચૂકેલા ઉમર ખાલીદ, જ્યોતિ જગતાપ, મહેશ રાઉત અને ત્રણ વર્ષ ઉપરાંતથી જેલમાં રહેલ ગુલ્ફીશા ફાતિમા માટે પણ ઉપયોગમાં લેવાય.**

(એજન્સી) નવી દિલ્હી, તા. ૯

સુપ્રીમ કોર્ટે કથિત દિલ્હી એક્સાઈઝ પોલિસી કૌભાંડ સાથે જોડાયેલા ભ્રષ્ટાચાર અને મની લોન્ડરિંગ કેસમાં દિલ્હીના પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાને જામીન આપી દીધા છે. સીબીઆઈ અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ(ઈડી) દ્વારા દાખલ કરાયેલા બંને કેસમાં સિસોદિયાને સુપ્રીમ કોર્ટેરાહત આપી હતી. જસ્ટિસ બીઆર ગવઈ અને

### સુપ્રીમ કોર્ટે ઈડી અને સીબીઆઈ બંને કેસમાં મનીષ સિસોદિયાને જામીન પર મુક્ત કર્યા

કેવી વિશ્વનાથનની બનેલી બેન્ચે તેમની ૧૭ મહિનાના લાંબા જેલવાસ અને ટ્રાયલ શરૂ કરવામાં ચાલી રહેલા વિલંબને આપ નેતાને જામીન આપવાના નિર્ણય પાછળના પ્રાથમિક કારણ તરીકે નોંધ્યું હતું. ન્યાયાધીશ ગવઈએ કહ્યું કે, ''સમય મર્યાદાની અંદર ટ્રાયલ પૂર્ણ થવાની કોઈ દૂરની શક્યતા નથી અને ટ્રાયલ પૂર્ણ કરવાના હેતુસર તેમને જેલના સળિયા પાછળ રાખવા એ કલમ ૨૧ના ઉલ્લંઘન સિવાય બીજું કંઈ નથી.'' સુપ્રીમ કોર્ટે આપ નેતાને જામીન આપતી વખતે કહ્યું કે, ''એક નાગરિકની નીચેથી ઉપર સુધી ચલાવી શકાય નહીં. જો કોઈ વ્યક્તિ તેની અરજીને પુનર્જીવિત કરવા અને ફરીથી ટ્રાયલ કોર્ટમાં જવા માટે કહેવામાં આવે તો ન્યાયની ખોટ છે. હળવાશ અનુભવો.'' ઉલ્લેખનીય છે કે, સિસોદિયા ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ ધરપકડ બાદથી જેલમાં હતા.

આપ નેતાના જામીન નકારવા બદલ હાઈકોર્ટને ઝાટકતાં સુપ્રીમે કહ્યું



'હું એકલો ન હતો' : ૧૭ મહિના પછી જેલમાંથી બહાર આવતા સિસોદિયા બોલ્યા

કે, ''સ્વતંત્રતાનો અધિકાર એ ''પવિત્ર અધિકાર'' છે.'' કોર્ટે અવલોકન કર્યું કે સિસોદિયાને ઝડપી ટ્રાયલનો અધિકાર નકારવામાં આવ્યો હતો અને ''સુરક્ષિત રમત'' જવાબદાર છે. ન્યાયાધીશ બીઆર ગવઈએ અવલોકન કર્યું કે, ''જામીનના મામલામાં હાઈકોર્ટ અને ટ્રાયલ કોર્ટ સુરક્ષિત ભૂમિકા ભજવી રહી છે અને સજાની બાબત તરીકે જામીનને નકારી શકાય નહીં. હવે સમય આવી ગયો છે કે અદાલતો સમજે કે જામીન એક નિયમ છે અને જેલ એક અપવાદ છે.'' સુપ્રીમ કોર્ટે નિર્દેશ આપ્યો કે સિસોદિયાને ૧૦ લાખ રૂપિયાના અંગત બોન્ડ પર જામીન પર મુક્ત કરવામાં આવે અને તે જ રકમની બે જામીન સાથે છે. સિસોદિયાની સીબીઆઈ દ્વારા ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ ધરપકડ કરવામાં આવી હતી અને હવે રદ કરાયેલી દિલ્હી એક્સાઈઝ પોલિસી ૨૦૨૧-૨૨ની રચના અને અમલીકરણમાં કથિત ગેરરીતિઓમાં તેમની કથિત સંડોવણી બદલ ધરપકડ કરવામાં આવી હતી. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ ૯ માર્ચ ૨૦૨૩ના રોજ CBI FIRથી ઉદ્દભવેલા મની લોન્ડરિંગ કેસમાં તેમની ધરપકડ કરી હતી. તેમણે ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ દિલ્હી કેબિનેટમાંથી રાજીનામું આપ્યું હતું. દિલ્હીના પૂર્વ નાયબ મુખ્ય પ્રધાન સિસોદિયાએ એવી દલીલ કરીને જામીનની માંગ કરી છે કે તેઓ ૧૭ મહિનાથી કસ્ટડીમાં છે અને તેમની સામે ટ્રાયલ હજી શરૂ થઈ નથી. ED અને CBIએ તેમની જામીન અરજીનો વિરોધ કર્યો હતો. સિસોદિયા વિરૂદ્ધ ED, CBI દ્વારા ૪૯૩ સાક્ષીઓ રજૂ

### હવે સમય આવી ગયો છે કે અદાલતો સમજે કે જામીન એક નિયમ છે અને જેલ એક અપવાદ : સુપ્રીમ કોર્ટ

કરવામાં આવ્યા હતા. સિસોદિયાના જામીન પરની દલીલો દરમિયાન ટોચની અદાલતે ઈડી અને સીબીઆઈ દ્વારા તપાસમાં વિલંબ પર પ્રશ્ન ઉઠાવ્યો હતો અને પૂછ્યું હતું કે શું તપાસ એજન્સીઓ આ કેસોમાં ''સુરંગનો અંત'' જુએ છે. તપાસ એજન્સીઓ માટે હાજર રહેલા કાયદા અધિકારીએ જણાવ્યું હતું કે CBI અને ED દ્વારા દાખલ કરવામાં આવેલા દરેક કેસમાં આઠ મહત્વપૂર્ણ સાક્ષીઓ હતા. ગયા વર્ષના ઑક્ટોબરમાં સુપ્રીમ કોર્ટે સિસોદિયાને જામીન આપવાનો ઈનકાર કરતી વખતે નોંધ્યું હતું કે ફરિયાદ પક્ષે ખાતરી આપી છે કે ટ્રાયલ છ કે આઠ મહિનામાં પૂર્ણ થશે અને ઉમેર્યું હતું કે જો ટ્રાયલમાં વધુ વિલંબ થાય તો તે કોર્ટનો સંપર્ક કરી શકે છે. કથિત આબકારી કૌભાંડમાં પ્રથમ એફઆઈઆર દાખલ કર્યા અને આઠ પ્રોસિક્યુશન ફરિયાદો દાખલ કર્યાના બે વર્ષ પછી પણ હાઈ પ્રોફાઈલ કેસમાં ટ્રાયલ શરૂ થઈ નથી.

## 'ચુકાદો સરમુખત્યારશાહી પર તમાચો' : સિસોદિયાના જામીન અંગે નિર્ણયને વધાવતાં આતિશી કેમેરા સામે જ ભાંગી પડ્યા

(એજન્સી) નવી દિલ્હી, તા. ૯

દિલ્હીના શિક્ષણ મંત્રી અને આપ નેતા આતિશીએ શુક્રવારે દારૂ નીતિ કેસમાં દિલ્હીના પૂર્વ નાયબ મુખ્ય પ્રધાન મનીષ સિસોદિયાને જામીન આપવાના સુપ્રીમ કોર્ટના નિર્ણય પર પ્રતિક્રિયા આપી ત્યારે તેઓ ભાવુક થયાં હતાં અને ભાંગી પડ્યા હતા. રાષ્ટ્રીય રાજધાનીની એક શાળામાં બોલતા આતિશીએ કહ્યું, ''આજે સત્યની જીત થઈ છે, દિલ્હીના વિદ્યાર્થીઓની જીત થઈ છે. તેમને જેલમાં એટલા માટે મોકલવામાં આવ્યા હતા કારણ કે તેમણે ગરીબ બાળકોને સારૂં શિક્ષણ આપ્યું હતું.'' સુપ્રીમ કોર્ટ દ્વારા મનીષ સિસોદિયાને જામીન આપવા પર પ્રતિક્રિયા આપતા આપ કહ્યું કે આ સત્યની જીત છે. આપ નેતા રાઘવ ચઢ્ઢાએ કહ્યું કે આજે આખો દેશ ખુશ છે. તેમણે કહ્યું કે સિસોદિયાને ૫૩૦ દિવસ જેલમાં રાખવામાં આવ્યા હતા અને તેમનો ગુનો એ હતો કે તેમણે બાળકોને સારૂં ભવિષ્ય આપ્યું છે. આપ સાંસદ સંજય સિંહે કહ્યું, ''આ સત્યની જીત છે, અને ચુકાદો સરમુખત્યારશાહી પર તમાચો છે.''

## 'શું નામથી ધર્મનો ખુલાસો નહીં થાય ?' : મુંબઇની ખાનગી કોલેજ દ્વારા હિજાબ પર લદાયેલા પ્રતિબંધ સામે સુપ્રીમની રોક

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

સુપ્રીમ કોર્ટે આગામી સુનાવણી સુધી મુંબઈની ખાનગી કોલેજોમાં હિજાબ, નકાબ, બુરખા, ચોરી અને કેપ પર પ્રતિબંધ મૂકતા પરિપત્ર પર રોક લગાવી દીધી છે. કોર્ટે નોટિસ જાહેર કરી અને તિલકનું ઉદાહરણ આપ્યું છે. કોર્ટે પૂછ્યું કે, શું કોઈને તિલક લગાવ્યા હોવાના આધાર પર કોલેજમાં પ્રવેશવાની પરવાનગી નકારી શકાય ? કોર્ટે આ અંગે કોલેજ પ્રશાસનને નોટિસ પાઠવીને જવાબ માંગ્યો છે. સુપ્રીમ કોર્ટે પૂછ્યું કે, શું નામથી ધર્મનો ખુલાસો ના થઈ શકે?

વાસ્તવમાં મુંબઈની એન.જી. આચાર્ય અને ડી.કે. મરાઠે કોલેજે હિજાબ, નકાબ, બુરખો, સ્ટોલ અને કેપ પહેરવા પર પ્રતિબંધ મૂક્યો છે. આની સામે નવ યુવતીઓએ અગાઉ બોમ્બે હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો, પરંતુ હાઈકોર્ટે આ અરજી ફગાવી દીધી હતી.

હવે આ મામલે સુપ્રીમ કોર્ટે કહ્યું કે, તેને પૂરી આશા છે કે, કોઈ આ આદેશોનો દુરૂપયોગ નહીં કરે. આ મામલાની આગામી સુનાવણી ૧૮ નવેમ્બરે થશે. કોર્ટે ખાનગી કોલેજોમાં હિજાબ, નકાબ, બુરખા, ચોરી અને કેપ પહેરવા અંગે કોલેજના નિર્ણય પર વચગાળાનો સ્ટે મૂક્યો છે. કોલેજ વતી હાજર રહેલા માધવી દીવાને જણાવ્યું હતું કે, કોલેજમાં આ સમુદાયની ૪૪૧ વિદ્યાર્થિનીઓ છે. જ્યારે કોઈ છોકરી નકાબ વગેરે પહેરે છે ત્યારે અવરોધ ઊભો થાય છે. ચેન્જિંગ રૂમ પણ છે. જેના પર કોર્ટે કહ્યું કે, તમે સાચા છો, તે જે પૃષ્ઠભૂમિમાંથી આવે છે તેના પરથી તેના પરિવારના સભ્યો કહી શકે છે કે, તેને પહેરો અને જાઓ અને તેણે તે પહેરવું પડશે, પરંતુ બધાએ સાથે મળીને અભ્યાસ કરવો જોઈએ.' જસ્ટિસ સંજયકુમારે કહ્યું કે, તમે મહિલાઓને શું પહેરવું તે કહીને કેવી રીતે સશક્તિકરણ કરી રહ્યા છો ? આ બાબતે જેટલું ઓછું બોલાય એટલું સારૂં. સ્ત્રીઓ પાસે ક્યાં વિકલ્પો છે ? તેણીએ તે પહેર્યું છે તે હકીકતથી તમે અચાનક જાગૃત છો. દુર્ભાગ્યપૂર્ણ છે કે, આઝાદીના આટલા વર્ષો પછી આ બધું કહેવામાં આવે છે અને તમે કહો છો કે, આ દેશમાં ધર્મ છે. કોલેજ વતી દલીલ રજૂ કરતાં માધવી દીવાને જણાવ્યું હતું કે, આ સમુદાયની અન્ય છોકરીઓને કોઈ સમસ્યા નથી. જેના પર સુપ્રીમ કોર્ટે પૂછ્યું કે, તમે આવા પરિપત્રો કેમ બહાર પાડી રહ્યા છો અને સર્ક્યુલર પર સવાલ ઊઠાવ્યા હતા અને કહ્યું હતું કે, તમે છોકરીઓ શું પહેરે છે તેના પર નિયંત્રણો લાદીને કેવી રીતે સશક્તિકરણ કરી રહ્યા છો. તે છોકરીઓ પર છોડી દેવું જોઈએ કે તેઓ શું પહેરવા માંગે છે. દુર્ભાગ્યપૂર્ણ છે કે, આઝાદીના આટલા વર્ષો પછી પણ આવા પ્રતિબંધની વાત થઈ રહી છે. ઉલ્લેખનીય છે કે, સુપ્રીમ કોર્ટેસર્ક્યુલરના એક ભાગ પર પ્રતિબંધ મૂક્યો હતો જે મુજબ વિદ્યાર્થિનીઓને હિજાબ અને કેપ પહેરવા પર પ્રતિબંધ હતો. કેટલીક વિદ્યાર્થિનીઓ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર કોર્ટે નોટિસ જાહેર કરી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, અમારા આ આદેશનો દુરૂપયોગ ન થવો જોઈએ.



# ગુજરાત રાજ્ય વકફ ટ્રિબ્યુનલના સભ્ય અનવર હુસેન શેખ સામે ત્રણ ગુના પેન્ડિંગ જો હોવાની હવે જાણ થઈ તો સરકાર શું પગલાં લે છે ? : હાઈકોર્ટનો ગુજરાત સરકારને પ્રશ્ન, જવાબ માંગ્યો

(એજન્સી) તા.૯

ગુજરાત રાજ્ય વકફ ટ્રિબ્યૂનલના સભ્ય અનવર હુસેન શેખની નિમણૂકને પડકારતી પી. આઈ. એલ ૧૪/૨૦૨૪માં ગુજરાત રાજ્યની અફીડેવિટ મુજબ અનવર હુસેન શેખની વકફ ટ્રિબ્યુનલમાં સભ્ય તરીકે નિમણૂક કરતાં પહેલાં સરકારને ખબર ન હતી કે તેમની સામે ૩ ગંભીર ગુના પેન્ડિંગ છે.

સરકાર વતી રજૂઆત કરવામાં આવી કે અનવર હુસેન શેખે નિમણૂક અંગેની અરજીમાં આ વાત છુપાવી હતી અને કોઈ જગ્યાએ જણાવેલ નથી કે તેમની સામે 'ગંભીર ગુના' પેન્ડિંગ છે. ગુજરાત હાઈકોર્ટે સરકારને પૂછ્યું કે હવે તો તમને જાણ થઈ અને તમે ખરાઈ કર્યા બાદ સેક્રેટરી લીગલ ડીપાર્ટમેન્ટ , ગુજરાત સરકાર આ અંગે વ્યક્તિગત પોતાનું સોગંદનામું રજૂ કરે છે કે ગુજરાત સરકારે અગત્યની જગ્યાએ તેમની નિમણૂક કરતાં પહેલા ખબર ન હતી કે આ વ્યક્તી ગુનેગાર છે તો હવે સરકારનું શું વલણ છે. શું વકફ ટ્રિબ્યુનલ માં નિમણૂક પહેલા ઉમેદવાર સામે કોઈ ગુન્હા પેન્ડિંગ છે કે નહીં તેની તપાસ કરવી ન જોઈએ ?

ના.કોર્ટે અનવર હુસેન શેખ સામે ઈ. પી. કો કલમ ૩૮૪, ૩૮૫, ૩૮૬, ૧૨૦-બી જેવા બળજબરીથી વસૂલાત કરવાના ગુન્હા પેન્ડીંગ હોવા અંગે નોંધ લીધી તેમજ ઉલ્લેખ કર્યો કે તેમની સામે કલમ ૭૦ મુજબનો વોરંટ પણ પોલીસ કાઢેલ છે જેનો અર્થ એ થાય કે આ વ્યક્તી ટ્રાયલમાં સહકાર આપતો નથી અને હજુ ૨૦૦૪ના ગુનહાણો કેસ પેન્ડીંગ છે !

ચીફ જસ્ટિસે કહ્યું કે 'અમને આ નિમણૂક અંગે શંકા છે અને હવે જ્યારે સરકારને અનવર હુસેન શેખના ગુનાહિત ઈતીહાસની જાણ થઈ છે તો સરકાર શું પગલાં લેવા માંગે છે?' ગુજરાત સરકારને આ અંગે સોગંદનામું કરવાની સૂચના આપી હવે પછીની મુદત તા. ૩૦મી ઓગસ્ટના રોજ રાખેલ છે.



ગુનાહિત ઈતિહાસ ધરાવતા વ્યક્તિને ન્યાયાધીશ તરીકે બેસાડવાથી જનતાના હિતોનું રક્ષણ નહીં થઈ શકે તેવી હતી રજૂઆત કોર્ટે આ મુદ્દાને જાહેર હિતનો મુદ્દો ગણતા લીધું સ્વયમ સંજ્ઞાન રાજ્યભરમાં હજારો પ્રોપર્ટી વકફના નામે આવી મિલકતોના સંચાલન અને તેના વિક્વાદ માટે ન્યાય કરવા વાળા વ્યક્તિનું ગુનાહિત ઈતિહાસ ન હોવો જોઈએ તેવો મુદ્દો કોર્ટ સમક્ષ મુકાયો વોક ઓફ ટ્રિબ્યુનલમાં ત્રણ સભ્યોની હોય છે બેન્ચ ન્યાયાધીશ તરીકે બેસનાર વ્યક્તિ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે કે કેમ તે અંગે કોર્ટ આગામી મુદતમાં કરશે સુનાવણી

આ અગાઉ અનવર હુસેનના વકીલે અરજદારો મૂતતવલ્લી ન હોવાની દલીલ બાદ ના કોર્ટે કહ્યું કે આ જાહેર હિત ની અરજી ને અમે સુઓ -મોટું એટલે કે કોર્ટ મારફતે દાખલ થયેલ ગણીને સાંભળીશુ .

હાઈકોર્ટે કહ્યું હતું કે આ એફિડેવીટમાં પ્રક્રિયા તો બતાવી છે પરંતુ ફોજદારી કેસો બાબતે કોઇ જાણકારી આપવામાં નથી આવી. ત્યારબાદ કોર્ટના ધ્યાન ઉપર એ બાબત પણ આવી હતી કે પ્રસ્તુત સભ્ય સામે પકડ વોરંટ પણ કાઢવામાં આવ્યું હતું. કોર્ટે નોંધ્યું હતું કે, પકડ વોરંટ ત્યારે જ કાઢવામાં આવે છે જ્યારે કોઇ વ્યક્તિ કેસમાં સહકાર ના આપતી હોય. આથી એફિડેવીટમાં પડતર ફોજદારી કેસો બાબતને કોરાણે મુકવાનો પ્રયાસ કરવામા આવ્યો છે.

આથી કોર્ટે વધુમાં નોંધ્યું હતું કે, અરજદારે અરજી કરતી વખતે અરજીમાં ફોજદારી કેસો બાબતે માહિતી આપી નહોતી અને પછીથી આ બાબત બહાર આવી છે. આથી તેમની પસંદગીની પ્રકિયા ઉપર અમને ગંભીર શંકા છે અને તેથી કાયદા સચિવે અંગત રીતે બે પ્રશ્નોના જવાબ આપતું સોગંધનામુ કરવાનું રહેશે કે શેખ સામે ફોજદારી કેસો પડતર હોવાનું ધ્યાનમાં આવ્યા બાદ શું નિર્ણય લેવામાં આવ્યો છે ? કોર્ટે વધુમાં બીજો જવાબ માગ્યો છે કે, જે વ્યક્તિ દ્વાર વક્ફ ટ્રીબ્યુનલમાં હોદ્દો લેતી વખતે પોતાના ક્રીડેન્શીયલ્સ વિશે માહિતી ના આપવામાં આવી હોય તો તે હોદ્દા ઉપર કેવી રીતે ચાલુ રહી શકે ?

બીજુ બાજુ શેખના વકીલ દ્વારા અરજદારો દ્વારા જાહેર હિતની અરજી કરવાના અધિકાર બાબતે ભારે વિરોધ કરવામાં આવ્યો હતો અને જણાવ્યું હતું કે, અરજદારો અધિકૃત મુતવલી નથી અને તેઓએ કોર્ટ સમક્ષ ખોટી માહિતી આપી રહ્યા છે. તેઓ વક્ફના મુતાવલી નહીં હોવાથી તેઓને આવી જાહેર હિતની અરજી કરવાનો હક્ક નથી. ત્રણ કેસો બાબતે તેઓએ રજૂઆત કરી હતી કે, શેખ આ કેસમા આરોપી નથી પરંતુ વકટીમ છે. જો કે કોર્ટે કહ્યું હતું કે, અમે મુતાવલી બાબતે અમે તપાસ કરી લીધી છે આથી તેમના અધિકાર બાબતે હવે સાંભળવાની જરૂર નથી. જો કે શેખના વકીલે આ દલીલો ચાલુ રાખતા કોર્ટે અભિપ્રાય વ્યક્ત કર્યો હતો કે હવે આ બાબતે ગુનાહિત કેસો ધરાવતા અને તે બાબત નિમણૂક વખતે જાણકારી નહી આપવામાં આવી હોવાથી શું આવી વ્યક્તિ હોદ્દા ઉપર ચાલુ રહી શકે તે બાબતે કાર્યવાહી કરાશે આથી આ મામલો હવે જાહેર હિતનો થઇ ગયો હોવાથી હવે અમે અરજદારોની બાબતે બાજુમાં રાખીને સુઓમોટો અરજી તરીકે સાંભળીશું. એમ કહીને કોર્ટે આ જાહેર હિતની અરજીને સુઓમોટો અરજીમાં કન્વર્ટ કરવા માટે રજીસ્ટ્રારને આદેશ કર્યો હતો.

# રાજ્યસભાના અધ્યક્ષ પાસે માફીની માંગ કરતાં જયા બચ્ચન

## ગૃહમાં ચેરમેન સાથે ગરમા ગરમી થયા બાદ વિપક્ષનો પણ વોકઆઉટ

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

રાજ્યસભામાં વિપક્ષના નેતા ખડગે સામે ભાજપના સાંસદ ઘનશ્યામ તિવારીના કડવા વિધાનોની સામે ગૃહમાં ભારે વિરોધ ઊભો થયો હતો અને સમાજવાદી પાર્ટીના સાંસદ જયા બચ્ચન અને રાજ્યસભાના ચેરમેન જગદીપ ધનખડ સાથે ગરમા ગરમી થઈ પડી હતી. એક તબક્કે વિરોધ પક્ષોના સભ્યો વોકઆઉટ કરી ગયા હતા. જયા બચ્ચન અને રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખરે વચ્ચે ફરી એક વાર વિવાદ થયો, અભિનેત્રીમાંથી રાજકારણી બનેલા ઉપરાષ્ટ્રપતિએ તેમની સાથે 'અસ્વીકાર્ય' સ્વરમાં વાત કરવાનો અને તેમનું અપમાન કરવાનો આરોપ મૂક્યો. આ ઘર્ષણ પછી, વિપક્ષી સભ્યોએ વિરોધ કર્યો, જે બાદ કોંગ્રેસના દિગ્ગજ નેતા સોનિયા ગાંધીના નેતૃત્વમાં વિપક્ષી સભ્યોએ રાજ્યસભામાંથી વોકઆઉટ કર્યું, જ્યારે સમાજવાદી પાર્ટીના સાંસદ જયા બચ્ચને જગદીપ ધનખરને જણાવ્યું કે, એક અભિનેતા તરીકે તે બોડી લેંગ્વેજ અને અભિવ્યક્તિઓ સમજે છે અને આ અઠવાડિયે જગદીપ ધનખરે જયા બચ્ચનને 'જયા અમિતાભ બચ્ચન' તરીકે ઓળખાવ્યા તે અસ્વીકાર્ય હતું. જયા બચ્ચને આ પ્રથા પર સખત અસંમતિ વ્યક્ત કરી છે. જયા બચ્ચને જણાવ્યું કે, 'હું એક કલાકાર છું. હું બોડી લેંગ્વેજ અને એક્સપ્રેશનને સમજું છું. પરંતુ તમારો ટોન બરાબર નથી. અમે તમારા સહકર્મીઓ છીએ, પરંતુ તમારો ટોન અસ્વીકાર્ય છે.'

જગદીપ ધનખરે જયા બચ્ચન પર વળતો પ્રહાર કરતાં કહ્યું, 'જયા જી, તમે ઘણું નામ કમાવ્યું છે. તમે જાણો છો કે એક અભિનેતા ડિરેક્ટર હેઠળ છે. પરંતુ હું મારી જાતને દરરોજ પુનરાવર્તન કરવા માંગતો નથી. હું કરવા માંગતો નથી. તમે શિષ્ટાચાર વિશે વાત કરી શકો છો, પરંતુ કૃપા કરીને શિષ્ટાચાર સ્વીકારો.

જયા બચ્ચને રાજ્યસભામાંથી બહાર નીકળતી વખતે રાજ્યસભાના અધ્યક્ષ પર નિશાન સાધ્યું હતું. તેમણે જણાવ્યું કે '...મેં સ્પીકર દ્વારા વપરાતા સ્વર સામે વાંધો ઉઠાવ્યો. અમે શાળાના બાળકો નથી. અમારામાંથી કેટલાક વડીલો છે. હું તેમના સ્વરથી પરેશાન થઈ ગઈ હતી અને ખાસ કરીને જ્યારે વિપક્ષના નેતા બોલવા માટે ઉભા થયા ત્યારે તેમણે માઈક બંધ કરી દીધું. તમે આ કેવી રીતે કરી શકો, મારો મતલબ છે કે જ્યારે પણ હું અસંસદીય શબ્દોનો ઉપયોગ કરૂં છું, ત્યારે તમે મુશ્કેલી સર્જનાર છો.જયા બચ્ચન સાથે સોનિયા ગાંધી અને અન્ય વરિષ્ઠ વિપક્ષી નેતાઓ પણ હતા. જયા બચ્ચને જણાવ્યું કે, 'તમે સેલિબ્રિટી બની શકો છો, મને કોઈ પરવા નથી. હું તેમને કાળજી લેવા માટે નથી કહી રહ્યો. હું કહી રહ્યો છું કે હું સંસદની સભ્ય છું. આ મારો પાંચમો કાર્યકાળ છે. મને ખબર છે કે હું શું કહી રહી છું. જે રીતે આજકાલ સંસદમાં વાત કરવામાં આવી રહી છે, તેના પર મને માફ કરશો.

શિવસેના (UBT)ના સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ કહ્યું, 'તેઓ (સમાજવાદી પાર્ટીના સાંસદ જયા બચ્ચન) ઉપરાષ્ટ્રપતિ કરતાં પણ વધુ અનુભવ ધરાવે છે. તેઓ સંસદ સભ્યનું અપમાન કરી શકતા નથી.'

ટીએમસી સાંસદ ડોલા સેને જણાવ્યું કે, 'તે (એસપી સાંસદ જયા બચ્ચન) અહીં કોઈ સેલિબ્રિટી તરીકે નથી આવ્યા. તેઓ અહીં ચૂંટાયેલા સાંસદ તરીકે આવ્યા છે.'

# પશ્ચિમ બંગાળના ૫૦થી વધુ વિદ્વાનોએ બાંગ્લાદેશ માટે શાંતિ અપીલ પર હસ્તાક્ષર કર્યા

## બાંગ્લાદેશના રાષ્ટ્રપતિ મોહમ્મદ શહાબુદ્દીન અને નોબેલ પુરસ્કાર વિજેતા મુહમ્મદ યુનુસને પત્ર મોકલવામાં આવ્યો છે

(એજન્સી) તા.૯

પશ્ચિમ બંગાળના ૫૦થી વધુ પ્રતિષ્ઠિત બંગાળી બૌદ્ધિકોએ વચગાળાની સરકારમાં મહત્ત્વની ભૂમિકા ભજવવા જઈ રહેલા બાંગ્લાદેશના રાષ્ટ્રપતિ મોહમ્મદ શહાબુદ્દીન અને નોબેલ પુરસ્કાર વિજેતા મુહમ્મદ યુનુસને પત્ર લખી લઘુમતી જૂથો સહિત તમામ બાંગ્લાદેશી નાગરિકો પરના હુમલાઓને રોકવા માટે તાત્કાલિક પગલાં લેવા અને વહેલી તકે સામાન્ય સ્થિતિને પુનઃ સ્થાપિત કરવા અપીલ કરી છે.

આ અપીલ બાંગ્લાદેશના વહીવટીતંત્ર અને સામાન્ય લોકો બંનેને સંબોધવામાં આવી છે.

અપીલ પર હસ્તાક્ષર કરનારાઓમાં રવીન્દ્ર ભારતી યુનિવર્સિટીના પૂર્વ વાઇસ ચાન્સેલર પબિત્ર સરકાર, જેઓ બાંગ્લાદેશ સાથે ઘણા વર્ષોથી જોડાયેલા છે, સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ અશોક ગાંગુલી, ફિલ્મ હસ્તીઓ અપર્ણા સેન અને કૌશિક સેન, પત્રકાર અને લેખક અનિર્બાન ચટ્ટોપાધ્યાય, કોલકાતાના પૂર્વ શેરિફ દુલાલ બોઝ, કાર્ડિયાક સર્જન કુણાલ સરકાર, રવીન્દ્ર ભારતી યુનિવર્સિટીના પૂર્વ વાઇસ ચાન્સેલર સબ્યસાચી બાસુ રોયચૌધરી અને જાદવપુર યુનિવર્સિટીના પૂર્વ વાઈસ ચાન્સેલર સિદ્ધાર્થ દત્તે પણ હસ્તાક્ષર કર્યા હતા.

બંગાળીમાં લખાયેલ પત્ર મુજબ 'અમે મીડિયા સ્ત્રોતો પાસેથી શીખી રહ્યા છીએ કે, બાંગ્લાદેશમાં વિવિધ સ્થળોએ ધાર્મિક લઘુમતીઓ પર હુમલા કરવામાં આવી રહ્યા છે. આને રોકવાની જરૂર છે. જો કે, અમે માહિતી સાથે ખાતરી પણ અનુભવીએ છીએ કે, ધાર્મિક બહુમતી પણ કેટલાક મુદ્દાઓ પર લઘુમતીઓનું રક્ષણ કરી રહી છે; પરંતુ દિવસના અંતે વહીવટીતંત્રે સર્વગ્રાહી સુરક્ષા પ્રદાન કરવાની જવાબદારી લેવી પડશે.'

પત્રમાં ઉમેરવામાં આવ્યું કે, 'બાંગ્લાદેશના લોકો દેશમાં શાસન કરવા માટેના પ્રકારનું રાજકીય અને વહીવટી નેતૃત્વ નક્કી કરશે, પરંતુ અમે વર્તમાન વહીવટીતંત્ર અને બાંગ્લાદેશના સામાન્ય લોકોને, ખાસ કરીને એવા વિદ્યાર્થીઓ કે જેમણે ધર્મ, રાજકીય લાગણી અને વ્યવસાયને ધ્યાનમાં લીધા વિના દરેક બાંગ્લાદેશી નાગરિકની સલામતી અને સુરક્ષા સુનિશ્ચિત કરવા ક્વોટા વિરોધી અને ભેદભાવ વિરોધી ચળવળ દ્વારા આ પરિવર્તન લાવ્યા છે.'

પત્ર નિર્દેશ કરે છે કે, 'પ્રતિષ્ઠિત વ્યક્તિઓ, જેમાંથી ઘણા બાંગ્લાદેશ સાથે ઊંડા જોડાણ ધરાવે છે અને બાંગ્લાદેશમાં પરિવારો અને મિત્રો ધરાવે છે, તેઓ બાંગ્લાદેશમાં હાલની સ્થિતિથી ઘણા ચિંતિત છે, બાંગ્લાદેશ માત્ર સ્થાનની દ્દષ્ટિએ પશ્ચિમ બંગાળના લોકો માટે પડોશી દેશ નથી, પરંતુ હૃદયથી પાડોશી પણ છે, કારણ કે, આપણે ભાષા, સંસ્કૃતિ અને ઈતિહાસ સાથે સહભાગિતા ધરાવીએ છીએ.' નાબા દત્તાએ જણાવ્યું કે, 'એવું સામૂહિક રીતે લાગ્યું છે કે, ક્વોટા વિરોધી અને ભેદભાવ વિરોધી ચળવળ દરમિયાન અને તેમજ શેખ હસીનાએ વડાંપ્રધાન તરીકે રાજીનામુ આપ્યું અને દેશ છોડ્યા પછી આપણે વિદ્યાર્થીઓ સહિત બાંગ્લાદેશના અસરગ્રસ્ત લોકો સાથે અમારી એકતા વ્યક્ત કરવી જોઈએ.'

તેમણે કહ્યું, 'અમે પહેલાથી જ બાંગ્લાદેશના રાષ્ટ્રપતિ અને મુહમ્મદ યુનુસના કાર્યાલયો તેમજ કોલકાતામાં બાંગ્લાદેશના ડેપ્યુટી હાઈ કમિશનના કાર્યાલયને પત્ર મોકલ્યો છે. તે એક મહત્ત્વપૂર્ણ પહેલ છે અને અમે અપેક્ષા રાખીએ છીએ કે, બાંગ્લાદેશી સત્તાવાળાઓ નોંધ લેશે અને કાર્યવાહી કરશે.'

### લ્યો, આ તો પોતાની રાજ્ય સરકારે નિમેલા વકફ બોર્ડના સભ્યોને અપશબ્દો કહી દીધા !

# 'વકફ બોર્ડ પર માફિયાઓનો કબજો' : સુધારા બિલ પર વિપક્ષના આક્રોશની સામે કેન્દ્રનો જવાબ

(એજન્સી) નવી દિલ્હી, તા.૮

કેન્દ્રીય લઘુમતી બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ ગુરૂવારે વકફ બોર્ડનું સંચાલન કરતા કાયદામાં સુધારો કરવા માટેનું બિલ રજૂ કર્યું હતું જેમાં વિરોધ પક્ષના સાંસદોએ વિરોધ દર્શાવ્યો હતો તેને 'કઠોર' ગણાવ્યો હતો અને 'દેશને ધાર્મિક લાઇન પર વિભાજિત કરવાનો' પ્રયાસ ગણાવ્યો હતો. વકફ પ્રોપર્ટીના નિયમનમાં મોટી ભૂમિકા ધરાવતી સરકારે વિપક્ષના આક્ષેપોને નકારી કાઢ્યા અને કહ્યું હતું કે, વકફ બોર્ડ પર માફિયાઓ દ્વારા કબજો કરાયો છે અને તે કોઈપણ ધાર્મિક સંસ્થાની સ્વતંત્રતામાં દખલ કરતું નથી. આ બિલ વકફ એક્ટ ૧૯૯૫નું નામ બદલીને યુનિફાઈડ વકફ મેનેજમેન્ટ, એમ્પાવરમેન્ટ, એફિશિયન્સી એન્ડ ડેવલપમેન્ટ એક્ટ તરીકે પ્રસ્તાવિત કરાયું છે અને કેન્દ્રીય પોર્ટલ દ્વારા વકફ પ્રોપર્ટીની નોંધણીની રીતને સુવ્યવસ્થિત કરવાનો હેતુ ધરાવે છે. વિપક્ષ અનુસાર આ બિલ મુસ્લિમો વિરુદ્ધ છે. વિપક્ષનું કહેવું છે કે, બિલ અલ્પસંખ્યકો વિરુદ્ધ છે. કોંગ્રેસના કે.સી. વેણુગોપાલે આરોપ મૂકતાં કહ્યું કે, આ બંધારણના મૂળભૂત પર હુમલો છે. તેમણે કહ્યું કે, 'દરેક મસ્જિદમાં વિવાદ છે જ્યાં કોઈ ખતરો નથી. તમારો મૂળભૂત વિચાર સમુદાયો વચ્ચે સંઘર્ષ અને ગુસ્સો પેદા કરવાનો અને દરેક જગ્યાએ હિંસા કરવાનો છ.' વેણુગોપાલે વકફ બિલને મહારાષ્ટ્ર અને હરિયાણાની આગામી વિધાનસભા ચૂંટણી સાથે જોડ્યું હતું. કોંગ્રેસ નેતાએ કહ્યું કે, 'આ બિલ બંધારણ પર મૂળભૂત હુમલો છે. આ બિલ દ્વારા તેઓ એવી જોગવાઈ કરી રહ્યા છે કે, બિન-મુસ્લિમો પણ વકફ ગવર્નિંગ કાઉન્સિલના સભ્યો હશે.' તેમણે વધુમાં કહ્યું, બિલ 'ધર્મની સ્વતંત્રતા પર સીધો હુમલો' છે. તેમણે કહ્યું, 'આગળ તમે ખ્રિસ્તીઓ અંગે કરશો પછી જૈનોમાં કરશો. ભારતના લોકો હવે આ પ્રકારની વિભાજનકારી રાજનીતિ અપનાવશે નહીં' તેમણે કહ્યું કે, 'અમે હિંદુ છીએ પરંતુ તે જ સમયે અમે અન્ય ધર્મોની આસ્થાનું સન્માન કરીએ છીએ. આ બિલ મહારાષ્ટ્ર અને હરિયાણાની ચૂંટણીઓ માટે વિશિષ્ટ છે. તમે સમજી શકતા નથી કે છેલ્લી વખત ભારતના લોકોએ તમને સ્પષ્ટપણે પાઠ ભણાવ્યો હતો. આ એક છે. ફેડરલ સિસ્ટમ પર હુમલો છે.' ડીએમકે સાંસદ કનિમોઝીએ કહ્યું કે, આ બિલ કલમ ૩૦નું ઉલ્લંઘન કરે છે, જે લઘુમતીઓ સાથે તેમની સંસ્થાઓનું સંચાલન કરવા માટે સંબંધિત છે. 'આ બિલ ચોક્કસ ધાર્મિક જૂથને નિશાન બનાવે છે.' ઉલ્લેખનીય છે કે, જો સૂચિત ખરડો લાગુ કરવામાં આવે તો મિલકત વકફ મિલકત છે કે, સરકારી જમીન છે તે અંગે જિલ્લા કલેક્ટર લવાદી બનાવશે. રિજિજુએ કહ્યું કે, બિલ કોઈપણ ધાર્મિક સંગઠનની સ્વતંત્રતામાં દખલગીરીની હિમાયત કરતું નથી. 'કોઈના અધિકારો છીનવાનું ભૂલી જાઓ, આ બિલ એવા લોકોને આપવા માટે લાવવામાં આવ્યું છે જેમને ક્યારેય અધિકારો મળ્યા નથી.'

### શેખ હસીનાના પુત્રનો મોટો દાવો

# બાંગ્લાદેશમાં હંગામા પાછળ પાકિસ્તાનની ISIનો હાથ છે

(એજન્સી) ઢાંકા, તા.૯

બાંગ્લાદેશમાં તખ્તાપલટ બાદ વડાપ્રધાન પદેથી રાજીનામું આપીને ભારત પહોંચેલા શેખ હસીનાના પુત્રએ પાકિસ્તાન સામે મોટો દાવો કર્યો છે. તેણે બાંગ્લાદેશમાં અરાજકતાની સ્થિતિ માટે પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા આઈએસઆઈને જવાબદાર ઠેરવી છે.શેખ હસીનાના પુત્ર સજીબ વાઝેદ જોયે બાંગ્લાદેશમાં અશાંતિ ફેલાવવા માટે ISIને જવાબદાર ઠેરવ્યું છે અને કહ્યું છે કે તેમાં પાકિસ્તાનનો હાથ છે.શેખ હસીના બાંગ્લાદેશ પરત ફરવાની સંભાવના વિશે વાત કરતાં તેમણે કહ્યું કે બાંગ્લાદેશમાં લોકશાહી પુનઃસ્થાપિત થતાં જ તેમની માતા તેમના દેશમાં પરત ફરશે. તે ચોક્કસપણે પુનરાગમન કરશે પરંતુ હજુ સુધી તે નક્કી કરવામાં આવ્યું નથી કે તે નિવૃત્ત નેતા તરીકે પરત ફરશે કે સક્રિય નેતા તરીકે. તેમણે કહ્યું કે શેખ મુજીબુર રહેમાનના પરિવારના સભ્યો તેમના લોકો અને તેમની પાર્ટી અવામી લીગને છોડશે નહીં. અવામી લીગ બાંગ્લાદેશની સૌથી મોટી અને જૂની પાર્ટી છે, તેથી આવી સ્થિતિમાં અમે અમારા લોકો તરફ પીઠ ફેરવી શકીએ નહીં. બાંગ્લાદેશમાં લોકશાહીની પુનઃસ્થાપના બાદ તે ચોક્કસપણે પોતાના દેશમાં પરત ફરશે.PM મોદી વિશે શું કહ્યું?તેમણે તેમની માતા શેખ હસીનાની સુરક્ષા માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને તેમની સરકારનો પણ આભાર માન્યો અને બાંગ્લાદેશમાં લોકશાહીની પુનઃસ્થાપના માટે દબાણ લાવવા વિનંતી કરી.જોયે કહ્યું કે હું મારી માતાની સુરક્ષા માટે ભારત સરકારનો હૃદયપૂર્વક આભાર માનું છું. હું પીએમ મોદીનો આભારી છું. જો ભારત તેના પૂર્વીય ક્ષેત્રમાં સ્થિરતા ઈચ્છે છે તો તેણે આંતરરાષ્ટ્રીય સમુદાય પર દબાણ લાવવું પડશે.બાંગ્લાદેશમાં 'ઈન્ડિયા આઉટ' અભિયાન વિશે વાત કરતા જોયે કહ્યું કે ભારત વિરોધી શક્તિઓ ખૂબ જ સક્રિય છે અને અવામી લીગને સત્તા પરથી હટાવીને આઈએસઆઈ હવે બાંગ્લાદેશને ઈચ્છે તેટલા હથિયારો સપ્લાય કરી શકે છે.તેણે કહ્યું કે હા, એ વાત સાચી છે કે તે (શેખ હસીના) બાંગ્લાદેશ પરત નહીં ફરે. પરંતુ છેલ્લા બે દિવસમાં ઘણું બદલાઈ ગયું છે. હવે અમે અમારા લોકોની સુરક્ષા માટે જે પણ જરૂરી હશે તે કરીશું. અમે તેમને એકલા નહીં છોડીએ.અવામી લીગને ભારતના બારમાસી સાથી ગણાવતા જોયે કહ્યું કે ભારતે આંતરરાષ્ટ્રીય દબાણ બનાવીને બાંગ્લાદેશમાં અવામી લીગના નેતાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવી જોઈએ. આ સાથે તેમણે મુહમ્મદ યુનુસના નેતૃત્વમાં રચાયેલી નવી વચગાળાની સરકારને દેશમાં કાયદો અને વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવા વિનંતી કરી છે.

### ટ્રમ્પ પોતાના ભાષણોમાં ઘણા ગોટાળા કરે છે

# કમલા હેરિસના ઝંઝાવતી પ્રચારથી ટ્રમ્પ ગભરાયા

## વિવિધ પોલમાં ડોનાલ્ડ ટ્રમ્પ કરતાં કમલા હેરિસ આગળ, ટ્રમ્પ સ્પીચમાં એકની એક વાત વારંવાર રિપીટ કરે છે

(એજન્સી) વોશિંગ્ટન, તા.૯

અમેરિકાની પ્રેસિડન્ટની ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પ અચાનક પ્રેશરમાં આવી ગયા છે. કમલા હેરિસ જે રીતે ધમાકેદાર રેલીઓ કરી રહ્યા છે અને જુદા જુદા મુદ્દા ઉઠાવી રહ્યા છે તેની સામે ડોનાલ્ડ ટ્રમ્પ ઝાંખા પડી ગયા હોય તેમ લાગે છે. તેમનો આત્મવિશ્વાસ ડગી ગયો છે. તેમની રેલીઓમાં પહેલા કરતા ઓછા લોકો આવે છે અને ટ્રમ્પ ભાષણ કરે ત્યારે કોઈને રસ પડતો નથી. ટ્રમ્પ પોતાની સ્પીચમાં એકની એક વાત વારંવાર રિપિટ કર્યા કરે છે. કમલા હેરિસ આ વખતે ચૂંટણીમાં છવાઈ ગયા છે તેવું ચિત્ર ઉપસે છે.

ડોનાલ્ડ ટ્રમ્પ જાહેરમાં હજારો લોકોની વચ્ચે જુઠ બોલવા માટે કુખ્યાત છે, પરંતુ અમેરિકન મીડિયા કોઈની સાડાબારી રાખતું નથી ભલે પછી તે ભૂતપૂર્વ પ્રેસિડન્ટ જ કેમ ન હોય. વોશિંગ્ટન પોસ્ટ ડોનાલ્ડ ટ્રમ્પના જુઠાણાઓનો પર્દાફાશ કરે છે. ઉદાહરણ તરીકે ડોનાલ્ડ ટ્રમ્પે હમણાં કમલા હેરિસની ટીકા કરતા કહ્યું કે કમલા હેરિસ જો પ્રેસિડન્ટ તરીકે ચૂંટાઈ આવશે તો ઈઝરાયલને શસ્ત્રો વેચવા પર પ્રતિબંધ મૂકી દેશે. વાસ્તવમાં કમલાએ આવું ક્યારેય કહ્યું નથી. અમેરિકન મીડિયા રિપોર્ટ પ્રમાણે ટ્રમ્પ હવે ખરેખર ગભરાઈ ગયા છે. કમલા હેરિસ પ્રેસિડન્ટના ઉમેદવાર બનીને આવી જોરદાર પ્રચાર કરશે તેની તેમણે કલ્પના નહોતી કરી. ટ્રમ્પને એવું હતું કે બધાની નજર મારા પર જ હશે અને મારી જ વાત સાંભળવામાં આવશે. પરંતુ કમલા હેરિસને મળતા કવરેજના કારણે ટ્રમ્પ અંદરથી હચમચી ગયા છે. ટ્રમ્પે ઓચિંતી એક પ્રેસ કોન્ફરન્સ પણ બોલાવી હતી કારણ કે તેમને લાગે છે કે તેમની ટીમ બરાબર કામ નથી કરતી તેથી હું મીડિયા સાથે ડાયરેક્ટ વાત કરીશ તો સારૂં રહેશે. ટ્રમ્પને પોતાની પ્રચાર ટીમ પર પણ ભરોસો નથી તેવી સ્થિતિ છે. ટ્રમ્પ માટે એવું કહેવાય છે કે હાલમાં તેમને સમજાતું નથી કે કમલા હેરિસને કઈ રીતે કાઉન્ટર કરવા. કમલા હેરિસ ટ્રમ્પની સ્ટ્રેટેજી બરાબર સમજી ગયા છે પરંતુ ટ્રમ્પ પોતે ગપ્પા મારવા માટે અને જૂઠ બોલવા માટે જાણીતા છે તેથી તેમના જુઠ પકડાઈ જાયચ છે. સ્થિતિ એવી છે કે ટ્રમ્પ અચાનક ઈનસિક્યોરિટી અનુભવવા લાગ્યા છે. જો બાઈડન જ્યારે રિપબ્લિકન પાર્ટીના ઉમેદવાર હતા ત્યારે ટ્રમ્પ જુસ્સામાં હતા, પરંતુ હવે કમલા હેરિસની ટીમ જુસ્સામાં છે અને ટ્રમ્પને પરાજયનો ભય સતાવે છે. અમેરિકન અખબારો પોતાના લીડરના જુઠ સામે આકરા સવાલો કરવા માટે જાણીતા છે. વોશિંગ્ટન પોસ્ટે ૨૦૨૧માં અહેવાલ આપ્યો હતો કે ડોનાલ્ડ ટ્રમ્પ ચાર વર્ષના શાસન દરમિયાન ૩૦,૫૭૩ વખત જુઠ બોલ્યા હતા. ટ્રમ્પના ભૂતપૂર્વ પ્રેસ સેક્રેટરી સ્ટેફની ગ્રિશેમે આખી વાતનો ભાંડો ફોડ્યો છે અને બહારથી બહુ સખત દેખાતા અને કોન્ફીડન્સથી છલકાતા ટ્રમ્પ અંદરથી પરાજયની કેવી બીકમાં જીવે છે તેની માહિતી આપી છે. હાલમાં અમેરિકામાં થયેલા વિવિધ પોલમાં ડોનાલ્ડ ટ્રમ્પ કરતા કમલા હેરિસ આગળ નીકળી ગયા છે અને લગભગ આઠ પોઈન્ટની લીડ ધરાવે છે.

ટ્રમ્પે ગઈકાલે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રૂથ સોશિયલ પર જાહેરાત કરી હતી કે તેઓ બે વાગ્યે જનરલ ન્યૂઝ કોન્ફરન્સ બોલાવવાના છે. ન્યુઝવિક અને વોશિંગ્ટન પોસ્ટ જેવા માતબર અખબારો કહે છે કે કમલા હેરિસ ચૂંટણીના મેદાનમાં ઉતર્યા તેના કારણે ડેમોક્રેટિક વોટર્સનો જુસ્સો વધી ગયો છે. તેઓ જંગી પ્રમાણમાં ફંડ એકઠું કરી રહ્યા છે અને જે સ્ટેટમાં કાંટાની ટક્કર થાય તેમ છે ત્યાં પણ તેમનો પ્રભાવ વધી રહ્યો છે.

ડોનાલ્ડ ટ્રમ્પ અંદરથી કેટલા હચમચી ગયા છે તેની વિગત તેમની ભૂતપૂર્વ પ્રેસ સેક્રેટરી સ્ટેફની ગ્રિશેમે આપી છે. જુલાઈ ૨૦૧૯થી એપ્રિલ ૨૦૨૦ સુધી તેઓ વ્હાઈટ હાઉસમાં ટ્રમ્પની સાથે કામ કરતા હતા, પરંતુ પછી તેઓ તેના ટીકાકાર બની ગયા હતા. તેણે જ સોશિયલ મીડિયા પર જાહેરાત કરી દીધી છે કે ટ્રમ્પ ગભરાઈ ગયા છે. તેમને તેમની ટીમ પર ભરોસો નથી અને તેઓ માને છે કે પોતાના સિવાય બીજું કોઈ તેમને ડિફેન્ડ નહીં કરી શકે. કમલા હેરિસને મીડિયામાં જે કવરેજ મળે છે તેને ટ્રમ્પ ધિક્કારે છે.

# રખડતા કૂતરાનો આતંક હૈદરાબાદમાં ચાર વર્ષના છોકરાનું ઈજાઓથી મોત

(એજન્સી) હૈદરાબાદ, તા.૯

બીજી એક ઘટનામાં ઈબ્રાહિમપટ્ટનમ મંડલના રાયપોલ ગામમાં રખડતા કૂતરાના હુમલામાં ચાર વર્ષના છોકરાનું મૃત્યુ થયું હતું. પોલીસે જણાવ્યું હતું કે, ૨૦ દિવસ પહેલાં કૂતરાના કરડવાથી ગંભીર રીતે ઘાયલ થયેલા છોકરાની નિલોફર હોસ્પિટલમાં સારવાર ચાલી રહી હતી. દરમિયાન રાયપોલના ગ્રામજનો ચિંતિત છે કારણ કે, તાજેતરના ભૂતકાળમાં કૂતરાઓના હુમલા ગંભીર ચિંતા બની ગયા છે. તાજેતરમાં જ કરીમનગર જિલ્લામાં રખડતા કૂતરાએ ૧૮ મહિનાના બાળક પર હુમલો કર્યો હતો. સદ્‌ભાગ્યે સતર્ક માતાએ ઝડપથી કૂતરાને ભગાડી દીધો અને છોકરાને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યો. હુમલાના સીસીટીવી ફૂટેજ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વાયરલ થયા છે.

# UPSC સિવિલ સેવા મુખ્ય પરીક્ષા ૨૦૨૪નું શિડ્યુલ upsc.gov.in પર જારી

(એજન્સી) તા.૯

સંઘ લોક સેવા પંચે યુપીએસસી સિવિલ સેવા મુખ્ય પરીક્ષા ૨૦૨૪નું શિડયુલ જારી કરી દીધુ છે. જે ઉમેદવાર સિવિલ સેવા મુખ્ય પરીક્ષા ૨૦૨૪માં સામેલ થશે, તે યુપીએસસીની સત્તાવાર વેબસાઈટ upsc.gov.in, પર જઈને શિડયુલ જોઈ શકે છે. યુપીએસસી મુખ્ય પરીક્ષા ૨૦, ૨૧, ૨૨, ૨૮ અને ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૪એ આયોજીત કરવામાં આવશે. પરીક્ષા બે પાળીઓમાં થશે. પ્રથમ પાળી સવારે ૯ વાગ્યાથી બપોરે ૧૨ વાગ્યા સુધી અને બીજી પાળી બપોરે ૨.૩૦ વાગ્યાથી સાંજે ૫:૩૦ વાગ્યા સુધી. પંચે ૨૦ સપ્ટેમ્બરે નિબંધ પેપર, ૨૧ સપ્ટેમ્બરે સામાન્ય અભ્યાસ ૧, ૨ પેપર, ૨૨ સપ્ટેમ્બરે સામાન્ય અભ્યાસ ૩,૪, ૨૮ સપ્ટેમ્બરે ભારતીય ભાષા, અંગ્રેજી પેપર અને ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૪એ વૈકલ્પિક વિષય પેપર ૧ અને ૨ આયોજીત કરશે.

**યુપીએસસી સિવિલ સેવા મુખ્ય પરીક્ષા ૨૦૨૪ : શિડયુલ કેવી રીતે ચકાસશો**

● યુપીએસસીની સત્તાવાર વેબસાઈટ upsc.gov.in,પર જાવ. ● હોમ પેજ પર ઉપલબ્ધ યુપીએસસી સિવિલ સેવા મુખ્ય પરીક્ષા ૨૦૨૪ શિડયુલ લિંક પર કિલક કરો, ● એક નવી પીડીએફ ફાઈલ ખુલશે જ્યાં ઉમેદવાર કાર્યક્રમની તપાસ કરી શકે છે. ● પેજને ડાઉનલોડ કરો અને આગળની જરૂરિયાત માટે પ્રિન્ટ મેળવો.

### ફસાયેલું કાળું નાણું કઢાવવાના પેંતરા

# શેખ હસીના ચૂંટણી માટે બાંગ્લાદેશ પરત ફરશે : પુત્રએ કહ્યું

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

શેખ હસીનાના પુત્રએ જણાવ્યું છે કે, બાંગ્લાદેશના પૂર્વ વડાંપ્રધાન શેખ હસીના જ્યારે તેની નવી સંભાળ રાખનાર સરકાર ચૂંટણી યોજવાનું નક્કી કરશે ત્યારે તેમના દેશમાં પાછા ફરશે.

અઠવાડિયાના ઘાતક વિરોધના કારણે હસીના સોમવારે ભારતમાં ભાગી આવ્યા હતા અને તેમને રાજીનામું આપવાની ફરજ પડી હતી. નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા મુહમ્મદ યુનુસની આગેવાની હેઠળની રખેવાળ સરકારે ગુરૂવારે શપથ લીધા હતા, જેને ચૂંટણી યોજવાનું કામ સોંપવામાં આવશે.

ટાઈમ્સ ઓફ ઈન્ડિયા સાથે વાત કરતા તેમના પુત્ર સજીબ વાઝેદ જોયે જેઓ યુએસમાં છે, જણાવ્યું હતું કે, અત્યાર સુધી તેઓ (હસીના) ભારતમાં છે. વચગાળાની સરકાર જ્યારે ચૂંટણીનો નિર્ણય લેશે ત્યારે તેઓ બાંગ્લાદેશ પરત જશે.

હસીનાની અવામી લીગ પાર્ટી વચગાળાની સરકારમાં સામેલ નથી, લાંબા સમયથી પૂર્વ વડાપ્રધાન સામે વિદ્યાર્થીની આગેવાની હેઠળના બળવાને પગલે, જેમની દેશવ્યાપી હિંસામાં લગભગ ૩૦૦ લોકો માર્યા ગયા અને હજારો ઘાયલ થયા પછી બહાર આવ્યા. તેઓ નવી દિલ્હી વિસ્તારમાં સુરક્ષિત ઘરમાં



આશરો લઈ રહ્યા છે. ભારતીય મીડિયાએ અહેવાલ આપ્યો છે કે, તેઓ બ્રિટનમાં આશ્રય મેળવવાની યોજના ધરાવે છે, પરંતુ બ્રિટિશ હોમ ઓફિસે ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો છે.

વિદેશપ્રધાન એસ. જયશંકરે ગુરૂવારે જણાવ્યું હતું કે, તેમણે બાંગ્લાદેશ વિશે તેમના બ્રિટિશ સમકક્ષ સાથે વાત કરી હતી પરંતુ કોઈ વિગતો જણાવી નથી.

જોયે કહ્યું કે, જો જરૂર પડશે તો તે રાજકારણમાં જોડાવાનું ટાળશે નહીં. મને ખાતરી છે કે, અવામી લીગ ચૂંટણીમાં ભાગ લેશે અને અમે કદાચ જીતી પણ જઈશું.

# આદિવાસીઓના સર્વગ્રાહી વિકાસ માટે સંકલ્પબદ્ધ : મમતા બેનરજી

### આદિવાસી દિવસની ઉજવણીના કાર્યક્રમમાં હાજરી આપશે મુખ્યમંત્રી

(એજન્સી) કોલકાતા, તા.૯

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે બંગાળના અને દેશના આદિવાસીઓને શુભેચ્છાઓ પાઠવી હતી અને તેમને ખાતરી આપી હતી કે, મારી સરકાર આદિવાસીઓના કલ્યાણ માટે સંકલ્પબદ્ધ છે.

બંગાળ સરકાર દ્વારા ગ્રામ જિલ્લામાં યોજાયેલા આદિવાસી દિવસ ઉજવણી કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભાગ લઈ રહ્યાં છે. તેમણે કહ્યું હતું કે, બંગાળમાં આપણે વિશ્વની સાથે-સાથે જ આદિવાસી દિવસ ઉજવી રહ્યા છે. સમાજ અને પર્યાવરણ માટે આદિવાસીઓનું બહુમૂલ્ય યોગદાન રહ્યું છે. આદિવાસી પરંપરા, કલા અને એમના વારસાની બંગાળ ઉજવણી કરે છે. તેમણે કહ્યું કે, અમારી સરકાર



આદિવાસીના સર્વગ્રાહી વિકાસ માટે સંકલ્પ સાથે કામ કરી રહી છે. અગલ વિભાગ ઊભો કરવામાં આવ્યો છે, એમના કલ્યાણ પર ફોકસ કરવા કેટલાક વિકાસ બોર્ડની પણ રચના કરવામાં આવી છે. અમે અમારા આદિવાસી ભાઈઓ અને બહેનોના વિકાસ માટે આવી જ રીતે કામ કરતા રહીશું.

# પુત્રી માટે કેબિનની માંગ કરીને અધિકારીઓને ધમકાવવા બદલ પૂજા ખેડકરના પિતા પર નવો કેસ

(એજન્સી) પુણે, તા.૯

અધિકારીઓએ શુક્રવારે જણાવ્યું હતું, પોલીસે પૂર્વ પ્રોબેશનરી IAS અધિકારી પૂજા ખેડકરના પિતા દિલીપ ખેડકર વિરુદ્ધ પુણે જિલ્લામાં ફરજ નિભાવવામાં સરકારી કર્મચારીને ધમકાવવા અને અવરોધ કરવાના આરોપસર કેસ નોંધ્યો છે.

તેઓએ જણાવ્યું હતું, પુણે જિલ્લા કલેક્ટર કચેરીના તહસીલદાર ક્રમના અધિકારી દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદના આધારે અહીં બંડગાર્ડન પોલીસ સ્ટેશનમાં કેસ દાખલ કરવામાં આવ્યો હતો. એક અધિકારીએ જણાવ્યું હતું કે, ફરિયાદમાં કહેવાયું છે કે, સહાયક કલેક્ટર તરીકે પૂજા ખેડકરની પોસ્ટિંગ દરમિયાન દિલીપ ખેડકરે કથિત રીતે તહસીલદાર દીપક આકાડે સામે ધમકીભરી ભાષાનો ઉપયોગ કર્યો હતો અને તેમને વહીવટી કામકાજમાં દખલ કરવાનો અધિકાર ન હોવા છતાં તેની પુત્રી માટે કેબિન ફાળવવાનું કહ્યું હતું.

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન



(UPSC)એ તાજેતરમાં પૂજા ખેડકરની પસંદગી રદ કરી હતી અને તેને ભવિષ્યની તમામ પરીક્ષાઓ અને પસંદગીઓમાંથી કાયમી ધોરણે પ્રતિબંધિત કરી હતી. UPSC સિવિલ સર્વિસ પરીક્ષા ૨૦૨૨ માટે તેની અરજીમાં માહિતી ખોટી રીતે રજૂ કરવાનો આરોપ હોવાથી દિલ્હીમાં તેની સામે એફઆઈઆર નોંધવામાં આવ્યા બાદ તે હાલમાં શોધી શકાતી નથી.

૨૦૨૩ બેચના અધિકારી પર પુણે જિલ્લા કલેક્ટર કચેરીમાં તેની તાલીમ દરમિયાન લાભો અને સુવિધાઓની માંગ કરીને સત્તા અને વિશેષાધિકારોનો દુરૂપયોગ કરવાનો આરોપ છે.

પુણે પોલીસના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું, જિલ્લા વહીવટીતંત્ર તરફથી ફરિયાદ મળ્યા પછી અમે દિલીપ ખેડકર વિરુદ્ધ ભારતીય દંડ સંહિતા (IPC)ની કલમ ૧૮૬ (જાહેર સેવકને તેમના જાહેર કાર્યોના નિકાલમાં અવરોધ, ૫૦૪ (ઈરાદાપૂર્વક અપમાન) અને ૫૦૬ (ગુનાહિત ધમકી) હેઠળ કેસ નોંધ્યો છે.

આ ઘટના આ વર્ષે જૂન મહિનામાં બની હતી. દિલીપ ખેડકર એક નિવૃત્ત સરકારી અધિકારી, પુણેમાં પૌડ પોલીસ દ્વારા દાખલ કરવામાં આવેલા ફોજદારી ધમકીના કેસમાં પણ નોંધવામાં આવ્યો હતો, જેમાં તેમની પત્ની મનોરમા પર જમીનના વિવાદને કારણે મુલશી વિસ્તારમાં એક વ્યક્તિ પર બંદૂક રાખવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો.

તે કેસમાં દિલીપ ખેડકરને આગોતરા જામીન મંજૂર કરવામાં આવ્યા હતા, જ્યારે પુણે ગ્રામીણ પોલીસ દ્વારા ધરપકડ કરાયેલ તેની પત્ની મનોરમાને તાજેતરમાં કોર્ટે જામીન પર મુક્ત કરી હતી.

# ૭૨૦૦થી વધુ ભારતીય વિદ્યાર્થીઓ બાંગ્લાદેશથી ભારત પરત ફર્યા : સરકાર

### વિદેશ રાજ્યમંત્રી કીર્તિ વર્ધન સિંહે એક લેખિત જવાબમાં જણાવ્યું હતું કે, ઉપલબ્ધ રેકોર્ડ્સ મુજબ બાંગ્લાદેશમાં ૯૦૦૦ વિદ્યાર્થીઓ સહિત લગભગ ૧૯,૦૦૦ ભારતીય નાગરિકો રહે છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

રાજ્યસભાને ગુરૂવારે માહિતી આપવામાં આવી હતી કે, બાંગ્લાદેશની સ્થિતિને ધ્યાનમાં રાખીને ૧ ઓગસ્ટના રોજ પૂરા થયેલા છેલ્લા કેટલાક અઠવાડિયામાં ૭૨૦૦થી વધુ ભારતીય વિદ્યાર્થીઓ ભારત પરત ફર્યા છે.

વિદેશ રાજ્યમંત્રી કીર્તિ વર્ધન સિંહે એક લેખિત જવાબમાં એમ પણ કહ્યું હતું કે, ઉપલબ્ધ રેકોર્ડ્સ મુજબ બાંગ્લાદેશમાં ૯૦૦૦ વિદ્યાર્થીઓ સહિત લગભગ ૧૯,૦૦૦ ભારતીય નાગરિકો રહે છે.

તેમને બાંગ્લાદેશમાં શિક્ષણ અથવા વ્યવસાયના હેતુથી રહેતા ભારતીયોની કુલ સંખ્યા, બાંગ્લાદેશમાં વસતા ગુજરાતના લોકોની સંખ્યા અને હિંસાગ્રસ્ત પાડોશી દેશમાંથી ભારતીય નાગરિકોને બહાર કાઢવા માટે કોઈ વિશેષ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે કે કેમ તે અંગે પૂછવામાં આવ્યું હતું.

મંત્રીને અત્યાર સુધીમાં કેટલા નાગરિકોને ભારત પરત લાવવામાં આવ્યા તે અંગે પણ પૂછવામાં આવ્યું હતું.

બાંગ્લાદેશમાં ભારતીય વિદ્યાર્થીઓ કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીર અને ગુજરાત, ઉત્તરપ્રદેશ, બિહાર, તમિલનાડુ, રાજસ્થાન, પશ્ચિમ બંગાળ, ત્રિપુરા અને આસામ જેવા અન્ય રાજ્યોના છે. કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે, બાંગ્લાદેશમાં અમારા મિશન અને પોસ્ટ્સ દ્વારા રાજ્યવાર યાદી જાળવવામાં આવતી નથી.

ઢાકામાં ભારતીય હાઈ કમિશન અને ચિત્તાગોંગ, રાજશાહી, સિલ્હેટ અને ખુલનામાં સહાયક હાઈ કમિશન ભારતીય નાગરિકોના સ્વૈચ્છિક પરત ફરવામાં મદદ કરી રહ્યા હોવાનું તેમણે જણાવ્યું હતું.

તેઓ ભારત-બાંગ્લાદેશ સરહદે એરપોર્ટ અને લેન્ડ પોર્ટ પર રોકાણ દરમિયાન તેમની સલામતી અને સુરક્ષા માટે બાંગ્લાદેશના સંબંધિત અધિકારીઓ સાથે પણ સંકલન કરી રહ્યા છે.

સિંહે કહ્યું કે, 'વિદેશ મંત્રાલય લેન્ડ પોર્ટ અને એરપોર્ટ પર આવતા અમારા નાગરિકો માટે સરળ માર્ગ સુનિશ્ચિત કરવા સંબંધિત ભારતીય અધિકારીઓ સાથે પણ સંકલન કરી રહ્યું છે. ૧૮ જુલાઈ, ૨૦૨૪થી શરૂ કરીને ૧ ઓગસ્ટ, ૨૦૨૪ સુધીમાં ૭૨૦૦થી વધુ ભારતીય વિદ્યાર્થીઓ ભારત પરત ફર્યા છે.'

મંત્રીએ ઉમેર્યું હતું કે, 'બાંગ્લાદેશમાંથી સ્વેચ્છાએ વિદાય લેનાર ભારતીય નાગરિકોની રાજ્યવાર યાદી અમારા મિશન અને બાંગ્લાદેશમાં પોસ્ટ દ્વારા જાળવવામાં આવતી નથી.'

એક અલગ પ્રશ્નમાં તેમને એ પણ પૂછવામાં આવ્યું હતું કે, શું એ હકીકત છે કે, કેનેડા સાથેના તણાવપૂર્ણ સંબંધોને કારણે



કેનેડિયન યુનિવર્સિટીઓમાં ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં તાજેતરના વર્ષોમાં ઘટાડો થયો છે અને જો એમ હોય તો છેલ્લા ત્રણ વર્ષમાં ત્યાં નોંધાયેલા વિદ્યાર્થીઓની વિગતો, વર્ષ મુજબ જણાવો.

વિદેશ રાજ્યમંત્રીએ ડેટા શેર કર્યો અને કહ્યું કે, ઈમિગ્રેશન, રેફ્યુજીસ એન્ડ સિટીઝનશિપ કેનેડા (IRCC)ની વેબસાઈટ પરથી પ્રાપ્ત માહિતી મુજબ, કેનેડિયન યુનિવર્સિટીઓમાં ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં 'છેલ્લા ત્રણ વર્ષમાં વધારો' થયો છે.

શેર કરેલ ડેટા મુજબ અનુક્રમે આંકડા હતા - ૨,૧૬,૩૬૦ (૨૦૨૧માં) ૩,૧૮,૩૮૦ (૨૦૨૨માં) અને ૪,૨૭,૦૮૫ (૨૦૨૩માં).

એક અલગ પ્રશ્નમાં તેમને પૂછવામાં આવ્યું કે શું સરકાર ભારતના પડોશી દેશો પર 'વધતા ચીનના પ્રભાવ' વિશે જાગૃત છે.

સિંહે તેમના લેખિત પ્રતિભાવમાં જણાવ્યું હતું કે, 'સરકાર ભારતના પડોશમાં એવી તમામ પ્રવૃત્તિઓ પર ચાંપતી નજર રાખે છે જે તેના હિતોને અસર કરે છે.'

નેબરહૂડ ફર્સ્ટ પોલિસી આપણાં પડોશી દેશો પ્રત્યેના આપણાં અભિગમને માર્ગદર્શન આપવાનું ચાલુ રાખે છે. તેના પરિણામે પરિણામલક્ષી જોડાણો, મજબૂત વિકાસ ભાગીદારી, ભૌતિક, ડિજિટલ અને આર્થિક જોડાણ તેમજ વાઈબ્રન્ટ લોકો-થી-લોકો અને સાંસ્કૃતિક આદાન-પ્રદાન થયું છે. વ્યાપક શિક્ષણ, સંસ્કૃતિ, વેપાર અને રોકાણ જોડાણો સાથે ભારત તેના પડોશીઓના સક્રિય ભાગીદાર છે. તેમણે ઉમેર્યું કે, પડોશીઓ સાથેના આપણાં સંબંધો તેમના પોતાના પાયા પર ઊભા છે અને ત્રીજા દેશો સાથેના આ દેશોના સંબંધોથી સ્વતંત્ર છે. સરકાર ભારતની રાષ્ટ્રીય સુરક્ષા પર અસર કરતી તમામ ઘટનાઓ પર સતર્ક નજર રાખે છે અને તેની સુરક્ષા માટે તમામ જરૂરી પગલાં લે છે.

એક અલગ પ્રશ્નના જવાબમાં તેમણે છેલ્લા ત્રણ વર્ષમાં પાકિસ્તાનમાં ગુરૂદ્વારા શ્રી દરબાર સાહિબ કરતારપુરની મુલાકાત લેનારા ભારતના શ્રદ્ધાળુઓની સંખ્યાનો ડેટા શેર કર્યો - ૧૦,૦૨૫ (૨૦૨૧); ૮૬,૦૯૭ (૨૦૨૨) અને ૯૬,૫૫૫ (૨૦૨૩).

તેમને એમ પણ પૂછવામાં આવ્યું હતું કે, શું ભારતે 'પેલેસ્ટીન અને ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધને રોકવા માટે કોઈ રાજદ્વારી પહેલ કરી છે.'

કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે, ભારતે ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ ઈઝરાયેલ પરના આતંકવાદી હુમલાઓ અને ચાલુ ઈઝરાયેલ-હમાસ સંઘર્ષમાં નાગરિકોના જીવ ગુમાવવાની સખત નિંદા કરી છે. ભારતે ગાઝાના લોકોને યુદ્ધવિરામ અને સતત માનવતાવાદી સહાયતા માટે હાકલ કરી છે.

તેમણે ઉમેર્યું કે, ચાલુ સંઘર્ષ દરમિયાન, ભારતે ૧૬.૫ ટન દવાઓ અને તબીબી પુરવઠો સહિત ૭૦ ટન માનવતાવાદી સહાય પૂરી પાડી છે. અમે બાકીના બંધકોને મુક્ત કરવા માટે પણ હાકલ કરી છે. અમે બગડતી સુરક્ષા પરિસ્થિતિ પર ચિંતિત છીએ અને સંયમ અને નિરાકરણ માટે હાકલ કરી છે અને સંવાદ અને મુત્સદ્દીગીરી દ્વારા સંઘર્ષનું શાંતિપૂર્ણ નિરાકરણ પર ભાર મૂક્યો છે.

મંત્રીએ જણાવ્યું હતું કે, લગભગ ૨૬,૦૦૦ ભારતીય નાગરિકો, જેઓ છેલ્લા ઘણા વર્ષોમાં ઈઝરાયેલ આવ્યા છે, તેઓ હાલમાં ઈઝરાયેલના અર્થતંત્રના વિવિધ ક્ષેત્રોમાં કામ કરી રહ્યા છે. ૨૦૨૨માં ભારત અને ઈઝરાયેલે ભારતીય કામદારોના કામચલાઉ રોજગારની સુવિધા માટે ફ્રેમવર્ક કરાર પર ચર્ચા શરૂ કરી હતી, જે નવેમ્બર ૨૦૨૩માં પૂર્ણ થઈ હતી, જે હેઠળ અત્યાર સુધીમાં ૪૮૨૫ ભારતીય કામદારોને ઈઝરાયેલમાં મૂકવામાં આવ્યા છે.

# હેકિંગના દાવા બદલ અમેરિકી ક્લાયન્ટની ભારતીય IT કંપનીને રૂા.૯૨ કરોડથી વધુની નોટિસ

(એજન્સી) તા.૯

કોફોર્જે જણાવ્યું હતું કે, તેને નોર્થ અમેરિકન ક્લાયન્ટ તરફથી એક નોટિસ મળી છે જેમાં દાવો કરવામાં આવ્યો છે કે, જે રકમ ૧.૧ કરોડ ડૉલર (રૂા.૯૨ કરોડ)થી વધુ થશે. તાજેતરમાં એક એક્સચેન્જ ફાઈલિંગમાં ભારતીય IT કંપનીએ જણાવ્યું હતું કે, ગ્રાહક કથિત ડેટા ભંગ અંગે અમુક લવાદી દાવેદારો સાથે સૈદ્ધાંતિક સમાધાનો માટે ૭૫,૯૭,૭૮૦ ડૉલરની રકમ માટે વળતરનો દાવો કરી રહ્યો છે.

કંપનીએ નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE)ને જાણ કરી હતી કે, અમુક વધારાના દાવેદારો કે જેમની સાથે ક્લાયન્ટ હજુ સુધી સૈદ્ધાંતિક રીતે કરાર પર પહોંચ્યો નથી તેમની માગણીઓનું સમાધાન કરવા માટે ૪૨,૭૬,૮૦૦ ડૉલરનો સંભવિત દાવો છે.

**કોફોર્જે તેની ફાઈલિંગમાં શું કહ્યું :**

કંપનીએ તેની એક્સચેન્જ ફાઈલિંગમાં જણાવ્યું હતું કે, 'રેગ્યુલેશન ૩૦ ડિસ્ક્લોઝરના અનુસંધાનમાં કંપનીએ સ્ટોક એક્સચેન્જોને કંપની દ્વારા (તેની સામગ્રી સબસિડિયરી કોફોર્જ ઈન્ક. ('કંપની') સહિત) ઉત્તર અમેરિકા ક્ષેત્રના ક્લાયન્ટ ('ક્લાયન્ટ') તરફથી મળેલી નુકસાની અંગેની નોટિસ અંગે જાણ કરી હતી. આ સંદર્ભમાં મહેરબાની કરીને નોંધ કરો કે કંપનીને હવે ઉક્ત ક્લાયન્ટ ('નોટિસ') તરફથી વળતરની પૂરક સૂચના પ્રાપ્ત થઈ છે.' કોફોર્જે જણાવ્યું હતું કે, 'રેગ્યુલેશન ૩૦



ડિસ્ક્લોઝરમાં પહેલેથી જ જાહેર કરાયેલ ક્લાસ એક્શન સૂટની કંપની પર દાવાઓની માત્રા અથવા અપેક્ષિત નાણાકીય સૂચિતાર્થ આ તબક્કે અનિશ્ચિત રહે છે. કંપની આવી ક્ષતિપૂર્તિ નોટિસ અંગે તેના ઓફશોર કાઉન્સેલ સાથે ચર્ચા કરી રહી છે.'

તેણે વધુમાં ઉમેર્યું હતું કે, કંપની 'આ સમયે' આર્બિટ્રેશન ક્લેઈમ રિઝોલ્યુશન સંબંધિત ક્લાયન્ટની માગણીઓને નકારવા માંગે છે કારણ કે, કોફોર્જ કહે છે કે, આ રકમો વ્યાજબી રીતે નુકસાનને પાત્ર નથી. તેના એક્સચેન્જ ફાઈલિંગમાં કંપનીએ સ્પષ્ટ કર્યું કે, અત્યાર સુધી તે કોઈપણ મુકદ્દમા અથવા આર્બિટ્રેશનની કાર્યવાહીમાં સામેલ નથી અને કોઈપણ ટ્રિબ્યુનલ, કોર્ટ અથવા એજન્સીએ તેની સામે કોઈ કાર્યવાહી શરૂ કરી નથી.

# ૧૯ વર્ષની ઉંમરે બિઝનેસ શરૂ કરનાર યુવક ૨૩ વર્ષની ઉંમરે મિલિયોનર બન્યો રિલાયન્સ, CBI જેવી કંપનીઓ તેની ક્લાયન્ટ છે, તે TAC સિક્યુરિટીનો સ્થાપક છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

ત્રિશનીત અરોરાએ પોતાની મહેનત અને સમર્પણથી સફળતાની ઉંચાઈ પર પહોંચ્યો છે. ૩૦ વર્ષની ઉંમરે તે કરોડપતિ બની ગયો. હાલમાં તે ભારતના સૌથી યુવા સફળ ઉદ્યોગસાહસિકોમાંના એક છે, જેની પાસે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, ગૂગલ, BSE, NSE અને એરટેલ જેવી ટોચની કંપનીઓ અને CBI જેવી સરકારી એજન્સીઓ પણ તેમના ગ્રાહકો છે. તેના અન્ય ક્લાયન્ટમાં સેલ્સફોર્સ, ઓટોડેસ્ક, કેસિઓ, બ્રેડી કોર્પોરેશન અને નિસ્સાનનો સમાવેશ થાય છે. ત્રિશનીત TAC સિક્યુરિટીનો સ્થાપક છે, જે કંપની તેણે ૨૦૧૩માં શરૂ કરી હતી જ્યારે તે માત્ર ૧૯ વર્ષનો હતો. TAC સિક્યુરિટી તેના જોખમ અને નબળાઈ વ્યવસ્થાપન માટે વૈશ્વિક સ્તરે જાણીતી છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)નો ઉપયોગ કરીને, કંપની સિસ્ટમમાં રહેલી



નબળાઈઓને ઓળખે છે અને તેને સુધારે છે. તે ફોર્ચ્યુન ૫૦૦ કંપનીઓ અને વિશ્વભરની વિવિધ સરકારી એજન્સીઓને ડેટા સુરક્ષા સેવાઓ પ્રદાન કરે છે. તેના કેટલાક પ્રતિષ્ઠિત ગ્રાહકોમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને ગૂગલ જેવી દિગ્ગજ કંપનીઓ અને CBI જેવી નોંધપાત્ર સંસ્થાઓનો સમાવેશ થાય છે. ત્રિશનીતના નેતૃત્વ હેઠળ, TAC સિક્યુરિટીએ ભારતની બહાર તેની છાપ વિસ્તારી છે. કંપની હવે સમગ્ર વિશ્વમાં ઉદ્યોગો અને સરકારી એજન્સીઓને સેવા આપે છે, નિર્ણાયક ડેટા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સુરક્ષિત કરવામાં વિશ્વસનીય ભાગીદાર તરીકે પ્રતિષ્ઠા મેળવે છે. ત્રિશનીતની અસર તેની કંપનીની સફળતાથી પણ આગળ છે. આજે, TAC સિક્યુરિટીની આવક ૧૧.૮૪ કરોડ રૂપિયાથી વધુ છે. આ પ્રભાવશાળી આંકડો કંપનીની ઝડપી વૃદ્ધિ દર્શાવે છે. તેની ઉદ્યોગસાહસિક સફર સતત નવીનતા અને આગળ રહેવાનો પ્રયાસ દ્વારા ચિહ્નિત થયેલ છે. ત્રિશનીત અરોરાની વાર્તા જુસ્સા અને નવીનતાની શક્તિનો પુરાવો છે. તેની સફર યુવા સાહસિકોને મોટા સ્વપ્ન જોવા અને તેમના ધ્યેયો હાંસલ કરવા સખત મહેનત કરવા પ્રેરિત કરે છે.

# ફી ભરવા માટે ટ્યુશન આપનાર દૂધ વિક્રેતાની પુત્રીએ IAS અધિકારી બનવા માટે બે વાર UPSC પાસ કરી, અખિલ ભારતીય ક્રમાંક ૪૫૧ મેળવ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

સ્વ-નિર્મિત સફળતાની વાર્તાઓ અતૂટ નિશ્ચય અને દૃઢતાની શક્તિનો પુરાવો છે. આવી જ એક પ્રેરણાદાયી વાર્તા IAS અનુરાધા પાલની છે, જેણે પોતાના જીવનમાં વિવિધ અવરોધોનો સામનો કરવા છતાં UPSC સિવિલ સર્વિસ પરીક્ષા પાસ કરી હતી. અનુરાધાનો જન્મ અને ઉછેર હરિદ્વારના એક નાના ગામમાં એક સાધારણ પરિવારમાં થયો હતો. તેણે બાળપણમાં અસંખ્ય આર્થિક પ્રતિકૂળતાઓનો સામનો કરવો પડ્યો. તેના પિતા દૂધ વેચીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. ત્યારબાદ તેણે હરિદ્વારની જવાહર નવોદય વિદ્યાલયમાંથી શાળાનો અભ્યાસ પૂર્ણ કર્યો. ત્યારબાદ અનુરાધા કોલેજનું શિક્ષણ પૂર્ણ કરવા દિલ્હી શિફ્ટ થઈ ગઈ. તે જીબી પંત યુનિવર્સિટીમાંથી



બેચલર ઓફ ટેકનોલોજીમાં સ્નાતક થઈ. ઘરની મુશ્કેલીઓને કારણે, તેણે પછી ટેક મહિન્દ્રામાં કામ કર્યું. થોડા સમય માટે ત્યાં કામ કર્યા પછી, તેણે તેની નોકરી છોડી દીધી કારણ કે તેને સમજાયું કે, UPSC તેનું સાચું સ્વપ્ન અને લક્ષ્ય છે. પછી તેણે રૂરકીની એક કોલેજમાં લેક્ચરર તરીકે કામ કર્યું અને UPSC માટે સાથે-સાથે તૈયારી કરી. તેણે તેની કોચિંગ ભરવા વિદ્યાર્થીઓને ટ્યુશન પણ આપ્યા હતા.

તે પછી, તેણે ૨૦૧૨ માં તેના પ્રથમ પ્રયત્નમાં UPSC પાસ કર્યું. પરંતુ તે સમયે, તેનું અખિલ ભારતીય ક્રમાંક ૪૫૧ હતુ, તેથી તે દિલ્હીની એક IAS એકેડમીમાં જોડાઈ, જેણે તેની તૈયારીઓને વધારી. તે પણ કામ કરતી હોવાથી, તેણે સ્માર્ટ રીતે નાના લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે કાળજીપૂર્વક સમયનું સંચાલન કર્યું. અંતે, તેણે ૨૦૧૫માં તેના બીજા પ્રયાસમાં અખિલ ભારતીય ક્રમાંક ૬૨ સાથે UPSC પાસ કરી. તે હાલમાં ઉત્તરાખંડમાં બાગેશ્વરના જિલ્લા મેજિસ્ટ્રેટ તરીકે તૈનાત છે.

અંબાજીના દાંતાની શિક્ષિકા અમેરિકા રહેતી હોવાના બહાર આવેલ મામલે મંત્રીનું નિવેદન

# રાજ્યની શાળાઓના વિદેશની હવા ખાતા શિક્ષકો સામે તપાસ કરી પગલાં લેવાશે

## શિક્ષિકા ગ્રીનકાર્ડધારક છે ને શાળાની પગારદાર પણ; તેમની સામે કાર્યવાહી કરાશે : DPEO

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૯

રાજ્યમાં બહુ ચર્ચિત કિસ્સો કે જેમાં અંબાજીના દાંતાની એક પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષિકા ચાલુ ફરજે અમેરિકામાં રહેતા હોવાનો મામલે સામે આવ્યો છે. આ મામલે રાજયના શિક્ષિણ મંત્રીએ રાજયભરમાં આવા શિક્ષકોની તપાસ કરી પગલાં લેવાનું જણાવતા માહોલ ગરમાયો છે. ગત રોજ બહાર આવેલ શિક્ષિકાના ચર્ચાસ્પદ કિસ્સાના રાજયભરમાં અવનવા પ્રત્યાઘાતો પડી રહ્યા છે. આ કિસ્સો અંબાજી નજીક પાછા પ્રાથમિક શાળાનો છે. જયાં શિક્ષિકા ભાવનાબેન પટેલ છેલ્લા આઠેક વર્ષથી અમેરિકામાં રહે છે. તેમને ત્યાંનું નાગરિકત્વ પણ મળ્યું છે સાથે ગ્રીન કાર્ડ પણ ધરાવે છે. શાળામાં કપાત પગાર ઉપર અનેક રજાઓ ભોગવી રહ્યા છે. જે બાબતે શિક્ષણ મંત્રીએ કહ્યું છે કે આ કિસ્સો મીડિયા દ્વારા જાણવા મળેલ છે. તરત જ મેં નિયામકને જાણ કરી તમામ માહિતી મંગાવી છે. જે બાબતે આ વિગતમાં ૧ જાન્યુઆરીથી એક પણ રૂપિયો પગાર આપવામાં આવ્યો નથી અને અમેરિકા ગયા ત્યારે સરકારની પરમીશન વગર ન જઈ શકે અને અન્ય જો લાભ લીધો હશે તો એ બાબતે એમના પર એકશન લેવામાં આવશે. આ બાબત કોઈપણ હિસાબે ચલાવી નહી લેવાય. વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી નિમિત્તે સાબરકાંઠા આવેલા શિક્ષણ મંત્રીને સવાલ કરતા તેમણે નિવેદન સામે આવ્યું છે. અંબાજીની પ્રાથમિક શાળાના શિક્ષિકા ચાલુ ફરજે અમેરિકા રહેવાના મામલે શિક્ષણમંત્રી કુબેર ડિંડોરે કહ્યું કે ચાલુ ફરજે વિદેશ રહેતા તમામ શિક્ષકો અને કર્મચારીઓની વિગતોનો અહેવાલ મેળવાશે. રાજયની તમામ શાળાઓમાં તપાસ કરાશે અને વિગતો મંગાવાશે ફરજમાં ગેરહાજર રહી વિદેશ રહેતા જણાશે તેવા તમામ શિક્ષકો સામે કાર્યવાહી કરાશે. અંબાજીની ઘટનામાં શિક્ષિકાની તપાસ કરાશે. ગેરહાજર રહી પગાર મેળવાયો હશે તો પરત વસુલ કરાશે. આમ આ ચર્ચાસ્પદ ઘટનામાં અમેરિકા રહેતા શિક્ષિકાની સાથે સાથે હવે આવા અન્ય શિક્ષક વગેરે સામે પણ સરકાર દ્વારા પગલાં લેવામાં આવશે એવો સ્પષ્ટ ઈશારો આજે મંત્રીએ કરી દીધો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે શાળામાં ઈન્ચાર્જ આચાર્ય પારૂલબેને શિક્ષણમંત્રી અને જિલ્લા શિક્ષણ અધિકારીને લેખિતમાં અરજી કરી છે છતાં પણ હજી સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. જેના કારણે બાળકોનો અભ્યાસ અને ભવિષ્ય સામે સવાલો ઉભા થયા છે. જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી વિનુભાઈ પટેલે કહ્યું કે, ભાવનાબેન ૮ મહિનાથી ગેરહાજર છે. તેમને નોટિસ આપવામાં આવી છે. ગેરહાજરી દરમ્યાન પગાર પણ ચૂકવવામાં આવ્યો નથી. ઠરાવ મુજબ એક વર્ષથી વધુ સમય ગેરહાજર થતા તેમના ઉપર કાર્યવાહી કરવામાં આવશે. બીજી તરફ એવી પણ માહિતી મળી છે કે, શિક્ષિકા ભાવનાબેન અમેરિકામાં ગ્રીનકાર્ડ ધારક છે. તેઓ છેલ્લા આઠ વર્ષથી અમેરિકામાં રહે છે. વિદેશી નાગરિક બન્યા હોવા છતાં તેઓ સરકારી શાળાના પગારદાર છે.

 લ્યો બોલો ! શાળાના શિક્ષકની બોસ બની લહેર

# ૮૦ હજારના પગારદાર શિક્ષકે પોતાની અવેજીમાં ભણાવવા બીજો માણસ રાખ્યો

## ગામનો સ્થાનિક શખ્સ બાળકોને ઘણા સમયથી ભણાવે, ને મુખ્ય શિક્ષકને બખ્ખાં

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૯

અંબાજીની ઘટના બાદ કપડવંજમાં શિક્ષકની લાલિયાવાડીની ઘટના સામે આવી છે. કપડવંજના અંતરિયાળ વિસ્તારની આ ઘટના છે. જયાં શિવપૂરા પ્રાથમિક શાળામાં મુખ્ય શિક્ષક ગેરહાજર હતા અને તેમની જગ્યાએ વિજયભાઈ નામનો વ્યક્તિ ભણાવવા આવી ગયો હતો. સ્કૂલમાં ગેરહાજર મુખ્ય શિક્ષક આશિષ પટેલ અન્ય વ્યક્તિને પોતાના સ્થાને રાખીને ગયા હોવાનું બહાર આવ્યું છે.

રૂા. ૮૦ હજારનો પગાર ધરાવતા શિક્ષકના સ્થાને ગામનો સ્થાનિક વ્યક્તિ શિક્ષક બની વિદ્યાર્થીઓને ભણાવતો હોવાનું સામે આવ્યું છે. કેમેરાને જોઈ વિજયભાઇના હોશ ઉડી ગયા હતા. ત્યારબાદ નકલી શિક્ષક વિજયભાઈએ ચાલતી પકડી હતી.

વારંવાર તેમને સવાલ કરાયા તો તેમણે કહ્યું કે, હું તો કામથી આવ્યો હતો. જોકે વિદ્યાર્થીઓ પણ કહે છે કે, વિજયભાઇ પાછલા ઘણા સમયથી અમને ભણાવે છે.

હવે સવાલ એ છે કે અન્ય એક શિક્ષક તે જુએ છે છતાં મોઢામાંથી કશું કહેતા નથી. એટલે તેમની પણ ક્યાંકને ક્યાંક સંડોવણી હોઈ શકે છે. તાલુકા મથકથી ૨૫ કિલોમીટર દૂર શિવપૂરા પ્રાથમિક શાળામાં મુખ્ય શિક્ષક ગેરહાજર હતા. સ્કૂલમાં ગેરહાજર મુખ્ય શિક્ષક આશિષ પટેલ અન્ય વ્યક્તિને પોતાના સ્થાને હાજર રાખે છે. અને તે બાળકોને ભણાવે છે તો આશિષ પટેલ લહેર કરે છે. રૂા. ૮૦ હજાર પગાર ધરાવતા શિક્ષકના સ્થાને ગામનો સ્થાનિક વ્યક્તિ શિક્ષક બની વિદ્યાર્થીઓને ભણાવતા હોવાનું સામે આવતા સમગ્ર વિસ્તારમાં ચર્ચાનો વિષય બન્યો છે ત્યારે હવે સરકારી તંત્ર આ બનાવ અંગે ક્યારે અને કેવા પગલાં લે છે તેની રાહ જોવાઈ રહી છે.

# વસ્ત્રાપુર તળાવમાં ૬૦,૦૦૦ સ્ક્વેર ફૂટની જગ્યામાં ફૂડ કોર્ટ બનાવવામાં આવશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૯

અમદાવાદમાં વસ્ત્રાપુર ખાતે આવેલ તળાવની અંદર આવેલા એમ્ફી થિયેટરની જગ્યામાં ફૂડ કોર્ટ બનાવવામાં આવશે તેવી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જાહેરાત કરવામાં આવી છે.

વર્ષોથી એમ્ફી થિયેટરનો ઉપયોગ થયો ન હોવાથી આ જગ્યા પર ફૂડ કોર્ટ બનાવવામાં આવશે. એમાં ૫૫ જેટલા ફૂડ સ્ટોલ ઊભા કરવામાં આવશે. ટેન્ડરપ્રક્રિયા કરી ફૂડ સ્ટોલ ભાડે આપવામાં આવશે. અપર અને લોઅર વોક-વે પર કાચના પડમાં વધારો, આરસીસી દીવાલ અને તળાવમાં જ્યાં ઢાળ આવેલો છે એમાં મજબૂત આરસીસી બીમ ગ્રિડ સ્ટ્રક્ચર ઊભું કરવામાં આવશે. તળાવના રિડેવલપમેન્ટની ડિઝાઇનમાં ફેરફાર અને ફૂડ કોર્ટ એમ મળી કુલ સાત કરોડ રૂપિયાનો વધુ ખર્ચ કરવામાં આવશે.

રોડ એન્ડ બિલ્ડિંગ કમિટીના ચેરમેન જયેશ પટેલે આ અંગે જણાવ્યું હતું કે વસ્ત્રાપુર તળાવ-ગાર્ડનનું રિડેવલપમેન્ટની કામગીરી ચાલી રહી છે, જેમાં એમ્ફી થિયેટર પણ આવેલું છે, જેનો ખૂબ ઓછો અથવા નહિવત્ પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવતો હોવાથી ત્યાં ફૂડ કોર્ટ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ૫૫૮૦ ચોરસ મીટર(૬૦,૦૬૨ સ્ક્વેર ફૂટ) વિસ્તારમાં ફૂડ કોર્ટ બનાવવામાં આવશે. વિશિષ્ટ પ્રકારના ટેન્સાઈલ સ્ટ્રક્ચર કેનોપી વર્ક સાથેનું ફૂડ કોર્ટ તૈયાર થશે, જેમાં ૫૫ ફૂડ સ્ટોલ બનશે. ૩૭૦૩ ચોરસ મીટર(૩૯,૮૫૮ સ્ક્વેર ફૂટ) જગ્યામાં પાર્કિંગ, ૭૦૦ ચોરસ મીટર(૭૫૩૪ સ્કવેર ફૂટ) જગ્યામાં ડાઈનિંગ ૬૩ ચોરસ મીટર(૬૭૮ સ્કવેર ફૂટ) જગ્યામાં ટોઈલેટ બનાવવામાં આવશે.



૫૫ ફૂડ સ્ટોલ અને પાર્કિંગ સહિતની સુવિધાઓ મળશે

તેમણે વધુમાં જણાવ્યું કે વસ્ત્રાપુર તળાવ ગાર્ડનના હાલ રિડેવલપમેન્ટની કામગીરી દરમિયાન કેટલીક બાબતોમાં ફેરફાર કરવાની જરૂરિયાત ઊભી થઈ હતી, જેના કારણે રૂા.૫.૧૫ કરોડના ખર્ચે રિડેવલપમેન્ટ કરવાની કામગીરી ચાલુ છે. એમાં હવે વધુ બે કરોડના મટીરિયલનો ઉપયોગ કરવાની જરૂરિયાત ઊભી થતાં એને પણ વોટર કમિટીમાં મંજૂરી આપવામાં આવી છે.

આ અંગે વોટર સપ્લાય કમિટીના ચેરમેન દિલીપ બગરિયાએ જણાવ્યું હતું કે અપર અને લોઅર વોકવે પર કાચના પડમાં વધારો, આરસીસી દીવાલ અને તળાવમાં જ્યાં ઢાળ આવેલો છે એમાં મજબૂત આરસીસી બીમ ગ્રિડ સ્ટ્રક્ચર ઊભું કરવામાં આવશે.

લ્યો બોલો ! ૧ BHK જોઈએ તો ૮ લાખ, ૨ BHK જોઈએ તો ૧૮ લાખ

# AMC ઓફિસમાં ઓળખના નામે ૩૫ જેટલા આવાસના જરૂરિયાતમંદો સાથે ખેલાયો ખેલ !!

## પોલીસે છેપરપિંડી આચરતી ટોળકીની ધરપકડ કરી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૯

AMC આવાસ યોજનામાં મકાન અપાવવાના નામે છેતરપિંડી કરતી એક મહિલા સહિત ૩ની ટોળકીને કારંજ પોલીસે પકડી પાડી છે. ૩૫ જેટલા ઘરની જરૂરિયાત મંદોને ઓળખાણ અને પૈસાથી મકાન આપવાની લાલચ આપી છેતરપિંડી આચરી છે. જીવનમાં અમદાવાદમાં પોતાનું ઘર કરવું એ દરેકની ઈચ્છા હોય છે અને પોતાનું સપનાનું ઘર કરવા માટે વ્યક્તિ તનતોડ મહેનત કરી પૈસા ભેગા કરી પોતાનું ઘર કરવા પ્રયાસ કરતો હોય છે, ત્યારે જ અમદાવાદની કારંજ પોલીસે આવા લોકોના સપનાની સાથે રમત રમતી ટોળકીની ધરપકડ કરી છે કેમ કે આ ટોળકીએ અમદાવાદના ઘરની જરૂરીયાત વાળા લોકો સાથે છેતરપિંડી આચરી છે. તમામ લોકોને એવી આશા હતી કે તેમને હવે તેમને પોતાના સપનાનું ઘર મળી જશે અને તેવી જ આશાને લઈ તેઓને લાખો રૂપિયા ખોવાનો વારો આવ્યો છે ફરિયાદીઓને AMCની કચેરીની કેન્ટીનમાં પલ્લવીબેન સોલંકી, મુસ્તાક બેગ મિર્ઝા અને રોહિત ત્રિવેદી નામના લોકો સાથે સંપર્ક થયો હતો. આ તમામે ફરિયાદીઓને જણાવ્યું હતું કે તેમનું AMC ઓફિસમાં ખુબ સારો પરિચય છે અને તેમનું દરેક કામ AMC કચેરીમાં થઇ જાય છે. તમારે આવાસ યોજના અંતર્ગત જો મકાન જોઈએ છીએ તો અમે કહીએ તેમ કરો તો તમને મકાન મળી જશે અને આ તમામ ફરિયાદીઓ તેમની લોભામણી વાતમાં આવી ગયા હતા. આ લોકોએ મકાન મેળવવા માટેથી એક લાખથી લઈને ૨ લાખ સુધીની રકમ ચૂકવી હતી અને આ ટોળકીએ એક સ્કીમ આપી હતી કે જો 1bhk મકાન જોઈએ તો ૮ લાખ આપવા પડશે અને 2bhk જોઈએ તો ૧૮ લાખ આપવા પડશે. જેના માટેથી ફરિયાદીઓએ પોતાની જરૂરિયાત મુજબ એકથી બે લાખ સુધીની રકમ ચૂકવી હતી અને બધાને ખોટા લેટર પણ આપવામાં આવ્યા હતા. જેમાં AMCના સહી સિક્કા હતા અને જેમાં તેમને ઘર મળી ગયું હોય તેવું લખાણ પણ લખવામાં આવેલું છે. જોકે બાદમાં લોકોને ખ્યાલ આવતા સમગ્ર મામલો કારંજ પોલીસ સ્ટેશન ખાતે પહોંચ્યો હતો અને ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ત્રણેય આરોપીની ધરપકડ કરી છે. પોલીસે AMCના બનાવટી બેટરમાં કોઈ મહાપાલિકાનો કર્મચારી સંડોવાયેલો નથી કે કેમ ? તે અંગે તપાસ હાથ ધરી છે.

# રાજ્યમાં નવી સરકારી માધ્યમિક અને ઉ. માધ્યમિકની ૧૬૨ સ્કૂલોને મંજૂરી

- શાળાઓની કચેરી દ્વારા કરવામાં આવેલી દરખાસ્ત પર સરકારની મંજૂરીની મહોર
- સ્કૂલોની મંજૂરી સાથે મહેકમ અને પગાર ભથ્થા સહિતની જોગવાઈને પણ લીલી ઝંડી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૯

રાજયમાં નવી ૧૬૦ સરકારી માધ્યમિક સ્કૂલો અને ૨ સરકારી ઉચ્ચતર માધ્યમિક સ્કૂલો શરૂ કરવા સરકારના શિક્ષણ વિભાગ દ્વારા મંજૂરી આપવામાં આવી છે. આ સાથે જ આ સ્કૂલો માટે જરૂરી મહેકમ તથા તેમના પગાર ભથ્થા અને કચેરી ખર્ચ માટે રૂા.૩.૧૯ કરોડની જોગવાઈને પણ મંજૂરી આપવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાજયના વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં બિન આદિજાતિ વિસ્તારમાં ૧૩૦ અને આદિજાતિ વિસ્તારમાં ૩૨ એમ કુલ ૧૬૨ નવી સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ શરૂ કરવા તેમજ મહેકમ ઊભું કરવા માટે જોગવાઈને વહીવટી મંજુરી આપવા શાળાઓની કચેરી દ્વારા દરખાસ્ત કરવામાં આવી હતી. જેના પગલે સરકાર દ્વારા બિન આદિજાતિ વિસ્તારની ૧૨૯ સરકારી માધ્યમિક તથા ૧ સરકારી ઉચ્ચતર માધ્યમિક અને આદિજાતિ વિસ્તારની ૩૧ સરકારી માધ્યમિક તથા ૧ સરકારી ઉચ્ચતર માધ્યમિક એમ કુલ ૧૬૦ સરકારી માધ્યમિક શાળા તથા ૨ સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ શરૂ કરવાની અને તથા તે શાળાઓ માટે શિક્ષણ સહાયક, વહીવટી સહાયક અને સાથી સહાયકની નવી જગ્યાઓ ઉભી કરવાની મંજૂરી આપવામાં આવી છે. આ સ્કૂલો માટે ૨૪૫ શિક્ષણ સહાયક, ૧૬૦ વહીવટી સહાયક અને ૧૬૦ સાથી સહાયકનું મહેકમ મંજૂર કરવામાં આવ્યું છે. આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારના ભરતી નિયમો અને નિયત ભરતી પદ્ધતિને અનુસરીને કરવાની રહેશે. આ જગ્યાઓ પર નિમણૂંક પારદર્શક પસંદગી પ્રક્રિયા હાથ ધરીને કરવાની રહેશે. સીધી ભરતીથી નિમણૂંક પામનારા ઉમેદવારને નિયમિત નિમણૂંક મળ્યા બાદ નાણાં વિભાગની જોગવાઈ પ્રમાણે રાજય સરકાર દ્વારા ૧ એપ્રિલ, ૨૦૦૫થી દાખલ કરવામાં આવેલી નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે. આ નવી મંજૂર કરેલી જગ્યાઓ જે તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે.

# ધોરણ-૯થી ૧૨ની સ્કૂલો ૧૫મી સુધી વર્ગ વધારા માટે દરખાસ્ત કરી શકશે

## વર્ગ વધારા અને ક્રમિક વર્ગ વધારા માટેની દરખાસ્ત કરવાની મુદતમાં વધારો કરાયો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૯

રાજ્યમાં આવેલી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ચાલુ શૈક્ષણિક વર્ષથી વર્ગ વધારા-ક્રમિક વર્ગ વધારા માટેની દરખાસ્ત કરવાની મુદતમાં વધારો કરાયો છે. જે મુજબ હવે સ્કૂલો ૧૫ ઓગસ્ટ સુધી ઓનલાઈન દરખાસ્ત કરી શકશે. ૧૧ ઓગસ્ટ સુધી સ્કૂલોએ વર્ગ વધારા માટેની ઓનલાઈન અરજી કરવાની રહેશે તેવી સુચના અપાઈ હતી. જોકે, મુદ્દત પૂર્ણ થાય તે પહેલા જ મુદ્દત વધારી દેવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યમાં આવેલી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ચાલુ શૈક્ષણિક વર્ષમાં ધોરણ-૯ અને ૧૦ના વર્ગ વધારા તથા ધોરણ-૧૨ અને ૧૨ના વર્ગ વધારા તથા ક્રમિક વર્ગ વધારાની મંજૂરી માટેની કાર્યવાહી કમિશનર ઓફ સ્કૂલની કચેરી દ્વારા હાથ ધરવામાં આવી છે. શિક્ષણ વિભાગ દ્વારા વર્ગ વધારાની પ્રક્રિયાનું સરળીકરણ કરવામાં આવ્યા બાદ હવે વર્ગ વધારા માટેનું પોર્ટલ તૈયાર કરી તેના પરથી જ ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી છે. ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જૂન-૨૦૨૪થી શરૂ થતાં શૈક્ષણિક વર્ષ માટે ધોરણ- ૯ અને ૧૦ના વર્ગ વધારા તથા ધોરણ-૧૧ અને ૧૨ના વર્ગ વધારા તથા ક્રમિક વર્ગ વધારાની મંજૂરી મેળવવા માટે વર્ગ વધારા માટે સ્કૂલો પાસેથી ૧૧ ઓગસ્ટ સુધી ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી હતી. આમ, વર્ગ વધારા અને ક્રમિક વર્ગ વધારા માટેની જાહેરાત પ્રસિદ્ધ થયા બાદ અનેક સ્કૂલો દ્વારા વર્ગ વધારા માટે ઓનલાઈન દરખાસ્ત કરવામાં આવી હતી. હવે જ્યારે ઓનલાઈન દરખાસ્ત કરવાની કાર્યવાહીને આડે માત્ર બે દિવસનો જ સમય બાકી છે ત્યારે રાજ્યમાં હજુ ઘણી સ્કૂલો એવી છે કે જેમણે હજુ સુધી વર્ગ વધારા માટેની દરખાસ્ત કરી નથી. જેથી આ સ્કૂલો પણ દરખાસ્ત કરી શકે તે માટે કમિશનર ઓફ સ્કૂલની કચેરી દ્વારા વર્ગ વધારા અને ક્રમિક વર્ગ વધારા માટેની ઓનલાઈન અરજી કરવાની મુદતમાં વધારો કર્યો છે. જે મુજબ હવે સ્કૂલો ૧૫ ઓગસ્ટ સુધી વર્ગ વધારા માટે ઓનલાઈન અરજી કરી શકશે.

# બાંગ્લાદેશમાં સર્જાયેલી કટોકટીને લીધે અંકલેશ્વરના ઉદ્યોગને એક અબજનો ફટકો

અંકલેશ્વર, તા.૯। ઈઝરાયલ-હમાસ વચ્ચેના યુદ્ધ બાદ બાંગ્લાદેશમાં ફાટી નીકળેલા ગૃહયુદ્ધને લઈ અંકલેશ્વરના ઉધોગકારો ભીંસમાં મુકાઈ ગયા છે. અંકલેશ્વરથી બાંગ્લાદેશ થતી ૧૦૦ કરોડ ઉપરાંતની નિકાસ પર અનિશ્ચિતતાના વાદળો ઘેરાય ગયા છે. પાડોશી દેશ બાંગ્લાદેશમાં અરાજક્તાભર્યું વાતાવરણ છે. વિદ્રોહીઓએ શેખ હસીનાની સરકારને ઉખાડી ફેંકી છે તો ચારે તરફ હિંસા અને અસ્થિરતા ફેલાઈ છે. પાડોશી દેશમાં કટોકટીની સ્થિતિની આડઅસર ભારતીય ઉદ્યોગો પર પણ પડી રહી છે. ઉદ્યોગ જગતના જાણકારો અનુસાર બાંગ્લાદેશની અરાજકતાના કારણે અંકલેશ્વરના ઉદ્યોગને ૧૦૦ કરોડ ઉપરાંતનો ફટકો પડ્યો છે. બાંગ્લાદેશ ભારત ઉપર મોટી નિર્ભરતા ધરાવે છે. ખેત પેદાશ, કાપડ, પેટ્રોલિયમ પ્રોડક્સ્ટ, પ્લાસ્ટિક અને કેમિકલની ભારત આ પાડોશી દેશમાં નિકાસ કરે છે. દેશનું સૌથી મોટું ઈન્ડસ્ટ્રીયલ ક્લસ્ટર અંકલેશ્વર બાંગ્લાદેશમાં નિકાસ પાછળ મોટી ભૂમિકા ભજવે છે. અંકલેશ્વરથી બાંગ્લાદેશમાં ડાઈઝ અને પ્લાસ્ટિક પ્રોડક્સ્ટની મોટી માત્રામાં નિકાસ કરવામાં આવે છે. ડામાડોળ સ્થિતિમાં ત્યાંના ઉદ્યોગોની આગામી સમયની સ્થિતિ અંગે અત્યારથી અંદાજ લગાવવો મુશ્કેલ બની રહ્યો છે. અંકલેશ્વરથી રવાના થયેલા ઘણા કન્ટેનર માર્ગમાં છે. આ માર્ગસ્થ કન્ટેનરની ડિલિવરી થશે કે નહીં અને થશે તો પેમેન્ટ સહિતની અનિશ્ચિતતાની ચિંતા ઉધોગકારોને સતાવી રહી છે.

# રાજ્યસભામાં વકફ બિલ પર સંયુક્ત પેનલમાં ૧૦ સભ્યોના નામાંકનની દરખાસ્ત પસાર, હવે JPC કરશે વકફ બિલનો અભ્યાસ

(એજન્સી)

નવી દિલ્હી, તા. ૯

રાજયસભામાં વકફ (સુધારા) બિલ ૨૦૨૪ પરની સંયુક્ત સંસદીય સમિતિમાં ભાજપના ચાર અને કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના એક-એક સહિત રાજયસભાના ૧૦ સભ્યોને નામાંકિત કરવાનો પ્રસ્તાવ શુક્રવારે પસાર કરવામાં આવ્યો હતો. અનેક મોકૂફી થયા પછી બપોરના સત્રમાં જયારે ગૃહ ફરી મળ્યું ત્યારે સંસદીય બાબતોના પ્રધાન તથા લઘુમતી બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ વકફ (સુધારા) બિલ ૨૦૨૪ પર સંયુક્ત સમિતિમાં સભ્યોના નામાંકન માટેની દરખાસ્ત મૂકી અને લોકસભાની ભલામણો કે ઉચ્ચ ગૃહ સંયુક્ત સમિતિમાં જોડાય છે તેની સાથે સંમત થયા હતા.

રિજિજુએ એવી પણ રજૂઆત કરી હતી કે, રાજયસભાના ૧૦ સભ્યોને આ સંયુક્ત સમિતિમાં સેવા આપવા માટે નામાંકિત કરવામાં આવે. સભ્યોમાં બ્રિજ લાલ, મેધા વિશ્રામ કુલકર્ણી, ગુલામ અલી, રાધા મોહન દાસ અગ્રવાલ (તમામ ભાજપ), સૈયદ નસીર હુસૈન (કોંગ્રેસ), મોહમ્મદ નદીમુલ હક (AITC), વી. વિજયસાઈ રેડ્ડી (વાયએસઆરસીપી), એમ. મોહમ્મદ અબ્દુલ્લા (ડીએમકે), સંજયસિંહ (આપ) અને નામાંકિત સભ્ય ધર્મસ્થલા વીરેન્દ્ર હેગડેનો સમાવેશ થાય છે. વિરોધ પક્ષના સભ્યોની ગેરહાજરીમાં ધ્વનિ મત દ્વારા દરખાસ્તને અપનાવવામાં આવી હતી જેમણે પ્રારંભિક દિવસમાં વોકઆઉટ કર્યો હતો. વકફ (સુધારા) બિલને લોકસભાના ૨૧ અને રાજયસભાના ૧૦ સભ્યોની બનેલી ગૃહોની સંયુક્ત સમિતિને મોકલવામાં આવ્યું હતું. પેનલને આગામી સંસદ સત્રના પ્રથમ સપ્તાહના છેલ્લા દિવસ સુધીમાં તેનો અહેવાલ સુપરત કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. ગુરૂવારે લોકસભામાં રજૂ કરાયેલા બિલને ભારે ચર્ચા બાદ સંયુક્ત સંસદીય પેનલને મોકલવામાં આવ્યું હતું. સરકારે ભારપૂર્વક જણાવ્યું હતું કે, સૂચિત કાયદો મસ્જિદોના કામકાજમાં દખલ કરવાનો ઈરાદો ધરાવતો નથી જ્યારે વિપક્ષે તેને મુસ્લિમોને નિશાન બનાવવા અને બંધારણ પર હુમલો ગણાવ્યો હતો.

# અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે પર પાંચ કિ.મી. લાંબા ટ્રાફિકજામથી ભારે હાલાકી

## વડોદરા પાસે જાંબુવા બ્રિજના રોડ પર ખાડા પડી જવાના કારણે ચાર દિવસથી ટ્રાફિકજામ સર્જાય છે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૯

વરસાદના કારણે ખાડા પડી જતા વડોદરા નજીક પાંચ કિલોમીટર લાંબો ટ્રાફિકજામ જોવા મળ્યો હતો. છેલ્લા ચાર દિવસથી રોજ સવારે અને સાંજે આ પ્રકારનો ટ્રાફિક જામ સર્જાય છે, જેને કારણે વાહનચાલકો પરેશાન છે. આ સાથે જ આસપાસની સોસાયટીના લોકોને પણ ટ્રાફિકના કારણે અવરજવર કરવામાં ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. રોજેરોજના માથાના દુખાવા સમાન ટ્રાફિકની સમસ્યાથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. વડોદરા પાસે નેશનલ હાઈવે પર સવાર-સવારમાં પાંચ કિલોમીટર લાંબો ટ્રાફિકજામ સર્જાતા મોટી સંખ્યામાં વાહનચાલકો અટવાયા હતા. જાંબુવા બ્રિજથી કપુરાઇ બ્રિજ સુધી ટ્રાફિકજામ થતા લોકો



કલાકો સુધી ફસાઇ ગયા હતા. અહીં દર વખતે ચોમાસામાં વાહનચાલકો પરેશાન થાય છે અને ટ્રાફિકજામમાં ફસાઈ જાય છે. કોઈને હોસ્પિટલ તો કોઈને મહત્ત્વનું કામ હોવાથી લોકો નીકળતા હોય છે, પરંતુ ટ્રાફિકજામના કારણે કોઈ સમયસર પહોંચી શકતું નથી. અમદાવાદથી સુરત તરફ જઈ રહેલા લોકોને ભારે મુશ્કેલી પડી રહી છે. વાહનોની વણજાર લાગતા લોકો પરેશાન થઈ જતા આક્રોશ વ્યક્ત કરી રહ્યા છે.

જાંબુવા બ્રિજની બાજુમાં જ સોસાયટીઓ અને સ્કૂલો આવેલી છે. જેથી સોસાયટીઓના રહીશો સોસાયટીની બહાર નીકળી શકતા નથી અને નીકળે તો ટ્રાફિકજામમાં અટવાય જાય છે. આ ઉપરાંત બાળકોને સ્કૂલે પહોંચવામાં પણ મોડું થઈ જાય છે. ટ્રાફિકજામની સમસ્યા છેલ્લાં ચાર વર્ષથી છે. તેમ સ્થાનિકોએ રોષ ઠાલવતા જણાવ્યું હતું.

સચિનના કપલેથા ચેકપોસ્ટ પરથી

# ૩૫ લાખના એમડી ડ્રગ્સ પ્રકરણમાં ભાજપ લઘુમતી મોરચાના ઉપપ્રમુખના પુત્રની ધરપકડ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૯

શેહરના ઉધના દરવાજા પાસેની હોટેલમાંથી ૩ અઠવાડિયા પહેલાં રાજસ્થાનના કોલેજિયન યુવક પાસેથી ૩૫ લાખનું એમડી ડ્રગ્સ પકડાયું હતું. આ ગુનામાં ભાજપના લઘુમતી મોરચાના ઉપપ્રમુખનો પુત્ર મોહંમદ રેહાનની સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે ગુરૂવારે સવારે સચિનના કપલેથા ચેકપોસ્ટ પાસેથી ધરપકડ કરી હતી. રવિવારે સવારે ઉધના દરવાજાની હોટેલમાંથી ચેતન શાહુ ૩૫ લાખના એમડી સાથે પકડાયો હતો. તેના એક દિવસ પહેલાં મોહંમદ રેહાન અંસારી તેની પાસેથી ૫૦ ગ્રામ એમડી લઈ આવ્યો હતો. પોલીસ મોહંમદ રેહાનની કોલ ડિટેઈલની તપાસ કરે તો શહેરના પોશ વિસ્તારમાં રહેતા મોટા ઘરના નબીરાઓનાં નામો સામે આવી શકે એમ છે. કેમ કે રેહાન ખાસ કરીને શહેરના પોશ વિસ્તારોમાં એમડી ડ્રગ્સ વેચાણ કરતો હોવાની વાત સામે આવી રહી છે. ખાસ કરીને તે ગ્રાહકોને વોટસએપના માધ્યમથી ડ્રગ્સ સપ્લાય કરતો હતો. અત્યાર સુધીમાં એમડી ડ્રગ્સ કેસમાં રાજસ્થાનનો ચેતન શાહુ, હિંદુ યુવા વાહિની સુરતનો પ્રમુખ વિકાસ આહીર અને અનિષ ઉર્ફે અનુ લાકડાવાલા પકડાયા છે, જયારે એમડી ડ્રગ્સ ચેતન શાહુને આપનારા રાજસ્થાનના જાવેદને પકડવા માટે એસઓજીની ટીમ થોડા દિવસ પહેલાં રાજસ્થાન ગઈ હતી. જો કે તે મળ્યો ન હતો. ત્યાર બાદ આ ગુનામાં જમીલ અહમદ અંસારી (૨૬) (રહે, પંચશીલનગર, ભાઠેના, મૂળ રહે, હર્ષવાડા ગામ, યુપી)નું નામ ખુલતાં પોલીસે તેની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

# પાકિસ્તાનીઓ શાસક પક્ષ સામે ઊભા થયા દેશના ખૂણે-ખૂણેથી ગુસ્સો બહાર આવ્યો

## રાજધાની ઈસ્લામાબાદમાં હજારો લોકોએ વીજળીના બિલમાં વધારો કરવાનો વિરોધ કર્યો હતો અને દક્ષિણ-પશ્ચિમના એક મોટા બંદર શહેરમાં ડઝનેક લોકો સાથે સુરક્ષા અધિકારીઓની અથડામણ થઈ હતી

(એજન્સી) તા.૯

પાકિસ્તાનના લગભગ દરેક ખૂણામાં શાસક વર્ગ પ્રત્યે લોકોનો ગુસ્સો અણી પર છે. રાજધાની ઈસ્લામાબાદની બહાર હજારો લોકોએ વીજળીના બિલમાં વધારો કરવાનો વિરોધ કર્યો છે. દક્ષિણપશ્ચિમના એક મોટા બંદર શહેરમાં ડઝનેક લોકોએ સુરક્ષા અધિકારીઓ સાથે અથડામણ કરી છે જેને તેઓએ કાર્યકર્તાઓના બળજબરીથી ગાયબ થવાનું વર્ણન કર્યું છે. ઉત્તરપશ્ચિમમાં વિરોધીઓએ આતંકવાદી હુમલાઓમાં તાજેતરના વધારા માટે દેશના નેતાઓને ચેતવણી આપી છે.

છેલ્લાં કેટલાંક અઠવાડિયાંના વિરોધ પ્રદર્શનો પાકિસ્તાનની અસ્થિર, પાંચ મહિના જૂની સરકાર અને તેની સૈન્ય પ્રત્યે હતાશા દર્શાવે છે. આ અશાંતિ પાકિસ્તાનને રાજકીય ઉથલપાથલના ઊંડાણમાં પાછું ડૂબવાની ધમકી આપે છે અને ઘણાને આશા હતી કે અશાંતિ ફેબ્રુઆરીની સામાન્ય ચૂંટણી પછી શમી જશે પણ તે તાજેતરના વર્ષોમાં ભડકેલી છે. પાકિસ્તાનના નેતાઓ ચોમાસાની સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. અર્થતંત્ર દાયકાઓમાં તેની સૌથી ખરાબ કટોકટીનો સામનો કરી રહ્યું છે. નેતાઓ દ્વારા ચાલાકી પછી વ્યાપકપણે જોવામાં આવતી ચૂંટણી પરનો ગુસ્સો સ્પષ્ટ છે. પાડોશી અફઘાનિસ્તાનમાં તાલિબાન સત્તા પર પાછા ફર્યા બાદ આતંકવાદી



હિંસા ફરી વળી છે અને પાકિસ્તાની રાજનીતિ પહેલા કરતાં વધુ ધ્રુવીકરણ પામી છે, દેશની સૌથી લોકપ્રિય રાજકીય વ્યક્તિ લશ્કર સાથેના કડવાશ બાદ જેલમાં બેઠી છે. વર્તમાન વડાપ્રધાન શેહબાઝ શરીફના વહીવટીતંત્રે તેની કાયદેસરતા સ્થાપિત કરવા માટે સંઘર્ષ કર્યો છે.

૨૦૨૨માં શરીફ પ્રથમ વખત ઓફિસમાં આવ્યા ત્યારથી, પાકિસ્તાનના જનરલોએ અસંમતિને દૂર કરવા માટે વધુને વધુ મહેનત કરી છે. ઈન્ટરનેટ સામગ્રીને સેન્સર કરવા માટે રાષ્ટ્રીય ફાયરવોલ સ્થાપિત કરવામાં આવી છે, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ ને અવરોધિત કરવામાં આવ્યું છે, સુરક્ષા દળોએ રાજકીય વિરોધીઓની ધરપકડ કરી છે અને નાગરિક સરકારમાં મુખ્ય હોદ્દાઓ પર જનરલોને સ્થાપિત કરવામાં આવ્યા છે.

ઈસ્લામાબાદના રાજકીય વિશ્લેષક, ઝાહિદ હુસૈન, નાગરિક અને લશ્કરી નેતાઓ વચ્ચેના જૂના પાવર-શેરિંગ ગતિશીલતાનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, “તે હાઈબ્રિડ નિયમ કરતાં વધુ છે. આ વ્યવસ્થા નાગરિકોના ગુસ્સા સાથે લશ્કરી શાસન છે.” સોમવારે અફઘાનિસ્તાનની સરહદે આવેલા ઉત્તર-પશ્ચિમ પ્રાંત ખૈબર પખ્તુનખ્વામાં પાકિસ્તાની તાલિબાન અને સ્થાનિક ઈસ્લામિક સ્ટેટ સંલગ્ન જૂથો સહિતના જૂથો દ્વારા આતંકવાદી હુમલામાં થયેલા વધારા સામે તાજેતરના વિરોધમાં સેંકડો લોકો એકઠા થયા હતા. “જાઓ, જાઓ, સરહદ પર જાઓ,” વિરોધીઓએ સૂત્રોચ્ચાર કર્યા, સૈન્યને સ્થાનિક રાજકારણને બદલે સુરક્ષા પર ધ્યાન કેન્દ્રિત કરવા વિનંતી કરી હતી.

બલુચિસ્તાન પ્રાંતના એક શહેર ગ્વાદરમાં ઓછામાં ઓછા ત્રણ લોકો માર્યા ગયા હતા. પ્રદર્શનમાં બલુચ વંશીય લઘુમતી કાર્યકરો પર અર્ધલશ્કરી ક્રેકડાઉનનો અંત લાવવાની માંગણી કરવામાં આવી હતી, જેઓ પ્રદેશના સંસાધનોના બહારના શોષણનો વિરોધ કરી રહ્યા હતા, તેમજ રાવલપિંડીમાં, ઈસ્લામિક પક્ષ સાથે જોડાયેલા વિરોધીઓ જીવનનિર્વાહના વધતા ખર્ચ પર ગુસ્સો વ્યક્ત કરવા માટે એકઠા થયા હતા. સરકારે તાજેતરમાં વીજળીના ભાવમાં ૨૦ ટકાનો વધારો કર્યો હતો, તેઓએ આ પગલાને $૭૦૦ કરોડ IMF લોનનું પાલન કરવા માટે જરૂરી ગણાવ્યું હતું.

# ઉદ્યોગ જૂથ : UKના રમખાણો વચ્ચે પત્રકારો સાથે દુર્વ્યવહારમાં વધારો થયો

(એજન્સી) લંડન, તા.૯

યુકેમાં તાજેતરના જમણેરી રમખાણોને કવર કરી રહેલા પત્રકારો સામે સતામણી અને દુર્વ્યવહારના કેસોમાં છેલ્લા બે સપ્તાહમાં વધારો થયો છે, જેની કારણે ઉદ્યોગ જૂથો અને રાજકારણીઓ દ્વારા નિંદા કરવામાં આવી છે. ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ જર્નાલિસ્ટ્સે જણાવ્યું હતું કે, તેમણે ઘણી ઘટનાઓનું દસ્તાવેજીકરણ કર્યું છે જ્યાં અશાંતિ અંગે રિપોર્ટિંગ કરનારા પત્રકારોને મૌખિક અને શારીરિક રીતે ધમકી આપવામાં આવી હતી અને કેટલાકના સાધનોનો નાશ કરવામાં આવ્યો હતો. નેશનલ યુનિયન ઓફ જર્નાલિસ્ટ્સના જનરલ સેક્રેટરી મિશેલ સ્ટેનિસ્ટ્રીટે જણાવ્યું હતું કે, આ આધુનિક સમયમાં સૌથી ખરાબ અને સૌથી વધુ વ્યાપક જાહેર વ્યવસ્થાની વિક્ષેપ છે જે યુકેના સૌથી સંવેદનશીલ સમુદાયોને ભયભીત કરવા માટે રચાયેલ હોય તેવું દેખાય છે. આ ઘટનાઓને કવર કરતા પત્રકારો પણ સંપૂર્ણપણે અસ્વીકાર્ય હિંસા અને ધાકધમકીનો ભોગ બન્યા છે. તેણીએ પોલીસ અને નોકરીદાતાઓને મીડિયા કર્મચારીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા હાકલ કરી હતી. તેણીએ કહ્યું, ‘યોગ્ય સાધનોનો ઉપયોગ અને જોડીમાં અથવા અન્ય બેકઅપ સાથે કામ કરવાની ક્ષમતા ફ્રીલાન્સર્સ તેમજ સ્ટાફ માટે સર્વોપરી છે.’ ઘટનાઓમાં બેલફાસ્ટ ટેલિગ્રાફ




ફોટોગ્રાફર કેવિન સ્કોટ પરના હુમલાનો સમાવેશ થાય છે, જેમના વાહનને ઉત્તર બેલફાસ્ટમાં માસ્ક પહેરેલા માણસોના ટોળાએ નુકસાન પહોંચાડ્યું હતું, જ્યારે એલબીસી અને સ્કાય ન્યુઝના પત્રકારોને ધમકી આપવામાં આવી હતી અને બર્મિંગહામમાં સમુદાયના મેળાવડાને કવર કરતી વખતે વિસ્તાર છોડવાની ફરજ પાડવામાં આવી હતી. કેટલાક રાજકારણીઓએ હિંસા પ્રત્યે સરકારના પ્રતિભાવની ટીકા કરી છે, ખાસ કરીને એવા કિસ્સાઓમાં કે જ્યાં મહિલા પત્રકારોને નિશાન બનાવવામાં આવ્યા હતા. કેટલીક મીડિયા કંપનીઓએ તેમના પત્રકારોને સુરક્ષામાં વધારો કર્યો છે અને અન્ય લોકોને ઘરેથી કામ કરવાની સલાહ આપી છે. ૨૯ જુલાઈના રોજ સાઉથપોર્ટમાં સામૂહિક છરાબાજીને પગલે ઈમિગ્રન્ટ વિરોધી ડિસઈન્ફોર્મેશન ઝુંબેશને કારણે યુકેમાં પાછલા વર્ષોમાં સૌથી વધુ હિંસક વિક્ષેપોથી ઘેરાયેલું છે જેમાં ત્રણ બાળકો માર્યા ગયા છે. નેશનલ પોલીસ ચીફસ કાઉન્સિલે અહેવાલ આપ્યો છે કે, ટોળા દ્વારા મસ્જિદો અને હોટલોને આશ્રય મેળવનારાઓને નિશાન બનાવતા, વાહનોમાં આગ લગાવી અને પોલીસ પર હુમલો કરવામાં આવતા, રમખાણો દરમિયાન લગભગ ૫૦૦ ધરપકડો સાથે ઓછામાં ઓછા ૧૪૦ લોકો પર આરોપ મૂકવામાં આવ્યો હતો.

# પોપે મધ્ય-પૂર્વના સંઘર્ષની વૃદ્ધિને રોકવા માટે આહ્‌વાન કર્યું, ‘ગાઝાથી શરૂઆત કરો’

(એજન્સી) તા.૯

પોપ ફ્રાન્સિસે ગઈકાલે મધ્ય પૂર્વમાં વધતા જતા સંઘર્ષનો અંત લાવવાના તેમના આહ્વાનને પુનરાવર્તિત કર્યું અને ગાઝા પટ્ટીથી શરૂ કરીને તમામ મોરચે તાત્કાલિક યુદ્ધવિરામની તરફેણ કરી છે. સમાચાર મુજબ પોપે તેમના સાપ્તાહિક પ્રેક્ષકોના સમાપન પર જણાવ્યું કે "હું ખૂબ જ ચિંતા સાથે મધ્ય પૂર્વની સ્થિતિને અનુસરી રહ્યો છું."

તેમણે જણાવ્યું કે "હું સંઘર્ષમાં સામેલ



તમામ પક્ષોને મારી અપીલને પુનરોચ્ચાર કરૂં છું કે સંઘર્ષને વધારે નહીં વધે અને ગાઝાથી શરૂ કરીને તમામ મોરચે તાત્કાલિક યુદ્ધવિરામ લાગુ કરો જ્યાં માનવતાવાદી પરિસ્થિતિ ખૂબ જ ગંભીર અને અસ્થિર છે."

તેમણે જણાવ્યું કે, "હું પ્રાર્થના કરૂં છું કે તકરારનો અંત લાવવા માટે શાંતિની પ્રામાણિક શોધ થાય, તે પ્રેમ નફરત પર વિજય મેળવે અને ક્ષમા દ્વારા વેરને નિઃશસ્ત્ર કરવામાં આવે."

# નેતાન્યાહુ ‘સૌથી ચાલાક, સૌથી નિર્દયી નેતા’ : અનુભવી રાજદ્વારી

(એજન્સી) તા.૯

એક વરિષ્ઠ રાજદ્વારી અને ભૂરાજકીય વિશ્લેષકે ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતાન્યાહુને વિશ્વના “સૌથી ચાલાક, સૌથી નિર્દય નેતા” તરીકે વર્ણવ્યા છે. કિશોર મહબૂબાનીએ રેડિયો શો ડેઈલી કટ્સના હોસ્ટ મેલાની ઓલિવરોને જણાવ્યું કે, “મને ઘણા નેતાઓને મળવાનું સૌભાગ્ય મળ્યું છે, પરંતુ જો તમે મને આજે વિશ્વના સૌથી ચાલાક અને સૌથી નિર્દયી નેતાનું નામ પૂછો, તો હું કહીશ. હું કહીશ કે તે નેતાન્યાહુ છે.

મહબૂબાની ૭૫, એક લેખક અને વરિષ્ઠ રાજદ્વારી છે જેમણે ૧૯૮૪-૧૯૮૯માં સંયુક્ત રાષ્ટ્રમાં સિંગાપોરનું પ્રતિનિધિત્વ કર્યું હતું અને ફરીથી ૧૯૯૮ અને ૨૦૦૪ વચ્ચે, જ્યારે તેઓ ૨૦૦૧-૨૦૦૨માં UN સુરક્ષા પરિષદના પ્રમુખ હતા. નેતાન્યાહુ માટે મૈત્રીપૂર્ણ રાજદ્વારીએ જણાવ્યું કે ઈઝરાયેલના વડા “બૌદ્ધિક રીતે તેજસ્વી... એકદમ તેજસ્વી છે.”

ઓલિવરોના જણાવ્યા અનુસાર, થોડા વર્ષો પહેલા મહબૂબાનીએ નેતાન્યાહૂ અને તેમની પત્નીને તેમના ન્યૂયોર્ક નિવાસસ્થાને રાત્રિભોજન માટે આમંત્રણ આપ્યું હતું. “પરંતુ, દુર્ભાગ્યે અને હું ઈઝરાયલના મિત્ર તરીકે કહું છું, તે દેશને યોગ્ય દિશામાં લઈ જઈ રહ્યા નથી, “મહબૂબાનીએ ઓલિવરોને જણાવ્યું કે, જેમણે નેતાન્યાહુને “વિવાદાસ્પદ વ્યક્તિ” ગણાવ્યા.

મહબૂબાનીએ ન્યૂયોર્ક ટાઈમ્સના




કટારલેખક થોમસ ફ્રાઈડમેનને ટાંકીને જણાવ્યું કે, “નેતાન્યાહુએ જેલમાંથી બચવા અંગેની પોતાની અંગત ચિંતાઓનું ધ્યાન રાખવું કે ઈઝરાયેલની રાષ્ટ્રીય ચિંતાઓનું ધ્યાન રાખવા વચ્ચે નિર્ણય લેવો પડશે.”

યુનાઈટેડ અરબ અમીરાત અને સાઉદી અરેબિયાનો ઉલ્લેખ કરતા, મહબુબાનીએ જણાવ્યું કે “ઈઝરાયેલ પાસે આજે તેના અરબ પડોશીઓ સાથે શાંતિ સ્થાપવાની નોંધપાત્ર તક છે.”

મહબૂબાનીએ જણાવ્યું કે, “આ ઈઝરાયલી લોકો માટે શાંતિ અને સ્થિરતાની બાંયધરી આપશે અને તે જ સમયે, તે પેલેસ્ટીની લોકોને પોતાનું રાષ્ટ્ર બનાવવા માટે સક્ષમ બનાવશે. આને તેઓ બે-રાજ્ય ઉકેલ કહે છે, “ઉમેર્યું કે ઈઝરાયેલીઓ” ૭ ઓક્ટોબરે જે બન્યું તેનાથી તેઓ ખૂબ જ આઘાતમાં છે. તેઓ સમજદારીથી કામ કરવાને બદલે ગુસ્સાથી પ્રતિક્રિયા આપી રહ્યા છે.”

૭ ઑક્ટોબર ૨૦૨૩ના રોજ હમાસ દ્વારા કરાયેલા હુમલા પછી, તાત્કાલિક યુદ્ધવિરામની માગણી કરતા યુએન સિક્યુરિટી કાઉન્સિલના ઠરાવની અવગણના કરીને ઈઝરાયેલ ગાઝા પર તેના સતત ક્રૂર હુમલા બદલ આંતરરાષ્ટ્રીય ટીકાનો સામનો કરી રહ્યું છે.

# UKમાં રમખાણો વચ્ચે સ્કોટલેન્ડના પૂર્વ પ્રથમ પ્રધાન હમઝા યુસુફનો હિજરતનો વિચાર

(એજન્સી) તા.૯

સ્કોટલેન્ડના ભૂતપૂર્વ પ્રથમ પ્રધાન હુમઝા યુસુફે સમગ્ર ઈંગ્લેન્ડ અને ઉત્તરી આયર્લેન્ડમાં અત્યંત જમણેરી રમખાણોને પગલે સ્કોટલેન્ડમાં તેમના પરિવારના ભવિષ્ય વિશે શંકા વ્યક્ત કરી છે. ન્યૂઝ એજન્ટ્સ પોડકાસ્ટ પર બોલતા, યુસુફે જમણેરી હિંસા પર વધતી જતી તેની ચિંતાઓ વ્યક્ત કરી, જેમાં આશ્રય મેળવનારાઓને આવાસ આપતી હોટલ પર આગચંપીનો હુમલો અને મસ્જિદો પરના હુમલાનો સમાવેશ થાય છે. આ ઘટનાઓની અસર વિશે પ્રતિબિંબિત કરતા યુસુફે કહ્યું, તે એકદમ ભયાનક લાગ્યું છે, મને ખબર નથી કે મારૂં અને મારી પત્ની અને મારા ત્રણ બાળકોનું ભવિષ્ય અહીં સ્કોટલેન્ડ, યુનાઈટેડ કિંગડમ અથવા ખરેખર યુરોપ અને પશ્ચિમમાં હશે.

સ્કોટલેન્ડમાં જન્મેલા અને ઉછરેલા યુસુફ અને ડુંડી સિટી કાઉન્સિલના SNP કાઉન્સિલર પેલેસ્ટીની નાદિયા અલ-નકલા સાથે લગ્ન કરનાર યુસુફ, સ્કોટિશ રાષ્ટ્રીય પક્ષ અને સ્કોટિશ સરકારના ભૂતપૂર્વ નેતા તરીકેની તેમની ભૂમિકાની નોંધ લેતા, દેશ સાથેના તેમના ઊંડા સંબંધો વિશે વાત કરી હતી. જો કે સ્કોટલેન્ડના પ્રથમ મુસ્લિમ



નેતા તરીકે ઈતિહાસ રચવા છતાં તેમણે ઈસ્લામોફોબિયાના ઉદ્‌ભવ વિશે તેમની લાંબા સમયથી ચાલી આવતી ચિંતાઓ વ્યક્ત કરી હતી, જેમાં જણાવ્યું હતું કે, અમે હવે ખરેખર વર્ષોની પરાકાષ્ઠા જોઈ રહ્યા છીએ, દાયકાઓથી સ્થળાંતર વિરોધી, મુસ્લિમ વિરોધી પ્રવચન સામાન્ય કરવામાં આવી રહ્યું છે.

તેણે જાહેર કર્યું કે, મુસ્લિમ સમુદાયના ઘણાં લોકો તેનો ડર વ્યક્ત કરે છે, અને કહ્યું કે તેમને સમાન ચિંતાઓ દર્શાવતા સેંકડો સંદેશાઓ પ્રાપ્ત થયા છે. યુસુફે પાકિસ્તાની ઓળખ કાર્ડ મેળવવામાં તેના પિતાની અગમચેતીને પણ યાદ કરી, એક સાવચેતી જે એક સમયે હાંસી ઉડાવવામાં આવતી હતી પરંતુ હવે તે અદભૂત લાગે છે. બીબીસી ન્યૂઝ મુજબ, પોલીસ સ્કોટલેન્ડના આસિસ્ટન્ટ ચીફ કોન્સ્ટેબલ ગેરી રિચીએ જણાવ્યું હતું કે, તેઓ આગામી સપ્તાહોમાં સ્કોટલેન્ડમાં આયોજિત કેટલાક વિરોધ અને પ્રતિરોધથી વાકેફ છે. તેમણે એમ કહીને નોંધ્યું હતુ કે અમે સમજીએ છીએ કે યુનાઈટેડ કિંગડમના અન્ય ભાગોમાં હિંસક અવ્યવસ્થા ચિંતાનું કારણ બની રહી છે અને અમે ઉન્નત પેટ્રોલિંગ અને પ્રત્યક્ષ જોડાણ દ્વારા દેશભરના સમુદાયોને આશ્વાસન આપવાનું ચાલુ રાખીએ છીએ. સ્કોટલેન્ડમાં હિંસા અથવા અવ્યવસ્થાની કોઈપણ સંભવિતતાને ઝડપથી ઓળખવામાં આવે અને તરત જ જવાબ આપવામાં આવે તેની ખાતરી કરવા માટે અમે પરિસ્થિતિનું નિરીક્ષણ કરવાનું ચાલુ રાખીશું. હિજરત એ સ્થળાંતર માટેનો અરબી શબ્દ છે, જેમાં સામાન્ય રીતે સલામતી અથવા ધાર્મિક સ્વતંત્રતા માટે બિન-મુસ્લિમ બહુમતી ધરાવતા દેશમાંથી મુસ્લિમ બહુમતી ધરાવતા દેશમાં જવાનો સમાવેશ થાય છે. જ્યારે યુસુફે ખાસ કરીને હિજરતનો ઉલ્લેખ કર્યો ન હતો, ત્યારે વધતા ઈસ્લામોફોબિયા અને તેના પરિવારની સલામતી અંગે તેની વ્યક્ત કરેલી ચિંતા સૂચવે છે કે તે આવા પગલા વિશે વિચારી શકે છે.





અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત રાજ્ય

રાજ્ય સરકાર દ્વારા
“રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩” (N.F.S.A.)
હેઠળ સમાવિષ્ટ ૭૪ લાખથી વધુ રેશન કાર્ડ ધારક
કુટુંબોની ૩.૬૦ કરોડ જનસંખ્યાને

PRADHANMANTRI GARIB KALYAN ANNA YOJANA

“પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના”
અંતર્ગત ઑગસ્ટ - ૨૦૨૪ માસના ઘઉં, ચોખા, બાજરી અને જુવારના
વિનામૂલ્યે વિતરણની જાણકારી

| ક્રમ | અનાજ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | જિલ્લા |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | અંત્યોદય કુટુંબો(AAY) | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. | તમામ જિલ્લાઓ |
| ૨ | | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| ૩ | ચોખા | અંત્યોદય કુટુંબો(AAY) | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. | તમામ જિલ્લાઓ |
| ૪ | | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. | |
| ૫ | બાજરી | અંત્યોદય કુટુંબો(AAY) | કાર્ડ દીઠ ૫ કિ.ગ્રા. | તમામ જિલ્લાઓ (વડોદરા સિવાય) |
| ૬ | | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | વ્યક્તિ દીઠ ૧ કિ.ગ્રા. | |
| ૭ | જુવાર | અંત્યોદય કુટુંબો(AAY) | કાર્ડ દીઠ ૫ કિ.ગ્રા. | વડોદરા |
| ૮ | | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | વ્યક્તિ દીઠ ૧ કિ.ગ્રા. | |

રાજ્ય સરકારની ચણા, તુવેરદાળ, ખાદ્યતેલ, ખાંડ અને મીઠાના
રાહતદરે વિતરણ સંબંધિત યોજનાઓની અગત્યની જાણકારી

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ (ઉપલબ્ધિ મુજબ) | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિલો.ગ્રા. ₹ |
|---|---|---|---|---|
| ૧ | ચણા | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૩૦ |
| ૨ | તુવેર દાળ | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૫૦ |
| ૩ | જન્માષ્ટમીના તહેવાર નિમિત્તે ખાદ્ય તેલ (સીંગતેલ) | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ લિ.પાઉચ | ૧૦૦ |
| ૪ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૧૫ |
| ૫ | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૨૨ |
| ૬ | જન્માષ્ટમીના તહેવાર નિમિત્તે વધારાની ખાંડ | અંત્યોદય કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧૫ |
| ૭ | | બીપીએલ કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૨૨ |
| ૮ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧ |

ઑગસ્ટ - ૨૦૨૪ માસનું વિતરણ
તારીખ ૦૧/૦૮/૨૦૨૪ થી ૩૧/૦૮/૨૦૨૪ સુધી ચાલુ રહેશે.

લાભાર્થી પુરવઠાને લગતી પોતાની ફરિયાદ હેલ્પલાઈન નં.૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫
તેમજ “My Ration” મોબાઈલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

## તંત્રીલેખ ...... ગુજરાત ટુડે

# વકફ એટલે મઝહબી - ધર્માદાના ઈસ્લામી હેતુ માટેની સ્થાવર-જંગમ મિલ્કતનું કોઈપણ મુસ્લિમનું કાયમી વાલીપણું ગણાય....

**જ્યા**રથી કેન્દ્રમાં નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની ભાજપ-NDA સરકાર આવી છે ત્યારથી તેના કાર્યકાળના એક દાયકા કરતા વધુ સમય દરમ્યાન દેશની સૌથી મોટી ધાર્મિક લઘુમતીને લાગે વળગે છે ત્યાં સુધી આ સરકાર દ્વારા એક પછી એક એવા પગલાં લેવામાં આવ્યા છે જેના પરથી એ દીવા જેવું ચોખ્ખું બન્યું છે કે, જે સરકાર પાસે સમાનતાની આશા રાખવામાં આવતી હતી એ ઠગારી નીવડી છે અને ભાજપ પ્રેરિત NDA સરકાર આદુ ખાઈને મુસ્લિમ લઘુમતીની પાછળ પડી ગઈ હોય એવું અભિપ્રેત થાય છે અને જેની અનુભૂતિ માત્ર મુસ્લિમો નહી પણ દેશની દરેક લઘુમતીઓ કરી રહી છે. મુસ્લિમોના આર્થિક, સામાજિક અને ધાર્મિક અધિકારો જે બંધારણમાં સામેલ કરવામાં આવ્યા છે એ મૂળભૂત અધિકારો છીનવી લેવાની અને બને ત્યાં સુધી એ અધિકારોનું પાલન ન થઈ શકે એવી કુચેષ્ટાની શ્રૃંખલા શરૂ થઈ છે જેની સૌથી વધુ ઘાતક અને સૌથી વધુ ભયંકર કડી એટલે વકફ એક્ટ સુધારા ખરડો છે. ગુરૂવારના દિવસે કેન્દ્ર સરકારના લઘુમતી બાબતોના મંત્રી કિરણ રિજીજુએ આ વિવાદાસ્પદ ખરડો લોકસભામાં રજૂ કરતા જ કોંગ્રેસ સહિત તમામ વિરોધ પક્ષોના સભ્યોએ એકી અવાજ જબરજસ્ત વિરોધ કરીને એવો હંગામો મચાવી દીધો કે સરકારને આ ખરડો સંસદીય સમિતિને સમીક્ષા માટે મોકલવાની ફરજ પડી છે. હવે શું ફેંસલો થાય છે તેની સૌને આતુરતા છે પણ સરકારે આ ખરડો લાવીને કુચેષ્ટાઓ જે મુસ્લિમ વિરોધી જે પગલાં લઈને કરવામાં આવી રહી છે તેની તમામ હદો આ ખરડા સાથે પાર કરી દીધી છે. કેમ કે આ સમગ્ર ખરડો મુસ્લિમોના મૂળભૂત ધાર્મિક બંધારણીય અધિકારો પર સીધી તરાપ મારે છે. એટલે વકફ સુધારા ખરડો આઝાદી પછી બંધારણના માનવતાવાદી ઘડવૈયાઓએ સૌથી મોટી ધાર્મિક લઘુમતી મુસ્લિમોને આપેલા એમની સંસ્થાઓના માલિકી અને વહીવટી અધિકારોનો ભંગ કરે છે એટલે જ સંસદમાં સરકાર પર માછલાં ધોઈને સાફ કહી દીધું હતું કે આ ખરડો મુસ્લિમોને દુશ્મનનો છે પણ જે ગેરબંધારણીય અને અત્યંત કઠોર અને ક્રૂર કાયદો પણ ગેરબંધારણીય પણ છે. ખરડો રજૂ કરતી વખતે લઘુમતી બાબતોના મંત્રી દ્વારા જે કારણો અને ખુલાસા કરવામાં આવ્યા એ તો અત્યંત હાસ્યાસ્પદ અને અતાર્કિક હતા. સરવાળે સંસદમાં જે ઊહાપોહ થયો છે એ બિલકુલ યોગ્ય અને સમયસરનો હતો. વિરોધ પક્ષોએ સરકારને છેવટે ફરજ પાડી છે પણ જરૂર મુજબના સુધારા કરવાનું પુરતું નહી પડે કેમ કે આ ખરડા પાછના ગુપ્ત એજડા ખૂબ ભયાનક છે કેમ કે, સદીઓથી મુસ્લિમો પાસે રહેલી અને એમની માલિકીની ગણાતી વકફની મિલકતો સરકારી કબજામાં લેવાનું આ દેખીતું ષડયંત્ર છે એટલે સરકાર આ વિવાદાસ્પદ આ ખરડો પાછો ખેંચી લે એ દેશના હિતમાં રહેશે.

વાસ્તવિકતા એ છે કે, આ આખો ખરડો માત્ર અને માત્ર વકફ મિલકતો પર સરકારી કબજો લઈ લેવાના બાદ અને મલિન ઈરાદા સાથે લેવામાં આવ્યા છે. સરકારે ભલે ગમે તે કારણો આપ્યા હોય વાસ્તવિક હેતુ જે સરકારનો છે એ અત્યંત ચોંકાવી દેનારો છે.

આ ખરડાનું અર્થઘટન કરતા પહેલા એ જરૂરી છે કે, વકફ શું છે. તેનું સ્પષ્ટીકરણ કરી એ પહેલા સમજવું જોઈએ વકફ શું છે અને વકફ મિલકતો કોના અધિકાર ક્ષેત્રમાં હોવી જોઈએ અને બંધારણ શું કહે છે, એ આપણે જાણવું જરૂરી છે. વકફના કેટલાક જાણીતા નિષ્ણતોનું સાફ મંતવ્ય છે કે, ઈસ્લામી ધાર્મિક કે ચેરિટેબલ હેતુઓ માટેની દરેક જંગમ અને સ્થાવર મિલકતો એ વકફ છે. જેના પર કોઈપણ મુસ્લિમ કાયમી રીતે મુતવલ્લી ગણાય. સીધા અર્થમાં અને સરળ ભાષામાં કહીએ તો મજહબી કે ચેરિટેબલ હેતુ માટેની સ્થાવર કે જંગમ મિલકત મુસ્લિમો માટે કાયમી સમર્પિત અને અધિકાર ક્ષેત્રમાં હોય તેને વકફ. વકફના જાણીતા અભ્યાસુ અને નિષ્ણાત કહે છે કે અંબાણીનો મુબઈમાં આવેલો મહેલ એન્ટેલીઆ બચાવવા માટે જ મોદી વકફ સુધારાનો નવો કાયદો લાવી રહ્યા છે. હકીકત એ છે કે, જે જમીન પર અંબાણીનો મહેલ બનેલો છે એ જમીન વકફ બોર્ડની છે. અગાઉ આ જમીન પર યતિમખાનું બનેલું હતું પણ અંબાણીએ ગરબડ ગોટાળા અને ધોકો કરીને આ જમીન પડાવી લીધી હતી. હાઈકોર્ટે પણ સ્વીકાર્યું છે કે, મુકેશ અંબાણીએ જમીન ખરીદતા સમયે વકફ એક્ટની કલમ ૩૨(૨)નો ભંગ કર્યો છે એટલે ગમે ત્યારે આ મહેલને તોડી પાડવાનો અદાલત આદેશ આપી શકે છે. એટલે પોતાના માલિકને બચાવવાના બદઈરાદા સાથે દેશના કરોડો લોકોને ટારગેટ કરવા એ અત્યંત શરમજનક અને વખોડવાલાયક પગલું છે.

લખનૌ ઈદગાહના ઈમામ મૌલાના ખાલીદરશીદ ફિરંગીમહલી જણાવે છે કે, દરેક ધર્મને મિલકત સહિતની બાબતોનું સંચાલન કરવાનો અધિકાર છે ત્યારે દરેક રાજ્યના વકફ બોર્ડમાં બિનહિન્દુઓને કઈ રીતે સભ્ય તરીકે સામેલ કરી શકાય છે ? જમાતે ઈસ્લામી હિન્દના પ્રમુખ સૈયદ સાદતુલાહ હુસૈની જણાવે છે કે, વકફ સુધારા ખરડો મુસ્લિમ સમાજને કોઈ કાળે સ્વીકાર્ય નથી કેમ કે આ ખરડો વકફ મિલકતો માટેની મુસ્લિમોની મળેલી સત્તા અને અધિકારને હાંસિયામાં ધકેલી દે છે. જેનાથી વકફ મિલકતોની અખંડિતતાને પણ ગંભીર અસર થઈ શકે છે એટલે સરકારે આ ખરડો પાછો લઈ લેવો જોઈએ.

મૂળભૂત રીતે વકફનો કાયદો ૧૯૨૩માં બન્યો હતો એ પછી કોંગ્રેસે આઝાદી બાદ ૧૯૫૪માં વકફ એક્ટ બનાવ્યો જેથી કરીને મુસ્લિમો વકફ મિલકતોનો વહીવટ કરી શકે. પણ મોદી સરકારે તો તેના ઘાતક ખરડાથી વકફની આખી વ્યાખ્યા બદલી નાખી છે. નવા બિલમાં જોગવાઈ એવી છે કે, ફકત કાયદેસરના માલિક જે છેલ્લા પાંચ વર્ષથી મુસ્લિમ હોય તે જ વકફ દસ્તાવેજ કરી શકે. ફકત જમીન વપરાશ કરનાર જમીન વકફ ન કરી શકે. જમીનની માલિકી અંગેના દસ્તાવેજ રજૂ કરવાના રહેશે. હવે આ જોગવાઈ કેટલી હાસ્યાસ્પદ છે એ જોઈએ. આઝાદી પહેલા અનેક આવી વકફ મિલકતો છે જે બાદશાહ કે રાજા મહારાજાઓ કે નવાબોએ આપેલી જમીન પર બનેલી હોય છે. આવી સેંકડો વર્ષ જૂની વકફ મિલકતો દાન મળેલી જમીન પર બનેલી હોય છે. હવે એ મિલકતના દસ્તાવેજ ક્યાંથી મળે એ તો સરકારને જ ખબર; હકીકત એ છે કે, આ બિલ ખરેખર આર્ટિકલ ૧૪ (સમાનતા), ૧૫ (કોઈ ભેદભાવ વગર) અને ૨૫ (ધર્મપ્રચારનો હક્ક) અને આર્ટિકલ ૩૦ (લઘુમતી પોતાની સંસ્થાનું સંચાલન કરી શકે) ઉલંઘન કરે છે . એક બાજુ ''હિંદુ બોર્ડ''ને સરકાર મંજૂરી આપે છે જ્યારે મુસ્લિમની જમીન હડપ કરવા આ કાયદો લાવવામાં આવે છે. આ ભારતીય જમીન પાર્ટી છે- રક્ષા, રેલવેની જમીન વેચ્યા બાદ હવે વકફની જમીન વેચી મારવા સરકારનો આ નવો પેંતરો છે. લોકસભાની ચૂંટણી બાદ તાત્કાલિક લાવેલ આ કાયદો ફક્ત મહારાષ્ટ્ર અને હરિયાણાની ચૂંટણીના ૨ મહિના અગાઉ લાવવામાં આવેલ છે. આમ આ કાયદો ફક્ત રાજકીય હેતુને કારણે લાવેલ છે. અતિશય કઠોર કાયદો બનાવ્યો છે જે દર્શાવે છે કે આ સરકાર મુસ્લિમોની દુશ્મન છે.

**સૂચિત ખરડો દેશની સૌથી મોટી લઘુમતીના બંધારણીય અધિકારો પર સીધી તરાપ : દેશના ઈતિહાસની સૌથી કરૂણાજનક ઘટના**

સરકાર ગમે તે કહેતી હોય બિલ લાવવા પાછળના તેના કારણો ગળે ઊતરે તેવા નથી. મુસ્લિમ સમાજના અગ્રણીઓ, ધર્મગુરૂઓ ખરડાનો એટલે વિરોધ કરી રહ્યા છે કે, તેની જોગવાઈઓ અતિશય કઠોર છે. બે જોગવાઈઓ તો એવી છે જે અત્યંત મુસ્લિમો માટે તો હાનિકારક ખરી જ પણ બંધારણના પાયાના સિદ્ધાંતોનું પણ ઉલ્લંઘન કરે છે. સેંકડો વર્ષ પહેલા જે જમીનો દાનમાં મળી હતી તેના દસ્તાવેજો રજૂ કરવાનો નવા ખરડામાં સૂચવાયું છે. હકીકતે આ જોગવાઈ તર્કવિહોણી છે. જે જમીનો રાજા- મહારાજા કે બાદશાહ-નવાબોના સમયમાં મળી હોય તેનો દસ્તાવેજ કસ્ટોડીયન કેવી રીતે બનાવી શકે તેનો સીધો અર્થ એ થયો કે વકફના આખા કાયદાને ફેરવીને રેલવે અને સુરક્ષા વિભાગની જમીનોની જેમ સરકાર વકફની જમીનો વેચી નાખવાનો કારસો ગોઠવી રહી છે. બીજી મુસ્લિમ વિરોધી જોગવાઈ તો અત્યંત વખોડવાને પાત્ર છે. વકફ બોર્ડમાં બિનમુસ્લિમોની સભ્ય તરીકે નિમણૂંક કરવાની જોગવાઈ તો વકફના મૂળભૂત હેતુને મારી નાખે છે. વકફની મિલકત જેના કાયમી મુતવલ્લી હોવાનો મુસ્લિમને જ અધિકાર છે. તો એમના ઉપર અન્ય ધર્મની વ્યક્તિને કઈ રીતે બેસાડી શકાય ? વિરોધ પક્ષોએ આ જોગવાઈ પાછળનો ભેદી એજન્ડા સંસદમાં ઉઘાડો પાડ્યો અને કહ્યું કે, સરકાર વકફની તમામ મિલકતો પર પરોક્ષ રીતે નહીં પણ સીધો જ કબજો કરવા માગે છે અને ઈસ્લામી હેતુ માટેની વકફ મિલકતોનું સરકારીકરણ એટલે રાષ્ટ્રીયકરણ કરવાનો બદઈરાદો ધરાવે છે. આ બે જોગવાઈ તાત્કાલિક કાઢી નાખવા સરકાર પર દબાણ લાવવું જ પડશે.

અહીં સવાલ એવો થાય છે કે, મુસ્લિમ આગેવાનો તથા તમામ ઉલેમા સરકારને એ પૂછવા માગે છે કે શું હિંદુ સમાજની કે ખ્રિસ્તી સમાજની ધાર્મિક મિલકતોનું ટ્રસ્ટ હોય તેમાં સરકાર મુસ્લિમને સભ્ય બનાવે ખરી ? શું સોમનાથ ટ્રસ્ટ કે પાવાગઢ ટ્રસ્ટ યા તો દ્વારકા ટ્રસ્ટમાં મુસ્લિમની નિમણૂંક કદી થઈ છે કે થઈ શકે ? આ વાતો અનેક સવાલો ખરડાને પગલે ઊભા થયા છે જેનું સ્પષ્ટીકરણ કરવાની જરૂર છે. સેન્ટ્રલ વકફ કાઉન્સિલ કે રાજ્ય વકફ બોર્ડમાં બિનમુસ્લિમની નિમણૂંકની જોગવાઈ કરીને સરકાર વકફ મિલકતો પચાવી પાડી મુસ્લિમોના એક વધુ બંધારણીય અધિકારનું ધનોતપનોત કાઢી નાખવા માંગે છે. જે કોઈ કાળે મુસ્લિમ સમાજ સહન કરી શકે તેમ નથી.

સંસદમાં વિરોધ પક્ષોએ મુસ્લિમ વિરોધી ખરડાને રોકવા માટે લડત ચલાવી અને એકતા બતાવી ત્યારે ગભરાઈ ઉઠેલા કેન્દ્રના મંત્રી કિરણ રિજીજુએ વિચિત્ર નિવેદન આપ્યું કે માફિયાઓએ વકફ બોર્ડનો કબજો કર્યો છે. આ વિધાન સરકારને જ માટે બુમરેંગ થાય છે. તેની કિરણને ખબર ન હતી. વકફ બોર્ડના સભ્યોની નિમણૂંક તો રાજ્ય સરકારો કરે છે. એટલે માનનીય કેન્દ્રીય મંત્રીનો કહેવાનો મતલબ એવો છે કે ગુજરાત વકફ બોર્ડના સભ્યો માફિયા છે જેમની નિમણૂંક ગુજરાત સરકારે જ કરી છે .

આ ખરડાનો અભ્યાસ કર્યા બાદ સૌને પ્રતીતિ થઈ ગઈ છે કે, આ ખરડાનો એક પણ અંશ મુસ્લિમોના હિતમાં નથી બલકે તેમાં કરવામાં આવેલા અને સૂચવાયેલા સુધારા એ વકફના બંધારણીય નિયમોનો ભંગ છે. એટલે જેટલી જલદી ખરડો પાછો ખેંચાય એ દેશના હિતમાં રહેશે. સામાજિક વિભાજન કરતો ખરડો પસાર થશે તો એ સમગ્ર દેશનું ધાર્મિક ધોરણે વિઘટન કરવાનું પાપ બનશે. જેની પુરી જવાબદારી મોદી સરકારની રહેશે અને તેના જે કોઈ પડઘા કે પ્રત્યાઘાતો આવે તેના માટે મોદી સરકારે જ સામનો કરવાનો રહેશે એટલે એ દેશના હિતમાં છે કે, આ ખરડો પાછો ખેંચવામાં આવે.

# નવા વકફ બિલ સામે મુસ્લિમ નેતાઓને કેમ વાંધો છે ?

## નિષ્ણાતોએ મીડિયાને જણાવ્યું હતું કે, NDA સરકારના દાવાઓથી વિપરીત, બિલ લિંગ પ્રતિનિધિત્વમાં વધારો કરતું નથી

**ને**શનલ ડેમોક્રેટિક એલાયન્સ સરકારે સંસદમાં એક બિલ રજૂ કર્યું જેમાં ઇસ્લામિક ચેરિટેબલ એન્ડોમેન્ટ્સ અથવા 'વકફ'ને સંચાલિત કાયદામાં મોટાપાયે ફેરફારોની દરખાસ્ત કરવામાં આવી છે.

ઈન્ડિયા બ્લોકના નેતાઓ દ્વારા આ બિલનો ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો, જેમણે કહ્યું હતું કે, તે ધર્મની સ્વતંત્રતાના અધિકાર અને ધાર્મિક બાબતોનું સંચાલન કરવાની સ્વતંત્રતાનું ઉલ્લંઘન કરે છે.

વિપક્ષી નેતાઓના વાંધાઓ પછી બિલને વધુ પરામર્શ માટે સંયુક્ત સંસદીય સમિતિને મોકલવામાં આવ્યું હતું.

વકફ (સુધારા) બિલ ૨૦૨૪માં ૪૪ સુધારા વકફ બોર્ડની સત્તાને અંકુશમાં લેવા, સરકાર દ્વારા વધુ નિયંત્રણની મંજૂરી, બિન-મુસ્લિમોને બોર્ડના સભ્ય બનવાની મંજૂરી, મિલકતોના દાન પર પ્રતિબંધ અને વકફની ટ્રિબ્યુનલ્સ કાર્ય પદ્ધતિ બદલવાનો પ્રસ્તાવ છે.

ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડ અને જમાત-એ-ઈસ્લામી હિંદ જેવા કેટલાક મુસ્લિમ સંગઠનોએ વકફ બોર્ડની 'સ્વાયત્તતા ઘટાડવા' અને સમુદાય સાથે ચર્ચા કર્યા વિના મુસદ્દો તૈયાર કરવા બદલ બિલની ટીકા કરી છે.

સૂચિત નવા શાસનની અસરોને સમજવા માટે મીડિયાએ વકફ બોર્ડના સભ્યો અને નિષ્ણાતો સાથે વાત કરી હતી. જ્યારે તેમાંના કેટલાક માને છે કે, સૂચિત ફેરફારો ખૂબ જ જરૂરી સુધારા લાવે છે, ઘણાએ દલીલ કરી હતી કે, તે સમુદાયના ધાર્મિક અધિકારોનું ઉલ્લંઘન કરે છે અને મુસ્લિમ મિલકતોને વિવાદો માટે સંવેદનશીલ બનાવી શકે છે. તેઓએ ધ્યાન દોર્યું કે, સરકારી દાવાઓથી વિપરીત, આ બિલ વકફ બોર્ડમાં લિંગ પ્રતિનિધિત્વ વધારતું નથી.

**વધુ સરકારી નિયંત્રણ :**

એક વકફ બોર્ડ ધાર્મિક કારણોસર નાગરિકો - મોટે ભાગે મુસ્લિમો દ્વારા કરવામાં આવતી પરોપકારી દેણગીની દેખરેખ રાખવાનું માનવામાં આવે છે. ભારતમાં ૩૦ વકફ બોર્ડ છે, દરેક રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશ માટે સ્થાપવામાં આવ્યા છે. તેઓ મળીને દેશભરમાં લગભગ ૯ લાખ પ્રોપર્ટીનું નિયંત્રણ કરે છે.

આ બિલમાં જિલ્લા કલેક્ટર કચેરી અને તેથી સરકારને બોર્ડ પર વધુ સત્તા આપવાનો પ્રસ્તાવ છે.

દાખલા તરીકે સરકાર અને વકફ બોર્ડ વચ્ચેના કોઈપણ વિવાદમાં કલેક્ટરને રેફરી તરીકે કામ સોંપવામાં આવ્યું છે.

જો સરકારને શંકા હોય કે વકફ મિલકત ખરેખર સરકારની છે, તો કલેક્ટર-જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા ડિવિઝનલ કમિશનર આ બાબતની તપાસ કરશે અને રાજ્ય સરકારને અહેવાલ સુપરત કરશે.

અધિનિયમની કલમ ૩માં સુધારો એ ઉમેરવાની દરખાસ્ત કરે છે કે, 'કોઈપણ સરકારી મિલકતને વકફ મિલકત તરીકે ઓળખવામાં આવે અથવા જાહેર કરવામાં આવે, આ અધિનિયમની શરૂઆત પહેલાં અથવા પછી તે વકફ મિલકત તરીકે ગણવામાં આવશે નહીં.'

કલેક્ટર દ્વારા તપાસ દરમિયાન મિલકતને વકફ મિલકત તરીકે ગણવામાં આવશે નહીં. જો તે સરકારી મિલકત હોવાનું બહાર આવશે તો કલેક્ટર મહેસૂલ રેકોર્ડમાં મિલકતની માલિકી બદલશે અને વકફ બોર્ડ પણ તેના પોતાના રેકોર્ડ્સ 'સુધારશે.'

દિલ્હી વકફ બોર્ડના પૂર્વ વકીલ વજીહ શફીકે કહ્યું કે, તેમને આશંકા છે કે, જોગવાઈનો દુરૂપયોગ મુસ્લિમ મિલકતો અને ધાર્મિક સ્થળો પર કબજો કરવા માટે થઈ શકે છે.

તેમણે મસ્જિદો, દરગાહ અને કબ્રસ્તાનો સહિત રાષ્ટ્રીય રાજધાનીમાં ૧૨૩થી વધુ મિલકતોને લઈને કેન્દ્ર અને દિલ્હી વકફ બોર્ડ વચ્ચે કાનૂની વિવાદનો ઉલ્લેખ કર્યો.

ગયા વર્ષે ફેબ્રુઆરીમાં કેન્દ્રીય શહેરી બાબતોના મંત્રાલયે ૧૨૩ મિલકતો પર કબજો કરવાનો નિર્ણય જાહેર કર્યો હતો, બે-સદસ્યના કમિશનના આદેશ બાદ દિલ્હી વકફ બોર્ડને તેમની સાથે સંબંધિત તમામ બાબતોમાંથી 'મુક્તિ' આપી હતી. આ મામલાની સુનાવણી હાલ દિલ્હી હાઈકોર્ટમાં ચાલી રહી છે.

શફીકે કહ્યું કે, 'સૂચિત સુધારો તે વકફ મિલકતોને પચાવી પાડવાનો છે.'

તેમણે આક્ષેપ કર્યો હતો કે, આ સુધારાથી મુસ્લિમ ધાર્મિક સ્થળોને હિંદુત્વ જૂથો દ્વારા નિશાન બનાવવાનું જોખમ પણ વધે છે, જેઓ દાવો કરી શકે છે કે, આ બાંધકામો સરકારી જમીન પર છે અને તેમને વિવાદિત સ્થળો તરીકે જાહેર કરી શકે છે.

અગાઉના શાસનમાં વકફ તરીકે મિલકતની નોંધણી કરવા માટે અરજીઓ મેળવવાનું અને તેની ચકાસણી કરવાનું વકફ બોર્ડનું હતું.

પરંતુ હવે સૂચિત સુધારો કહે છે કે, બોર્ડ અરજીને કલેક્ટર પાસે મોકલશે, જે 'અરજીની વાસ્તવિકતા અને માન્યતા અને તેમાંની કોઈપણ વિગતોની શુદ્ધતાની તપાસ કરશે અને બોર્ડને રિપોર્ટ સબમિટ કરશે.'

આ અહેવાલમાં જણાય છે કે, 'સંપૂર્ણ અથવા આંશિક રીતે, જો મિલકત વિવાદમાં છે અથવા સરકારી મિલકત છે,' જ્યાં સુધી સક્ષમ અદાલત દ્વારા વિવાદનો નિર્ણય લેવામાં ન આવે 'ત્યાં સુધી તે વકફ મિલકત તરીકે નોંધણી કરવામાં આવશે નહીં.'



ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડના પ્રવક્તા એસક્યુઆર ઈલિયાસે મીડિયાને જણાવ્યું હતું કે, આ સુધારા સરકારને વકફ બોર્ડને નબળું પાડવાની અને વકફ મિલકતો પર વિવાદ ઊભો કરવાની મંજૂરી આપશે.

તેમણે જણાવ્યું હતું કે, 'સૂચિત ફેરફારો વકફ મિલકતોને નુકસાન તરફ દોરી શકે છે કારણ કે, અમલદારો સરકારની ઈચ્છા મુજબ બાબતોનો નિર્ણય કરશે અને કાયદા અનુસાર નહીં.'

**'કંઈ ખોટું નથી' :**

પરંતુ ઉત્તરાખંડ વકફ બોર્ડના અધ્યક્ષ અને ભારતીય જનતા પાર્ટીના નેતા શાદાબ શમ્સે કહ્યું કે, આ બધા સુધારા 'વકફ બોર્ડને સરકારની નજીક લાવવા' માટે છે.

શમ્સે કહ્યું કે, 'વકફ બોર્ડ અને સરકારી સત્તાવાળાઓ વચ્ચે તકરાર છે, ઘણા અધિકારીઓ વકફના આદેશોની અવગણના કરે છે.' વકફ મિલકતો અંગેના વિવાદોને ઉકેલવા માટે જિલ્લા વહીવટી અધિકારીઓને સશક્ત બનાવવા એમાં કંઈ ખોટું નથી .અમે સ્વતંત્ર રીતે કામ કરી શકતા નથી અને આપણે સરકારની નીતિઓ સાથે મળીને કામ કરવું જોઈએ.

૧૪ વર્ષ પહેલાં મધ્યપ્રદેશ વકફ બોર્ડના મુખ્ય કાર્યકારી અધિકારી તરીકે ફરજ બજાવતા સ્વતંત્ર વકફ કન્સલ્ટન્ટ SMH ઝૈદી પણ આ સુધારાઓને હકારાત્મક રીતે જુએ છે. તેમણે કહ્યું કે, 'કલેક્ટરને અરજી ફોરવર્ડ કરીને બિલ એક ગંભીર સમસ્યાને તપાસશે : કોઈ અન્ય વ્યક્તિની મિલકતને વકફ તરીકે રજિસ્ટર કરી શકશે નહીં.'

ઝૈદીએ ઉમેર્યું હતું કે, કલમ ૩ સુધારો એ સુનિશ્ચિત કરશે કે ઘણા કબ્રસ્તાનો હવે સરકાર દ્વારા નિયંત્રિત કરવામાં આવશે.

તેમણે કહ્યું કે, 'ભારતીય શહેરો અને ગામડાઓમાં ઘણા કબ્રસ્તાનો સ્થાનિક સરકાર દ્વારા આપવામાં આવેલી જમીન પર છે.' 'પરંતુ વકફ બોર્ડ દ્વારા ઘણીવાર આ મિલકતોને નિયંત્રિત કરવા માટે આવે છે અને તેના પરના અતિક્રમણને નિયંત્રિત કરતું નથી. સરકાર આ સમસ્યાને વધુ સારી રીતે મેનેજ કરી શકશે.'

કેન્દ્રીય લઘુમતી બાબતોના મંત્રાલયના વકફ મેનેજમેન્ટ સિસ્ટમ ઓફ ઈન્ડિયા પોર્ટલ અનુસાર ભારતમાં વકફ બોર્ડમાં નોંધાયેલી મોટાભાગની સ્થાવર મિલકતો કબ્રસ્તાનો છે, જેની સંખ્યા ૧.૫ લાખથી વધુ છે.

પોર્ટલ એ પણ જણાવે છે કે, દેશમાં લગભગ ૭% સ્થાવર વકફ અતિક્રમિત છે.

પરંતુ અજિતસિંહ સોઢી, એક સિવિલ લોયર અને A Treatise on Waqf Laws In Indiaના લેખક, વકફ બોર્ડની બાબતોમાં વધુ સરકારી નિયંત્રણના ફાયદા અંગે શંકાસ્પદ રહ્યા. 'જ્યાં પણ તમારી પાસે સરકાર આવે છે, ખાસ કરીને જિલ્લા મેજિસ્ટ્રેટ જેવા અધિકારીઓ, તેઓ વસ્તુઓ ગૂંચવી નાખે છે,' તેમણે કહ્યું. 'વકફ બોર્ડ ભ્રષ્ટ હોઈ શકે છે પણ સરકારી બાબુઓ પણ ભ્રષ્ટ હોઈ શકે છે.'

**કલમ ૪૦ નાબૂદ :**

વકફ એકટમાં સૌથી વિવાદાસ્પદ કલમોમાંની એક - ખાસ કરીને હિન્દુત્વ વર્તુળોમાં - કલમ ૪૦ છે, જે બોર્ડને મિલકત વકફ મિલકત છે કે નહીં તે નક્કી કરવાની મંજૂરી આપે છે.

આ નિર્ણય અંતિમ છે, સિવાય કે વકફ ટ્રિબ્યુનલ દ્વારા રદ કરવામાં આવે.

૨૦૨૨માં આરએસએસ સાથે જોડાયેલા સાપ્તાહિક ઓર્ગેનાઈઝર સાથેની એક મુલાકાતમાં જ્ઞાનવાપી મસ્જિદ અને શાહી ઈદગાહ મસ્જિદના કેસમાં હિંદુ પક્ષના વકીલ વિષ્ણુ શંકર જૈને આ કલમને "વક્ફનો સૌથી મોટો ગેરકાનૂની કાયદો" ગણાવ્યો હતો.

સુધારા વિધેયકમાં આ વિભાગને સંપૂર્ણપણે કાઢી નાખવાનો પ્રસ્તાવ છે.

આ જોગવાઈના ટીકાકારો દલીલ કરે છે કે તે વકફ બોર્ડને ગમે ત્યાં, ગમે ત્યાં, જો તે ઈચ્છે તો જમીનના કોઈપણ ટુકડાને મનસ્વી રીતે કબજે કરવાની મંજૂરી આપે છે.

પરંતુ દિલ્હી વક્ફ બોર્ડના ભૂતપૂર્વ વકીલ શફીકે આ અર્થઘટનનું ખંડન કર્યું હતું. "વકફ બોર્ડ દ્વારા મિલકતોની વ્યાપક મનસ્વી ઘોષણા કરવામાં આવી છે કે કેમ તે નક્કી કરવા માટે સરકારે પ્રયોગમૂલક સંશોધન કરવું જોઈએ," તેમણે કહ્યું. ''મારી જાણકારી મુજબ, દિલ્હી વક્ફ બોર્ડે કલમ ૪૦ હેઠળ મસ્જિદો અને મંદિરો સિવાય કોઈપણ મિલકતને વકફ તરીકે જાહેર કરી નથી, જે સ્વાભાવિક રીતે વકફ મિલકતો છે. કોઈપણ અપવાદોને કાયદામાં નોંધપાત્ર ફેરફારોની બાંયધરી આપવી જોઈએ નહીં.

શફીકે ઉમેર્યું હતું કે વર્ષોના કોર્ટના ચુકાદાઓએ સ્પષ્ટ કર્યું છે કે વકફ બોર્ડે મિલકતને વકફ તરીકે જાહેર કરવા માટેના તેમના કારણો નોંધવા જોઈએ અને મનસ્વી ઘોષણાઓની પરવાનગી નથી.

ઓસ્માનિયા યુનિવર્સિટીના કાયદાના ભૂતપૂર્વ ડીન અને ભારતમાં વક્ફના કાયદા પર ટિપ્પણીના લેખક અહેમદુલ્લા ખાને મીડિયાને જણાવ્યું હતું કે કલમ ૪૦ માત્ર વક્ફ બોર્ડમાં નોંધાયેલી મિલકતો પરના વિવાદોને લાગુ પડે છે, અને કોઈ મિલકતને નહીં.

પંજાબ અને ચંદીગઢમાં પ્રેક્ટિસ કરતા સોઢીએ જણાવ્યું હતું કે તેમની બે દાયકા લાંબી કારકિર્દીમાં પંજાબ વક્ફ બોર્ડે મનસ્વી રીતે મિલકત પર કબજો કર્યો હોય એવો કોઈ કેસ તેમને સામે આવ્યો નથી. ," તેમણે કહ્યું કે,"કલમ ૪૦ વક્ફ બોર્ડને સત્તા આપે છે પરંતુ એ નોંધવું અગત્યનું છે કે ટ્રિબ્યુનલનો નિર્ણય આખરી ગણાય છે

પરંતુ ઝૈદીનો મત અલગ હતો . તેમણે કહ્યું કે, "સેક્શન ૪૦ ની ભાષા ઘણી અટપટી છે,". ''વકફ બોર્ડ દ્વારા મનસ્વી રીતે જમીન પર કબજો કરવાની સમસ્યા છે. તે સમગ્ર ભારતમાં થાય છે."

વક્ફ બોર્ડમાં બિન-મુસ્લિમો

વકફ અધિનિયમ, ૧૯૯૫માં સુધારો વિધેયક, રાજ્યોના વક્ફ બોર્ડ અને સેન્ટ્રલ વક્ફ કાઉન્સિલમાં બે બિન-મુસ્લિમો માટે જગ્યા બનાવે છે. વક્ફ બોર્ડના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર મુસ્લિમ હોવા જોઈએ તેવી શરત પણ તે દૂર કરે છે.

મુસ્લિમ સંગઠનોના નેતાઓ અને ધાર્મિક નેતાઓ દ્વારા જોગવાઈની તીવ્ર ટીકા કરવામાં આવી છે.

લખનૌ સ્થિત મૌલવી અને ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડના સભ્ય મૌલાના ખાલિદ રશીદ ફરંગી મહાલીએ મીડિયાને જણાવ્યું હતું કે, બંધારણ તમામ ધર્મોને તેમની પોતાની બાબતોનું સંચાલન કરવાનો અધિકાર આપે છે. "તો પછી બિન-મુસ્લિમને વક્ફ બોડીમાં કેવી રીતે રાખી શકાય?"

દિલ્હી વક્ફ બોર્ડના ભૂતપૂર્વ ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર એમયુ સિદ્દકીએ આ અભિપ્રાયનો પડઘો પાડ્યો હતો. તેમણે મીડિયાને કહ્યું કે, "વક્ફ બોર્ડમાં સભ્યો તરીકે બિન-મુસ્લિમોની નિમણૂક ફરજિયાત કરવાના કાયદામાં સુધારો કરવો અસ્વીકાર્ય છે,"

૨૦૨૨ માં, ભાજપના નેતા અશ્વિની મહાજન દ્વારા સુપ્રીમ કોર્ટ સમક્ષ એક અરજી કરવામાં આવી હતી કે વકફ એક્ટની જોગવાઈને પડકારવામાં આવ્યો હતો કે તેના સીઈઓ મુસ્લિમ હોવા જોઈએ. સર્વોચ્ચ અદાલતે દલીલોને ફગાવી દીધી હતી અને નોંધ્યું હતું કે હિંદુ એન્ડોમેન્ટ્સ સાથે સંકળાયેલા કાયદામાં સમાન જોગવાઈઓ છે અને માત્ર હિંદુઓને જ હિંદુ ટ્રસ્ટમાં અધિકારીઓની નિમણૂક કરવાની મંજૂરી આપે છે.

જોકે, ઝૈદી અને સોઢીએ વક્ફ બોર્ડ પર બિન-મુસ્લિમોની સંભાવના સામે વાંધો ઉઠાવ્યો ન હતો. "પરંતુ તે લૉજિસ્ટિકલ સમસ્યાઓ ઊભી કરી શકે છે," ઝૈદીએ કહ્યું. "એક મુસ્લિમ સીઈઓ ઉર્દૂ અને ફારસી સમજવાની શક્યતા વધુ છે કારણ કે જૂની મિલકતના રેકોર્ડ તે ભાષાઓમાં તૈયાર કરવામાં આવે છે. મુકદ્દમા દરમિયાન, વ્યક્તિએ તે રેકોર્ડ્સને ફંફોસવાની અને સમજવાની જરૂર પડે છે."

સોઢીએ જણાવ્યું હતું કે આ સુધારાથી એવું લાગે છે કે વકફ બોર્ડમાં મુસ્લિમ સભ્ય ભ્રષ્ટ હોવાની શક્યતા વધુ છે અને હિન્દુ અથવા શીખ સભ્ય વધુ સારી રીતે સંચાલન કરશે. તેમણે ઉમેર્યું, ''તે સાચું નથી. વક્ફ બોર્ડ પર તમારે ફક્ત ધર્મને ધ્યાનમાં લીધા વિના સારી ક્ષમતા ધરાવતા લોકોની જરૂર છે,".

નિષ્ણાતોએ સરકારના દાવાને પણ રદિયો આપ્યો હતો કે આ બિલ વકફ બોર્ડમાં જાતિનું પ્રતિનિધિત્વ વધારશે.

વર્તમાન કાયદો રાજય બોર્ડમાં બે મહિલાઓ અને સેન્ટ્રલ વક્ફ કાઉન્સિલમાં બે મહિલાઓ માટે પહેલેથી જ જોગવાઈ કરે છે, તેઓએ ધ્યાન દોર્યું. તાજેતરનો સુધારો વધુ લિંગ પ્રતિનિધિત્વ માટે કોઈપણ કલમ ઉમેરતો નથી અથવા તેમાં ફેરફાર કરતો નથી.

ઝૈદીએ કહ્યું, "જે લોકો દાવો કરે છે કે આ સુધારો બોર્ડમાં લિંગ પ્રતિનિધિત્વ રજૂ કરશે તેઓએ કદાચ વર્તમાન કાયદો વાંચ્યો નથી."

રાજકીય ચેષ્ટા?

સમગ્ર ભારતમાં વક્ફ બોર્ડને "અનિયંત્રિત સત્તાઓ" ધરાવતી "ભ્રષ્ટ" સંસ્થાઓ તરીકે દર્શાવવામાં આવે છે. પરંતુ અહેમદુલ્લા ખાન જેવા વિદ્વાનોએ મીડિયાને કહ્યું કે વક્ફ બોર્ડ ભારતની અન્ય સરકારી સંસ્થાઓની જેમ ભ્રષ્ટ છે.

ખાને કહ્યું કે,"ભ્રષ્ટાચાર આ દેશમાં એક સામાજિક સમસ્યા છે,". "તે વક્ફ બોર્ડ માટે વિશિષ્ટ નથી."

સોઢીએ સંમત થતાં કહ્યું કે, "સુધારાઓએ એક માળખું બનાવવું જોઈએ જે વક્ફ અધિકારીઓને ભ્રષ્ટ રીતે પૈસા કમાતા અટકાવે," તેમણે કહ્યું. "અન્યથા આ ફેરફારો અર્થહીન છે."

વજીહ શફીકે ધ્યાન દોર્યું કે વક્ફ પાસે એટલી શક્તિ નથી જેટલી કેટલાક માને છે. તેમણે કહ્યું કે, "સરકાર દ્વારા નિમણૂંકો વક્ફ બોર્ડના કાર્યોને નોંધપાત્ર રીતે મર્યાદિત કરે છે,", તેમણે ઉમેર્યું હતું કે બોર્ડને આપવામાં આવતી ગ્રાન્ટ-ઈન-એઈડ માટે નાણાં વિભાગના સ્ટાફની મંજૂરીની જરૂર પડે છે, જે સ્વતંત્ર નિર્ણય લેવાની તેમની ક્ષમતાને પ્રતિબંધિત કરે છે અથવા તેમની ક્ષમતામાં વધારો કરે છે.

સુધારા વિશે, શફીકે જણાવ્યું હતું કે સુધારાની અસરો દેખાય છે તેના કરતાં વધુ છે. તેમણે કહ્યું કે,"તે સારા ઈરાદાથી કરવામાં આવતા નીતિ પરિવર્તનને બદલે રાજકીય ચેષ્ટા હોવાનું જણાય છે," જૈદી, જે મોટાભાગે સુધારા બિલનું સમર્થન કરે છે, તેમણે કહ્યું કે તે નિર્ણાયક ફેરફારોની કમી રહી ગઈ છે. "વક્ફ સમિતિઓની ગેરકાયદેસર સત્તાઓ, અમલદારોના હાથમાં સત્તાનું કેન્દ્રીકરણ, મુતવાલીઓ અથવા સુપરવાઈઝરોનો ભ્રષ્ટાચાર, આ સમસ્યાઓ પર જરા પણ ધ્યાન આપવામાં આવ્યું નથી," તેમણે કહ્યું. ''ક્યાં તો સરકાર તેમના વિશે જાણતી નથી. અથવા તે ઈચ્છે છે કે મુસ્લિમો એકબીજાની વચ્ચે લડતા રહે."

**-(સૌ.: સ્ક્રોલ.ઈન)**

**હદીસ બોધ**

સારો માણસ તે છે જે બીજાઓ માટે સારૂં કરે છે.

-હદીસ બોધ

**બોધ વચન**

''મારે કંઈક થવું જોઈએ'' તેના બદલે ''મારે કંઈક કરવું જોઈએ'' એ ધારણાથી વધારે સમસ્યાઓનો ઉકેલ આવી જાય છે.

-આર્નોલ્ડ

**આજની આરસી**

૧૦ ઓગસ્ટ શનિવાર ૨૦૨૪
૪ સફર હિજરી ૧૪૪૬
શ્રાવણ સુદ છઠ્ઠ સંવત ૨૦૮૦
સુબ્હ સાદિક ૪-૪૯
ખત્મે ઝવાલ ૧૨-૪૫
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૧૪
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૭-૧૬

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - વ્યવસ્થાપક

# જેણે ગોલ્ડ જીત્યો તે પણ મારો દીકરો છે : નીરજ ચોપડાની માતા

## નીરજ ચોપડાની માતાએ ભારતના સિલ્વર અને પાકિસ્તાનના ગોલ્ડ જીતવાની ઉજવણી કરી

નવી દિલ્હી, તા.૯

ગુરૂવારે પેરિસ ઓલિમ્પિકમાં નીરજ ચોપડા દ્વારા સિલ્વર મેડલ જીતવાના થોડા કલાક બાદ તેની માતા સરોજ દેવીએ તેની પ્રશંસા કરતા કહ્યું કે, ગોલ્ડ મેડલ જીતનાર પાકિસ્તાનનો અરશદ નદીમ પણ અમારો દીકરો છે. જેણે આકરી મહેનત કરી છે. ચોપડાએ પેરિસમાં પુરૂષોની ભાલા ફેંક સ્પર્ધામાં સિલ્વર મેડલ જીત્યો. જેનાથી તે ૨૦૨૦માં ટોક્યોમાં ગોલ્ડ જીત્યા બાદ સતત બે ઓલિમ્પિક મેડલ જીતનાર પ્રથમ ભારતીય ટ્રેક એન્ડ ફિલ્ડ એથ્લિટ બની ગયો છે. એએનઆઈ સાથેની વાતચીતમાં દેવીએ જણાવ્યું કે, ચોપડાની જીતથી તેમનો પરિવાર ઘણો ખુશ છે અને તેમણે નદીમને પણ પોતાના દીકરા જેવો ગણાવી કહ્યું કે, તેણે પણ આકરી મહેનત કરી છે. ચોપડાની માતાએ કહ્યું કે, દરેક જણ ખરેખર ખુશ છે. અમારા માટે સિલ્વર પણ ગોલ્ડ જેવો છે. જે છોકરાને (અરશદ નદીમ) ગોલ્ડ મળ્યો છે તે પણ મારો દીકરો છે. દરેક જણ ખૂબ જ મહેનત કરી ત્યાં પહોંચે છે. પાકિસ્તાનના નદીમે પોતાના બીજા પ્રયાસમાં ૯૨.૯૭ મીટરના થ્રો સાથે ઓલિમ્પિક રેકોર્ડ તોડી નાંખ્યો, જેનાથી ટોક્યોમાં ગોલ્ડ મેડલ વિજેતા નીરજ ચોપડા સહિત બાકીના લોકો માટે તેને હરાવવો મુશ્કેલ થઈ ગયો. નીરજના પિતા સતીશે પોતાના પુત્રના પ્રદર્શન પર ખૂબ જ ગર્વ વ્યક્ત કર્યો અને કહ્યું કે, પુરૂષોની ભાલા ફેંક સ્પર્ધાની ફાઈનલમાં આજે પાકિસ્તાનનો દિવસ હતો. તેમણે એમ પણ કહ્યું કે, ચોપડાની ઈજાએ તેના પ્રદર્શનમાં ભૂમિકા નિભાવી. સતીશે કહ્યું કે, દરેકનો દિવસ હોય છે. આજે પાકિસ્તાનનો દિવસ હતો પણ અમે સિલ્વર મેડલ જીત્યો છે અને આ અમારા માટે ગર્વની વાત છે. મને લાગે છે કે, તેના પ્રદર્શનમાં કમરની ઈજાનું પણ યોગદાન રહ્યું છે. પેરિસમાં નીરજની સફળતા આગામી પેઢી માટે પ્રેરણાસ્ત્રોત બનશે. તેણે દેશ માટે સિલ્વર મેડલ જીત્યો છે. અમે ખુશ અને ગૌરવ અનુભવીએ છીએ. બધા યુવા તેનાથી પ્રેરિત થશે. દેવીએ કહ્યું કે, તેના માટે ચૂરમા પણ બનાવીશું. તેને ચૂરમા ખૂબ જ પસંદ છે. તેના પરત ફરવા પર તેનું ભવ્ય સ્વાગત કરીશું. દેવી દ્વારા પાકિસ્તાની ખેલાડીને પોતાનો દીકરો ગણાવતા ઈન્ટરનેટ પર હૃદયસ્પર્શી પ્રતિક્રિયા જોવા મળી છે. સાથે જ આ સાંપ્રદાયિક સંદર્ભના તે સમુદ્રમાંથી પણ વિરામ લેવા જેવું હતું. જે ભારત-પાક. સંબંધોની આસપાસ ચર્ચા પર હાવી રહે છે. એક્સ પર એક યુઝરે લખ્યું, માતાના હૃદયમાં બધા માટે પ્રેમ હોય છે.



## નીરજ ચોપડા માટે પણ દુઆ કરી હતી : અરશદની માતા

**નીરજ મારા દીકરા જેવો છે તે નદીમના ભાઈ જેવો છે, અલ્લાહ તેને ખૂબ સફળતા આપે અને અનેક મેડલ જીતે**

કરાચી, તા.૯

પેરિસ ઓલિમ્પિક ગેમ્સ ૨૦૨૪ના મેન્સ જેવલિન થ્રોમાં પાકિસ્તાનના અરશદ નદીમે ગોલ્ડ અને ભારતના નીરજ ચોપડાએ સિલ્વર મેડલ જીત્યો છે. પહેલા નીરજની માતાએ અને હવે અરશદની અમ્મીએ કંઈક એવી વાત કહી છે જે દરેક જણે સાંભળવી જોઈએ. પછી તે ઈન્ડિયન ખેલપ્રેમી હોય કે પાકિસ્તાની ખેલપ્રેમી. નીરજની માતાએ જ્યાં અરશદને પણ પોતાનો દીકરો ગણાવ્યો હતો. જ્યારે અરશદની માતાએ કહ્યું કે તેમણે નીરજ માટે પણ દુઆ કરી હતી. અરશદની માતાએ પણ કહ્યું કે નીરજ ચોપડા મારા પુત્ર જેવો છે. હું તેના માટે પણ દુઆ કરતી હતી. તે નદીમના ભાઈ જેવો છે. અલ્લાહ તેને ખૂબ સફળતા આપે અને અનેક મેડલ જીતે. નદીમે ગુરૂવારે ૯૨.૯૭ મીટરના ઓલિમ્પિક રેકોર્ડ સાથે ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો હતો. જ્યારે નીરજે સિઝનના પોતાના બેસ્ટ થ્રો ૮૯.૪૫ મીટર સાથે સિલ્વર મેડલ જીત્યો હતો.

# ઉત્તરપ્રદેશમાં ૬ વર્ષના દલિત બાળક પર શાળામાં શૌચાલય સાફ કરવા માટે ફરજ પાડવામાં આવી, બાદમાં તે વર્ગખંડમાં બંધ હાલતમાં મળી આવ્યો

## પ્રાથમિક શિક્ષણ વિભાગે શાળાના આચાર્ય અને એક શિક્ષક સામે કાર્યવાહી કરી છે

(એજન્સી)

મુઝફ્ફરનગર, તા.૯

પોલીસે ગઈકાલે જણાવ્યું કે, જનસથ વિસ્તારમાં સરકારી પ્રાથમિક શાળામાં છ વર્ષનો દલિત બાળક પર કેટલાક શિક્ષકો દ્વારા શૌચાલય સાફ કરવા દબાણ કરવામાં આવ્યું હતું, ત્યારબાદ તે શાળાના વર્ગખંડમાં બંધ હાલતમાં મળી આવ્યો હતો. પ્રાથમિક શિક્ષણ વિભાગે શાળાના આચાર્ય અને એક શિક્ષક સામે કાર્યવાહી કરી છે. આ ઘટના મંગળવારે બની હતી જ્યારે આચાર્ય સંધ્યા જૈન અને વર્ગ શિક્ષક રવિતા રાનીની બેદરકારીને કારણે, ધોરણ એકનો છ વર્ષનો વિદ્યાર્થી શાળાના વર્ગખંડમાં બંધ હાલતમાં મળી આવ્યો હતો. આ ઘટનામાં બાળકની માતા દ્વારા પોલીસ ફરિયાદ કરવામાં આવી છે જેમાં તેણે આરોપ લગાવ્યો છે કે બે શિક્ષકો દ્વારા તેના પુત્રને શૌચાલય સાફ કરવા દબાણ કરવામાં આવ્યુ હતું અને તેણે



કહ્યું કે તેઓ દલિત બાળકો સામે "દ્વેષ" ધરાવે છે. તેણીએ આક્ષેપ કર્યો હતો કે શિક્ષકોની બેદરકારીને કારણે, તેનો પુત્ર શાળા બંધ થયા પછી એક કલાકથી વધુ સમય સુધી વર્ગખંડમાં બંધ રહ્યો હતો. જ્યારે તેણીનો પુત્ર ઘરે પહોંચ્યો ન હતો, ત્યારે તેણીએ અન્ય વિદ્યાર્થીઓ સાથે તેના વિશે પૂછપરછ કરી હતી. તેણીએ ઉમેર્યું કે, તે જ્યારે ત્યાં ગઈ ત્યારે તેને શાળા બંધ જોવા મળી, અને તેને બાળકના રડવાનો અવાજ સંભળાયો, જેના પછી તેના પરિવારના સભ્યો અને ગ્રામજનોએ આચાર્યને બોલાવ્યા. ત્યારબાદ શિક્ષિકા રવિતા રાનીના પતિ ચાવી લઈને શાળાએ પહોંચ્યા અને બાળકને વર્ગખંડમાંથી બહાર નીકાળ્યો હતો. રાનીના પતિએ કહ્યું કે બાળક ક્લાસમાં સૂઈ ગયો હશે. મૂળભૂત શિક્ષા અધિકારી (BSA) સંદીપ કુમારે જણાવ્યું કે, પ્રિન્સિપાલને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે અને શિક્ષિકા રાનીને પ્રતિકૂળ સજા આપવામાં આવી છે. આ મામલામાં તપાસનો આદેશ આપવામાં આવ્યો છે અને તપાસ કરી ત્રણ દિવસમાં અહેવાલ સુપરત કરશે. કુમારે કહ્યું કે, તમામ સ્ટાફને શાળા બંધ કરતા પહેલા વર્ગખંડોની તપાસ કરવા માટે જણાવવામાં આવ્યું છે. પ્રિન્સિપાલ જૈને કહ્યું કે "તેની સાથે "અન્યાય" કરવામાં આવ્યો કારણ કે આ માટે વર્ગ શિક્ષક જવાબદાર છે. જો બાળક સૂઈ રહ્યું હોય તો પણ, તેને તાળું મારતા પહેલા વર્ગખંડની તપાસ કરવી જોઈતી હતી." પોલીસ આ મામલે તપાસ કરી રહી છે.

### કારણ કે, જૂનો ભાલો ખરાબ થઈ ગયો હતો

## પ્રેરણાદાયક : જ્યારે નદીમ અરશદે પાકિસ્તાન સરકારને નવા ભાલા માટે અપીલ કરી

નવી દિલ્હી, તા.૯

પાકિસ્તાન ભાલા ફેંક ખેલાડી નદીમ અરશદના ૯૨.૯૭ મીટરના વિશાળ થ્રોની ઉજવણી કરી રહ્યું છે. જે એક ઓલિમ્પિક રેકોર્ડ છે. ૨૭ વર્ષીય નદીમની સ્ટોરી ના ફક્ત ઉલ્લેખનીય છે, પ્રેરણાદાયક પણ છે. ૨ જાન્યુઆરી, ૧૯૯૭ના રોજ પાકિસ્તાનના પંજાબ પ્રાંતના મિયાં ચન્નુ કસ્બામાં જન્મેલા અરશદના સાત ભાઈ-બહેન છે. તેનો પરિવાર આર્થિક રૂપથી મજબૂત ન હતો અને તેના પિતા બાંધકામના મજૂર છે. કોણી અને ઘૂંટણની ઈજા અને મર્યાદિત તાલીમ સુવિધા સામે ઝઝૂમ્યા બાદ નદીમ પેરિસ ચાલ્યો ગયો. પીટીઆઈના રિપોર્ટ અનુસાર એક સમયે તો તેને સરકારને નવો ભાલો ઉપલબ્ધ કરાવવા માટે અપીલ પણ કરવી પડી હતી. કારણ કે, તેનો જૂનો ભાલો ખરાબ થઈ ગયો હતો. પછી તેના ગામના લોકોએ પૈસા ઉઘરાવી તેને ટ્રેનિંગ અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં જવા માટે પૈસા એકત્રિત કરવામાં મદદ કરી હતી. અરશદના પિતા મોહમ્મદ અશરફે જણાવ્યું કે, તેમના સાથી ગામવાસીઓ અને સગા સંબંધીઓ પૈસા દાન કરતા હતા. જેથી તે તેના પ્રારંભિક દિવસોમાં તાલીમ અને કાર્યક્રમો માટે અન્ય શહેરોનો પ્રવાસ કરી શકે. આ ઉપરાંત એવા પણ સમાચાર છે કે, જ્યારે અરશદ પાસે નવો ભાલો ખરીદવા માટે પૈસા ન હતા અને તે સ્પોન્સરશિપ માટે ઘરે-ઘરે ભટકી રહ્યો હતો ત્યારે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે તેને સ્પોન્સર કર્યો હતો. નદીમે ૨૦૨૨ કોમનવેલ્થ ગેમ્સમાં ગોલ્ડ મેડલ અને ગત વર્ષે વિશ્વ ચેમ્પિયનશીપમાં સિલ્વર મેડલ સાથે ઓલિમ્પિક ગોલ્ડ પણ પોતાના ખાતામાં ઉમેરી લીધો છે. પાકિસ્તાનો અંતિમ ઓલિમ્પિક ગોલ્ડ મેડલ હોકીમાં ૧૯૮૪ના લોસ એન્જલસ ગેમ્સમાં જીત્યો હતો.

### પેરિસ ઓલિમ્પિકના અંતમાં નિર્ણય આવશે

## વિનેશ ફોગાટને મેડલ માટે રાહ જોવી પડશે

પેરિસ, તા.૯ : ભારતની વિનેશ ફોગાટે મહિલાઓની ૫૦ કિલોગ્રામ ફ્રીસ્ટાઈલ કુસ્તી સ્પર્ધામાં ૧૦૦ ગ્રામ વધારે વજનના કારણે સુનિશ્ચિત ઓલિમ્પિક મેડલ ગુમાવી દીધો હતો. જો કે, ભારતીય પહેલવાને પેરિસ ઓલિમ્પિકની મહિલા કુસ્તીના ૫૦ કિલો વર્ગની ફાઈનલમાં, ગેરલાયક ઠેરવવા વિરુદ્ધ બુધવારે રમતગમત માટે આર્બિટ્રેશન કોર્ટમાં અપીલ કરી તેને સંયુકત સિલ્વર મેડલ આપવા માંગ કરી છે કોર્ટે તેના માટે થોડો સમય માંગ્યો હતો અને આજ મામલાને લઈ સુનાવણી થવાની છે જો કે કોર્ટ ઓફ આર્બિટ્રેશન ફોર સ્પોર્ટ્સ (CAS) શુક્રવારે પોતાના નિવેદનમાં જણાવ્યું કે, વિનેશ ફોગાટની અરજી પર નિર્ણય ઓલિમ્પિક ગેમ્સના સમાપ્ત થવાના પહેલાં આવવાની આશા છે. કોર્ટ ઓફ આર્બિટ્રેશન ફોર સ્પોર્ટ્સ દ્વારા જાહેર કરાયેલા એક નિવેદનમાં જણાવ્યું છે કે, ભારતીય પહેલવાન વિનેશ ફોગાટ દ્વારા ૭ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ એડહોક વિભાગમાં એક અરજી દાખલ કરવામાં આવી હતી, જેમાં ઓલિમ્પિક ગેમ્સ પેરિસ ૨૦૨૪માં મહિલા ફ્રીસ્ટાઈલ ૫૦ કિ.ગ્રા. પ્રતિયોગિતામાં ગોલ્ડ મેડલ મેચ પહેલાં તેના બીજા વજનમાં નિષ્ફળ રહેવાના કારણે તેને રિપ્લેસ કરવા માટે યુનાઈટેડ વર્લ્ડ રેસલિંગ દ્વારા લેવાયેલા નિર્ણયના સંબંધમાં અરજી કરી હતી. જે તે જ દિવસે શરૂ થવાનું હતું. નિવેદનમાં આગળ કહેવામાં આવ્યું કે, અરજી કરનારે શરૂઆતમાં સીએએસ એડહોક ડિવિઝન દ્વારા પડકારેલા નિર્ણયને રદ કરવા અને ફાઈનલ મેચ પહેલાં વધુ એક વજન માપનો આદેશ આપવાની સાથે-સાથે આ જાહેરાત કરવાનો નિર્ણય માંગ્યો હતો કે, તેને ફાઈનલમાં ભાગ લેવા માટે યોગ્ય જાહેર કરવામાં આવે. જો કે, તેણે તત્કાલ અંતરિક ઉપાયોનો અનુરોધ કર્યો ન હતો. એડહોક વિભાગની પ્રક્રિયા ઝડપી છે પણ એક કલાકની અંદર યોગ્યતા પર નિર્ણય કરવો સંભવ નથી. આ ધ્યાનમાં રાખી UWWને પહેલાં સાંભળવું પડશે.

# પાસપોર્ટ વેરિફિકેશનના પૈસા ન આપવા બદલ દીવાને દલિત વિદ્યાર્થીને માર માર્યો

(એજન્સી) ફતેહપુર, તા.૯

પાસપોર્ટ વેરિફિકેશન માટે પૈસા ન આપવા બદલ દીવાને અનુસૂચિત જાતિ (SC)ના વિદ્યાર્થી સાથે દુર્વ્યવહાર કર્યો અને તેને માર માર્યો હતો. વિદ્યાર્થીને તેની કારકિર્દી બરબાદ કરવાની ધમકી પણ આપી હતી. ધારાસભ્યનો ફોન આવતા ગુસ્સામાં ઈન્ચાર્જ ઈન્સ્પેક્ટરે પણ વિદ્યાર્થીની સાથે દુર્વ્યવહાર કર્યો હતો. મુખ્યમંત્રીના પોર્ટલ પર ફરિયાદ બાદ બિંદકીના અધિકારીએ મામલાની તપાસ શરૂ કરી હતી. કલ્યાણપુર પોલીસ સ્ટેશન વિસ્તારના ઈટૌરા પીલખાનીમાં રહેતો સૌરભ પ્રકાશ અનુસૂચિત જાતિનો છે. તે કાનપુર રામા યુનિવર્સિટીમાં બીએસસી એગ્રીકલ્ચરનો વિદ્યાર્થી છે. તેણે પાસપોર્ટ માટે અરજી કરી હતી. અરજી કરવા પર ૩૦ જુલાઈએ કલ્યાણપુર પોલીસ સ્ટેશનમાં તૈનાત દિવાન રાહુલે તેને બોલાવ્યો. તે દસ્તાવેજો લઈને પોલીસ સ્ટેશન પહોંચ્યો. સૌરભે આરોપ લગાવ્યો કે દિવાને પોલીસ સ્ટેશનમાં બે હજાર રૂપિયાની માંગણી કરી હતી. વિદ્યાર્થીએ કહ્યું કે તે સ્કોલરશિપની મદદથી પોતાનો અભ્યાસ પૂરો કરી




રહ્યો છે. તેની પાસે ૨૦૦ રૂપિયા છે. આના પર દીવાન ગુસ્સે થઈ ગયો અને થોડા સમય પછી તેણે ૮૦૦ રૂપિયાની માંગ કરી હતી. પૈસા આપવાનો ઈન્કાર કરવા પર દીવાને તેની સાથે દુર્વ્યવહાર કર્યો, તેને બે વાર થપ્પડ મારી અને તેનું ભવિષ્ય બગાડવાની પણ ધમકી આપી હતી. જ્યારે તેણે તેના પિતાને જાણ કરી તો તેમણે ધારાસભ્ય કૃષ્ણા પાસવાન સાથે વાત કરી. ધારાસભ્યના કહેવા પર ઈન્સપેક્ટર-ઈન-ચાર્જ રમાશંકર સરોજ પોલીસ સ્ટેશન પહોંચ્યા. આરોપ છે કે તેણે પણ સૌરભ સાથે દુર્વ્યવહાર પણ શરૂ કર્યો હતો. ઈન્સ્પેક્ટર-ઈન-ચાર્જ રમાશંકર સરોજે કહ્યું કે ધારાસભ્યનો ફોન આવ્યા બાદ તેઓ પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. યુવક સઉદી અરેબિયા જવા માંગે છે. તે વીડિયો રેકોર્ડ કરી રહ્યો હતો. મારપીટ, ધમકી અને પૈસા માંગવાના આરોપો ખોટા છે. બીજી તરફ દિવાન રાહુલે કહ્યું કે સૌરભ દ્વારા લગાવવામાં આવી રહેલા આરોપો પાયાવિહોણા છે.

## ભારતના ટોચના વકીલ હરીશ સાલ્વે વિનેશ ફોગાટ કેસની સુનાવણીમાં આઈઓએનું પ્રતિનિધિત્વ કરશે

નવી દિલ્હી, તા.૯

પહેલવાન વિનેશ ફોગાટને પેરિસ ઓલિમ્પિકમાંથી અયોગ્ય જાહેર કરવાના મામલામાં જાણીતા ભારતીય વકીલ હરીશ સાલ્વે ભારતીય ઓલિમ્પિક સંઘ (આઈઓએ)નું પ્રતિનિધિત્વ કરશે. વિવાદના કાયદાકીય અને પ્રક્રિયાગત પાસાઓને ઉકેલવામાં સાલ્વેની કુશળતા નિર્ણાયક સાબિત થશે. ભારતના ભૂતપૂર્વ સોલિસિટર જનરલ અને કિંગ્સ કાઉન્સિલ સાલ્વેએ એએનઆઈને કહ્યું IOA દ્વારા તેમની ફોગાટની કોર્ટ ઓફ આર્બિટ્રેશન ફોર સ્પોર્ટસ (સીએએસ)માં પ્રતિનિધિત્વ કરવા નિયુક્તિ કરવામાં આવી છે. સીએએસ ખાતે એડહોક સુનાવણી નવ ઓગસ્ટે પેરિસના સમય અનુસાર સવારે નવ વાગે (ભારતીય સમય અનુસાર બપોરે ૧૨:૩૦ વાગે) શરૂ થશે. ઓલિમ્પિક દરમ્યાન મામલાને સંભાળવા માટે સીએએસએ એક એડહોક ડિવિઝનની સ્થાપના કરી છે જેનું નેતૃત્વ અમેરિકાના અધ્યક્ષ માઈકલ લેનાર્ડ કરે છે. આ વિભાગ ૧૭મી એરોન્ડિસમેન્ટમાં પેરિસ જ્યુડિશિયલ કોર્ટમાં સ્થિત છે. પેરિસ ઓલિમ્પિક ફાઈનલમાં અયોગ્ય જાહેર થયા બાદ વિનેશ ફોગાટે ગુરૂવારે કુસ્તીમાંથી સંન્યાસની જાહેરાત કરી હતી.

## અનામત પર સુપ્રીમ કોર્ટ : દલિત IAS, IPS અને મંત્રીઓના બાળકોને અનામત કેમ મળવી જોઈએ ?

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

સુપ્રીમ કોર્ટે SC અને ST અનામતની અંદર અલગ-અલગ ક્વોટાને મંજૂરી આપી છે. તેનો લાભ SC અને ST ક્વોટાના એવા લોકોને મળશે જેઓ અત્યાર સુધી અનામતથી વંચિત હતા. ઉત્તર પ્રદેશના પૂર્વ પોલીસ મહાનિર્દેશક, ભાજપના સાંસદ અને દલિત નેતા બ્રિજલાલે સુપ્રીમ કોર્ટના નિર્ણયનું જોરદાર સમર્થન કર્યું છે. બ્રિજલાલ ઉત્તર પ્રદેશ અનુસૂચિત જાતિ આયોગના અધ્યક્ષ પણ રહી ચૂક્યા છે. તેમનું કહેવું છે કે અધિકારીઓ અને મજૂરોના બાળકોની સરખામણી ન થઈ શકે. મજૂરોના બાળકોને વધુ અનામતની જરૂર છે.

**રોકાણકાર શૈક્ષણિક અને જાગૃતિ પહેલ**

મ્યુચ્યુઅલ ફંડ્સ વિશે વધુ જાણકારી મેળવવા માટે અમારી સાથે જોડાઓ.

**તારીખ અને સ્થળ:**

સોમવાર, 12 ઓગસ્ટ 2024; સાંજે 7:00 વાગ્યાથી.
દર્શન હોટેલ એન્ડ બેંક્વેટ્સ, કાપોદરા પોલીસ સ્ટેશન પાસે, વરાછા રોડ, સુરત – 395 006, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરો: હર્ષિલ ઝવેરી, મોબાઈલ : 84604 15230.
સોમવાર, 12 ઓગસ્ટ 2024; સાંજે 7:00 થી રાત્રે 9:00 વાગ્યા સુધી.
રેજેન્ટા હોટેલ, એનએચ–8, ભોલાવ, એબીસી સર્કલ, ભરૂચ – 392 001, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરો: દિપક ચૌહાણ, મોબાઈલ : 94089 75787.
મંગળવાર, 13 ઓગસ્ટ 2024; સાંજે 6:30 વાગ્યાથી.
હોટેલ બ્લુઆઈવી, ગણેશ મંદિર પાસે, 80 ફીટ રોડ, આણંદ, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરો: નિરલ જોષી, મોબાઈલ : 70166 95863.
મંગળવાર, 13 ઓગસ્ટ 2024; સાંજે 7:00 વાગ્યાથી.
મયુર રેસ્ટોરન્ટ, પહેલો માળ સેફ્રોન બિઝનેસ પાર્ક, જશોદાનગર ક્રોસ રોડ, અમદાવાદ, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરો: હાર્દિક મહેતા, મોબાઈલ : 99250 04182.
બુધવાર, 14 ઓગસ્ટ 2024; સાંજે 6:00 થી રાત્રે 9:00 વાગ્યા સુધી.
હોટેલ પ્રેસિડેન્ટ, એસ.ટી. રોડ, સુરેન્દ્રનગર – 363 001, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરો: તુષાર ભીમાણી, મોબાઈલ : 99049 77001.
નોંધણી ફરજિયાત છે. નોંધણીનો સમય સવારે 9:30 થી સાંજે 5:00 સુધીનો જ રહેશે.
વોક-ઈન્સને મંજૂરી નથી.

HDFC MUTUAL FUND BHAROSA APNO KA

An Investor Education and Awareness Initiative

મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ કરવા વન-ટાઈમ નો યોર કસ્ટમર (કેવાયસી) પૂર્ણ કરવાની પ્રક્રિયા વિશે વધુ જાણવા માટે વિઝિટ કરો https://www.hdfcfund.com/information/key-know-how. રોકાણકારોએ નોંધણીકૃત મ્યુચ્યુઅલ ફંડ્સ સાથે જ લેણદેણ કરવી જોઈએ, જેની વિગતો સેબીની વેબસાઈટ (www.sebi.gov.in/intermediaries.html) પર વેરિફાઈ કરી શકાશે. કોઈ પણ પૂછપરછ, ફરિયાદ અને તકરાર નિવારણ માટે રોકાણકારો એએમસી અને/ અથવા રોકાણકાર સંબંધ અધિકારીનો સંપર્ક કરી શકે છે. ઉપરાંત રોકાણકારોને એએમસીને પ્રત્યક્ષ ફરિયાદ પણ કરી શકે છે. જો એએમસી દ્વારા આપવામાં આવેલા ઉકેલથી સંતોષ નહીં હોય તો https://scores.gov.in પર સ્કોર્સ પોર્ટલ થકી ફરિયાદ નોંધાવી શકે છે. સ્કોર્સ પોર્ટલ પર રોકાણકારો સેબીને ઓનલાઈન ફરિયાદ કરી શકે છે અને ત્યારબાદ તેની સ્થિતિ જોઈ શકે છે. જો રોકાણકારોને એએમસી પાસે પ્રત્યક્ષ ઉપસ્થિત કરેલી અથવા સ્કોર્સ પોર્ટલ થકી કરેલી ફરિયાદના ઉકેલથી સંતોષ નહીં થાય તો તેઓ https://smartodr.in/login સ્માર્ટ ઓડીઆર પર કોઈ પણ ફરિયાદ કરી શકે છે.

**મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણો બજારનાં જોખમોને અધીન હોય છે, સર્વ યોજના સંબંધી દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો.**

**પરિશિષ્ટ IV-એ,**
**સ્થાવર મિલકતના વેચાણ માટે સૂચના**

સિક્યોરીટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) એક્ટ 2002ના નિયમ 8(6) મુજબ સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટ્રેસ્ટ એક્ટ 2002 હેઠળ સ્થાવર મિલકતના વેચાણ માટે ઈ-ઓક્શન વેચાણ સૂચના.

આ દ્વારા સામાન્ય જનતાને અને ખાસ કરીને કર્જદાર(રો) અને ગેરંટર(રો)ને સૂચના આપવામાં આવે છે કે, નીચે વર્ણન કરેલ સ્થાવર મિલકત કે જે **સમ્માન કેપિટલ લિમિટેડ (આ પહેલા ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિ. તરીકે ઓળખાતી) [CIN : L65922DL2005PLC136029] (''સીક્યોર્ડ ક્રેડિટર'')** પાસે ગીરવે મુકેલ છે જેનો **વાસ્તવિક કબજો** સીક્યોર્ડ ક્રેડિટરના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે તે **રૂ. 22,72,861/- (રૂપિયા બાવીસ લાખ બોત્તેર હજાર આઠસો એકસઠ પૂરાં)** ની વસૂલી માટે **12.09.2024** ના રોજ **સાંજના 04.00 થી 05.00 વાગ્યા** દરમિયાન **''જેમ છે'' ''જ્યાં છે'', ''જેમ છે જે છે''** અને જે પણ જ્યાં છે ધોરણે વેચવામાં આવશે, જે **ચેતન આઈ. પોંકીયા, ભાવિષા ચેતનકુમાર પોંકીયા અને ઈશ્વરલાલ આર. પોંકીયા ઉર્ફે ઈશ્વરભાઈ રણછોડભાઈ પોંકીયા** પાસેથી **લોન અકાઉન્ટ નં. HHLVAI00357867** માં બાકી નીકળતી મૂળ રકમ, એરીઅર્સ (જમા થયેલા લેટ ચાર્જિસ સહિત) તેમ જ **27.07.2024** સુધીનાં વ્યાજ સહિત લોન એગ્રીમેન્ટ અને અન્ય સંબંધિત લોન દસ્તાવેજ(જો)ની શરતો મુજબ **28.07.2024** થી અમલી બને તેમ લાગુ ભાવિ વ્યાજ ઉપરાંત કાનૂની ખર્ચ અને અન્ય ચાર્જિસ સહિત સીક્યોર્ડ ક્રેડિટર્સને ચૂકવવાના બાકી નીકળે છે.

સૂચિત પ્રોપર્ટીઓના ઓક્શન માટે અનામત કિંમત **રૂ. 22,95,000/- (રૂપિયા બાવીસ લાખ પંચાણું હજાર પૂરાં)** છે. અને અર્નેસ્ટ મની ડિપોઝિટ **(''ઈએમડી'') રૂ. 2,29,500/- (રૂપિયા બે લાખ ઓગણત્રીસ હજાર પાંચસો પૂરાં)** એટલે અનામત મૂલ્ય 10 % ના બરાબર રહેશે.

**સ્થાવર મિલકત્તનું વર્ણન**

**મિલકત જે રજિસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટ વલસાડ, સબ-ડિસ્ટ્રિક્ટ વાપી, તાલુકા મોજે બલિઠા ગામમાં બિન-ખેતીની જમીન જેનો રેવેન્યૂ સર્વે નં. 51/1 પૈકી 1 છે તેના પર સ્થિત છે, અને 12000 ચો. મીટર વિસ્તારના આરસીસી પ્રકારના હાઈ રાઈઝ ઘરો કે જે ''રાજ રેસિડેન્સી'' તરીકે ઓળખાય છે તેમાં બિલ્ડિંગ ''ડી''માં ચોથા માળે આવેલ ફ્લેટ નં. ડી-401, જેનો વિસ્તાર 69.70 ચો. મીટર એટલે કે 750 ચો. ફીટ બિલ્ટ અપ એરિયા (1100 ચો. ફૂટ સુપરબિલ્ટ અપ એરિયા) બરાબર છે, તેનો 10.00 ચો. મીટરનો અવિભાજિત હિસ્સો, જેની સીમાઓ નીચે મુજબ છે:**

પૂર્વમાં : બિલ્ડિંગનો પેસેજ — પશ્ચિમમાં : ખુલ્લી જગ્યા
ઉત્તરમાં : ફ્લેટ નં. ડી-402 — દક્ષિણમાં : ખુલ્લી જગ્યા

વેચાણના વિસ્તૃત નિયમો અને શરતો માટે કૃપા કરી સીક્યોર્ડ ક્રેડિટર એટલે કે www.sammaancapital.com ની વેબસાઈટ પર આપેલી લિંક જુઓ; સંપર્ક નં. 0124 - 6910910, +91 7065451024; ઈ-મેઈલ આઈડી : auctionhelpline@sammaancapital.com બિડિંગ માટે www.auctionfocus.in પર લૉગ ઑન કરો.

સહી/-
અધિકૃત અધિકારી
સમ્માન કેપિટલ લિમિટેડ
(આ પહેલા ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિ. તરીકે ઓળખાતી)

તારીખ : 05.08.2024
સ્થળ : વાપી

**IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ**

**(અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી) CIN : L65110TN2014PLC097792**

**રજિ.ઓફિસ :** કેઆરએમ ટાવર્સ, ૭મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧. ટેલિ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦/ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

IDFC FIRST Bank

**પરિશિષ્ટ -૪ એ [જુઓ નિયમ -૮ (૬) અને ૯(૧)ની જોગવાઈ] સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટિસ**

ધી સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટ્રેસ્ટ એક્ટ, ૨૦૦૨ને ધી સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮ (૬) અને ૯(૧)ની જોગવાઈ સાથે વંચાણે લેતાં હેઠળ સ્થાવર મિલકતોના વેચાણની ઈ-હરાજી વેચાણ નોટિસ

અત્રે જાહેર જનતાને સામાન્ય રીતે દેણદાર(રો) અને સહ-દેણદાર(રો)ને વિશેષ રૂપે નોટિસ આપવામાં આવે છે કે કોલમ (૩) મુજબની નીચે વર્ણન કરેલ સ્થાવર મિલકતો કોલમ (૪) મુજબ સિક્યોર્ડ લેણદારને ગિરવે/ચાર્જ કરેલ છે, કબજો અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતીના અધિકૃત અધિકારી દ્વારા લીધેલ છે જેનું **'જેમ છે તે છે', અને 'જે કાંઈ છે તે છે'** આધારે નીચે જણાવ્યા મુજબ **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી)** (૧) કોલમ મુજબના દેણદાર(રો)ને અને સહ-દેણદાર(રો)ની પાસેથી લેવાની થતી રકમની વસૂલાત માટે વેચાણ કરવામાં આવશે.

વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે **આઈડીએફસી ફર્સ્ટ બેંકની** વેબસાઈટ એટલે કે : **www.idfcfirstbank.com** પર આપેલી લિંકનો સંદર્ભ લો.

| ક્ર નં. | (i) ડિમાન્ડ નોટિસની રકમ | (ii) એગ્રીમેન્ટ આઈડી | (iii) દેણદાર(રો), સહ દેણદાર(રો) અને ગેરેન્ટરોના નામ | (v) અનામત કિંમત રકમ | (vi) ઈએમડી રકમ | (vii) હરાજીની તારીખ અને સમય | (viii) ઈએમડી હરાજીની તારીખ અને સમય | (ix) નિરીક્ષણની તારીખ અને સમય | (x) અધિકૃત અધિકારીના નામ અને સંપર્ક નં. |
| --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- |
| 1 | ભા.રૂા. ૧૦૧૦૪૮૪૪.૦૩/- ડિમાન્ડ નોટિસ તારીખ : ૦૬ - ફેબ્રુ- ૨૦૨૦ | ૮૨૭૧૬૫૮ ૪૮૨૬૮૪૩ અને ૪૮૨૬૭૭૧ | જે.પી. ઓર્નામેન્ટસ (પ્રોપ. ગીતાબેન જે. મંડલી), રાજેન્દ્ર જશવંતભાઈ મંડલી, પરેશ જે. મંડલી, ગીતાબેન જશવંતભાઈ મંડલી અને જશવંતભાઈ પરષોત્તમભાઈ મંડલી | ભા. રૂા. ૫૭૬૪૩૪૭.૦૦/- | ભા. રૂા. ૫૭૬૪૩૪.૭૦/- | ૨૮-ઓગસ્ટ-૨૦૨૪ સવારે ૧૧.૦૦થી બપોરે ૧.૦૦ | ૨૭-ઓગસ્ટ-૨૦૨૪ સવારે ૧૦.૦૦થી સાંજે ૫.૦૦ | ૨૧-ઓગસ્ટ-૨૦૨૪ સવારે ૧૦.૦૦થી બપોરે ૪.૦૦ સુધી | નામ : દિવ્યરાજસિંહ ઝાલા સંપર્ક નં. ૯૨૭૪૨૦૭૯૦૯ નામ : શ્રી ચિનમય આચાર્ય સંપર્ક નં. ૯૫૭૪૪૪૮૮૪૪ |
| (iv) મોર્ગેજ મિલકતનું સરનામું : ૧) મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ જેની કોમર્શિયલ દુકાન નં.૧૦૫, પહેલો માળ, કાર્પેટ એરિયા હેઠળ ૧૨૮.૦૦ ચો.ફૂટ એટલે કે ૧૧-૯૦ ચો.મી. મલ્ટીપલ કોમ્પ્લેક્ષમાં નામે 'જી.ટી. કોમ્પ્લેક્ષ' તરીકે સ્થિત અત્રે રાજકોટ, રેવન્યુ સર્વે નં.૧૮૯ પૈકી ટી.પી. સ્કીમ નં.૭, એફપી નં.૮ પૈકી સિટી સર્વે વોર્ડ નં.૧૨/૨, સિટી સર્વે નં.૫૧૦૦ પૈકી પ્લોટ નં.૧ ઊભેલ જમીન વિસ્તાર ૩૭૧-૪૯ ચો.મી. એટલે કે ૪૪૩-૦૯ ચો.વાર, સબ જિ. અને જિ. રાજકોટ, રાજ્ય ગુજરાતમાં અને આ મુજબ ખૂંટ : ઉત્તર તરફ : દુકાન નં.૧૦૪, દક્ષિણ તરફ : દુકાન નં.૧૦૬, પૂર્વ તરફ : રસ્તો અને ભાવનગર રોડ અને પશ્ચિમ તરફ : દુકાન નં.૧૧૧ અને ૨) મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ જેનું કોમર્શિયલ રસ્તો દુકાન નં.૧૦૫ની પાછળ, પહેલો માળ, કાર્પેટ એરિયા હેઠળ ૧૫૬.૮૩ ચો.ફૂટ એટલે કે ૧૪.૫૭ ચો.મી. મલ્ટીપલ કોમ્પ્લેક્ષમાં નામે 'જી.ટી. કોમ્પ્લેક્ષ' તરીકે સ્થિત અત્રે રાજકોટ, રેવન્યુ સર્વે નં.૧૮૯ પૈકી ટી.પી. સ્કીમ નં.૭, એફપી નં.૮ પૈકી સિટી સર્વે વોર્ડ નં.૧૨/૨, સિટી સર્વે નં.૫૧૦૦ પૈકી પ્લોટ નં.૧ ઊભેલ જમીન વિસ્તાર ૩૭૧-૪૯ ચો.મી. એટલે કે ૪૪૩-૦૯ ચો.વાર, સબ જિ. અને જિ. રાજકોટ, રાજ્ય ગુજરાત અને આ મુજબ ખૂંટ : ઉત્તર તરફ : અન્યની દુકાન, દક્ષિણ તરફ : અન્યની દુકાન, પૂર્વ તરફ : દુકાન નં.૧૦૫ અને પશ્ચિમ તરફ : કોમ્પલેક્ષનો રસ્તો | | | | | | | | | |
| 2 | ભા.રૂા. ૧૭૦૯૩૨૬.૩૨/- ડિમાન્ડ નોટિસ તારીખ : ૦૭ - માર્ચ- ૨૦૨૦ | ૨૬૬૯૧૪૦૩ | દીપક કુમાર ગૌતમ અને તારા કુમારી | ભા. રૂા. ૮૯૭૯૨૧.૦૦/- | ભા. રૂા. ૮૯૭૯૨.૧૦/- | ૨૮-ઓગસ્ટ-૨૦૨૪ સવારે ૧૧.૦૦થી બપોરે ૧.૦૦ | ૨૭-ઓગસ્ટ-૨૦૨૪ સવારે ૧૦.૦૦થી સાંજે ૫.૦૦ | ૨૧-ઓગસ્ટ-૨૦૨૪ સવારે ૧૦.૦૦થી બપોરે ૪.૦૦ સુધી | નામ : દિવ્યરાજસિંહ ઝાલા સંપર્ક નં. ૯૨૭૪૨૦૭૯૦૯ નામ : શ્રી ચિનમય આચાર્ય સંપર્ક નં. ૯૫૭૪૪૪૮૮૪૪ |
| (iv) મોર્ગેજ મિલકતનું સરનામું : હર્ષિલ ટાઉનશીપ, વિંગ-બી/૨, ફ્લેટ નં.૪૦૧, મોરબી રોડ, રતનપર, રાજકોટ, ગુજરાત-૩૬૦૦૦૨ | | | | | | | | | |
| 3 | ભા.રૂા. ૫૫૧૮૬૫૦.૭૦/- ડિમાન્ડ નોટિસ તારીખ : ૦૯ - મે- ૨૦૨૨ | ૫૮૮૬૧૩૬ | મેસર્સ રોયલ ઈન્ડસ્ટ્રીઝ, વિપુલભાઈ એમ.હુમ્મર અને હેતલ વિપુલભા હુમ્મર | ભા. રૂા. ૨૮૮૯૦૦૦.૦૦/- | ભા. રૂા. ૨૮૮૯૦૦.૦૦/- | ૨૮-ઓગસ્ટ-૨૦૨૪ સવારે ૧૧.૦૦થી બપોરે ૧.૦૦ | ૨૭-ઓગસ્ટ-૨૦૨૪ સવારે ૧૦.૦૦થી સાંજે ૫.૦૦ | ૨૧-ઓગસ્ટ-૨૦૨૪ સવારે ૧૦.૦૦થી બપોરે ૪.૦૦ સુધી | નામ : દિવ્યરાજસિંહ ઝાલા સંપર્ક નં. ૯૨૭૪૨૦૭૯૦૯ નામ : શ્રી ચિનમય આચાર્ય સંપર્ક નં. ૯૫૭૪૪૪૮૮૪૪ |
| (iv) મોર્ગેજ મિલકતનું સરનામું : મિલકત -૧ : મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ જેની ઓફિસ નં.૩૦૮, ત્રીજો માળ, બિલ્ટ અપ એરિયા ૨૯-૮૭ ચો.મી. કોસ્મો કોમ્પ્લેક્ષમાં, સ્થિત અત્રે રાજકોટ, રેવન્યુ સર્વે નં.૪૫૦/પી, સિટી સર્વે નં.૭૧૪/બી/પી સબ જિ. અને જિ., રાજકોટમાં રાજ્ય ગુજરાત-૩૬૦૦૦૩ (મિલકત સરનામું : ૩૦૮, કોસ્મો કોમ્પ્લેક્ષ, મહિલા કોલેજ ચોક પાસે, કાલાવાડ રોડ, રાજકોટ) જેની આ મુજબ ખૂંટ : ઉત્તર : ઓફિસ નં.૩૦૯, દક્ષિણ : ઓફિસ નં.૩૦૭, પૂર્વ : રસ્તો અને પશ્ચિમ : માર્જિન | | | | | | | | | |
| 4 | ભા.રૂા. ૪૮૦૯૭૮૩.૬૭/- ડિમાન્ડ નોટિસ તારીખ : ૨૧ - જૂન- ૨૦૨૩ | ૧૧૩૬૧૧૬૧ | ઘનશ્યામ વી. કપુરિયા અને દયાબેન ઘનશ્યામભાઈ કપુરિયા | ભા. રૂા. ૧૯૮૦૦૦૦.૦૦/- | ભા. રૂા. ૧૯૮૦૦૦.૦૦/- | ૨૮-ઓગસ્ટ-૨૦૨૪ સવારે ૧૧.૦૦થી બપોરે ૧.૦૦ | ૨૭-ઓગસ્ટ-૨૦૨૪ સવારે ૧૦.૦૦થી સાંજે ૫.૦૦ | ૨૧-ઓગસ્ટ-૨૦૨૪ સવારે ૧૦.૦૦થી બપોરે ૪.૦૦ સુધી | નામ : દિવ્યરાજસિંહ ઝાલા સંપર્ક નં. ૯૨૭૪૨૦૭૯૦૯ નામ : શ્રી ચિનમય આચાર્ય સંપર્ક નં. ૯૫૭૪૪૪૮૮૪૪ |
| (iv) મોર્ગેજ મિલકતનું સરનામું : આઈટમ-૧ :- મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ જેની ઓફિસ નં.૧૦૫, પહેલો માળપ કાર્પેટ એરિયા ૧૮.૬૮ ચો.મી. કોમર્શિયલ બિલ્ડિંગમાં નામે 'હરીદર્શન આર્કેડ' તરીકે બંધાયેલ એનએ જમીન વિસ્તાર ૨૨૨.૯૬ ચો.મી. દક્ષિણ-પૂર્વ તરફ પ્લોટ નં.૧૪, સ્થિત અત્રે બાલાજી હોલ પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ, નાના માવા રેવન્યુ સર્વે નં.૨૭/પી, સિટી સર્વે વોર્ડ નાના માવા, સિટી સર્વે નં.૨૨૧૫/પી, સબ જિ. અને રજિ. જિ. રાજકોટ, રાજ્ય ગુંજરાત ૩૬૦૦૦૫ અને આ મુજબ ખૂંટ : પૂર્વ : ઓફિસ નં.૧૦૪, પશ્ચિમ : પબ્લિક પ્લોટ, ઉત્તર : પ્લોટ નં.૧૪ અને દક્ષિણ : પ્રવેશ અને કોમન રસ્તો | | | | | | | | | |

ડિસ્કલેમર : મહેરબાની કરીને નોંધ લેવી કે સદર નોટિસ ફક્ત સ્થાવર મિલકતના વેચાણ માટે આપેલ છે અને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડને સ્થાવર મિલકત ખાતે જો કોઈ જંગમ મિલકત હોય તો તે વેચવાનો હક્ક નથી.

સહી/-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી)

તારીખ : ૧૦.૦૮.૨૦૨૪

# શું અમુક તસવીરો બાંગ્લાદેશમાં ટાગોરની પ્રતિમાને તાજેતરમાં તોડવામાં આવી છે એવું દર્શાવે છે ? : ના ! ખરેખર એવું નથી

## આ તસવીર ફેબ્રુઆરી ૨૦૨૩ની છે અને તેનો બાંગ્લાદેશમાં ચાલી રહેલા રાજકીય સંઘર્ષ સાથે કોઈ સંબંધ નથી




(એજન્સી) તા.૯

નોબેલ પારિતોષિક વિજેતા રવિન્દ્રનાથ ટાગોરની પ્રતિમા અપવિત્ર કરવામાં આવી છે એવું દર્શાવતી એક છબી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર શેર કરવામાં આવી રહી છે જેમાં વપરાશકર્તાઓ દાવો કરે છે કે તે બાંગ્લાદેશની તાજેતરની ઘટના છે. સોશિયલ મીડિયા પોસ્ટ્સ કહે છે કે, બાંગ્લાદેશનું રાષ્ટ્રગીત, અમર સોનાર બાંગ્લા, જે ૧૯૦૬માં રવિન્દ્રનાથ ટાગોરે લખેલું હતું. આજે ત્યાંના વિદ્યાર્થીઓએ તેમની પ્રતિમાને તોડી પાડી છે. શું આ જ તેમનું શિક્ષણ છે ??

પણ શું આ દાવો સાચો છે ?: ના ! આ છબી જૂની છે અને તે ફેબ્રુઆરી ૨૦૨૩ની છે, જ્યારે ઢાકા યુનિવર્સિટીમાં ટાગોરની પ્રતિમા બનાવવામાં આવ્યા પછી તરત જ તેના તોડફોડ કરાયેલા ટુકડાઓ મળી આવ્યા હતા.

**અમે આ કેવી રીતે શોધી શક્યા છીએ ? :**

ગૂગલ લેન્સની મદદથી રિવર્સ ઈમેજ સર્ચ કરવા પર અમને 'ઢાકા ટ્રિબ્યુન'માં પ્રકાશિત એક સમાચાર મળ્યા હતા.

● આ અહેવાલમાં જણાવાયું છે કે ઢાકા યુનિવર્સિટીના સત્તાવાળાઓએ પ્રતિમાને હટાવ્યા બાદ ટાગોરની પ્રતિમા તેના સ્થાને પાછી આવી છે, જે પુસ્તકો પર પ્રતિબંધનો વિરોધ કરવા માટે બનાવવામાં આવી હતી.

● યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને કેમ્પસની આસપાસ પ્રતિમાના ભાગો મળ્યા અને તેને રાજુ સ્મારક શિલ્પની બાજુમાં ફરીથી બનાવવામાં આવી છે.

● આ અહેવાલમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ટાગોરનું શિલ્પ આ વખતે અલગ હતું, તેની બાજુમાં એક પોસ્ટર હતું જેમાં લખ્યું હતું કે ડિજિટલ સુરક્ષા કાયદાને રદ કરો અને તમામ પ્રકારની સેન્સરશિપ બંધ કરો.

● યુનિવર્સિટીના સત્તાવાળાઓએ આ શિલ્પને હટાવી દીધું હતું જ્યારે તે વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવ્યું હતું.

આ અહેવાલ ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ પ્રકાશિત થયો હતો.

**અન્ય સ્ત્રોતો :** એક અહેવાલમાં કહેવામાં આવ્યું હતું કે દેશમાં અભિવ્યક્તિની સ્વતંત્રતા, સેન્સરશિપ અને દમન પર સેન્સરશિપના વિરોધમાં આ પ્રતિમાની સ્થાપના કરવામાં આવી હતી.

● ટાગોરનું ૧૯ ફૂટનું આ શિલ્પ એવા વ્યક્તિઓ દ્વારા બનાવવામાં આવ્યું હતું જેમણે ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફાઈન આર્ટ્સમાં અભ્યાસ કર્યો હતો.

● આ પ્રતિમા વિવિધ વસ્તુઓ જેમ કે વાંસ, કાગળ અને થર્મોકોલનો ઉપયોગ કરીને બનાવવામાં આવી હતી. તેમાં ટાગોર તેમના પુસ્તક 'ગીતાંજલિ'ની નકલ પકડીને ઊભા છે અને તેમને તેમના મોં પર ટેપ લગાવીને ઉભેલા દર્શાવવામાં આવ્યા હતા.

● આ પ્રતિમા ટૂંક સમયમાં ગુમ થઈ ગઈ હોવાના અહેવાલ છે. યુનિવર્સિટીના પ્રોક્ટર એ કે એમ ગુલામ રબ્બાનીએ પ્રતિમાની સ્થાપનાની ટીકા કરી હતી. આ રિપોર્ટ છેલ્લે ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ અપડેટ કરવામાં આવ્યો હતો.

વેબકૂફ ટીમને ટાગોરની પ્રતિમાના જુદા જુદા ખૂણામાંથી વિઝ્યુઅલ મળ્યા જે મૂળ રૂપે યુનિવર્સિટીમાં સ્થાપિત કરવામાં આવ્યા હતા અને 'ડેઈલી બંગલા' નામની YouTube ચેનલ પર પ્રકાશિત કરવામાં આવ્યા હતા.

● તે ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ અપલોડ કરવામાં આવ્યું હતું અને જ્યારે તેનું અંગ્રેજીમાં ભાષાંતર કરવામાં આવ્યું ત્યારે તેનું કેપ્શન લખ્યું હતું, "ઈજાગ્રસ્ત રવીન્દ્રનાથ, લોહિયાળ ગીતાંજલિ."

**નિષ્કર્ષ :** તે સ્પષ્ટ થાય છે કે આ છબી જૂની છે અને બાંગ્લાદેશમાં ચાલી રહેલી અશાંતિ સાથે તેને ખોટી રીતે જોડવામાં આવી છે.

# ન્યાયિક વિલંબ ઘોર અન્યાય છે અને CAA વિરોધી દેખાવકારોની સ્વતંત્રતાની અવગણના કરે છે : CJAR

## ગુલ્ફિશા ફાતિમાની જામીન સુનાવણીનું ઉદાહરણ આપતા, CJARએ જણાવ્યું હતું કે આ જ કેસના સહ-આરોપીઓને જૂન ૨૦૨૧માં જામીન આપવામાં આવ્યા હતા, ત્યારે ફાતિમા હજુ પણ જેલમાં છે



(એજન્સી) નવી દિલ્હી, તા.૯

કેમ્પેઈન ફોર જ્યુડિશિયલ એકાઉન્ટેબિલિટી એન્ડ રિફોર્મ્સ (CJAR)એ જણાવ્યું છે કે, રાજકીય અસંમતિના કેસોમાં જામીનની કાર્યવાહીમાં વિલંબ અને વિલંબિત આદેશો એ અત્યંત ચિંતાનો વિષય છે અને વર્તમાન શાસન સામે પ્રશ્નો ઉભા કરે છે. CJARએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ન્યાયિક વિલંબ ઘોર અન્યાયનું કારણ બને છે અને CAA વિરોધી દેખાવકારોની સતત જેલવાસ અને તેમની સ્વતંત્રતાની અવગણના દર્શાવે છે. અમે અત્યંત નિરાશા સાથે અદાલતોમાં અવ્યવસ્થિત વલણની નોંધ લઈએ છીએ જ્યાં બે વર્ષથી વધુ સમયથી જામીનના કેસો ચુકાદા વિના પેન્ડિંગ રાખવામાં આવ્યા છે જે વ્યક્તિઓના મૂળભૂત અધિકારોનું ગંભીર ઉલ્લંઘન છે.

ગુલ્ફિશા ફાતિમાની જામીન સુનાવણીનું ઉદાહરણ આપતા, તેમણે સમજાવ્યું કે, તેમના પર UAPA હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો હતો અને એપ્રિલ ૨૦૨૦માં ધરપકડ કરવામાં આવી હતી, તે દર્શાવતા CJARએ જણાવ્યું હતું કે, દેવાંગના કલિતા, નતાશા નરવાલ અને આસિફ ઈકબાલ તન્હા, જેઓ આ જ કેસમાં સહ-આરોપી છે તેઓને જૂન ૨૦૨૧માં જામીન મળ્યા હતા અને ફાતિમા હજુ પણ જેલમાં છે.

આ ત્રણેયને જામીન આપતી વખતે, દિલ્હી હાઈકોર્ટે કહ્યું હતું કે અમે એ કહેવા માટે મજબૂર છીએ કે, એવું લાગે છે કે અસંમતિને દબાવવાની ચિંતામાં રાજ્યએ પોતાની સત્તાનો અયોગ્ય ઉપયોગ કર્યો છે. બંધારણીય રીતે બાંયધરી આપેલ 'વિરોધ કરવાનો અધિકાર' અને 'આતંકવાદી પ્રવૃત્તિ' વચ્ચે તફાવત છે. દિલ્હી પોલીસે દિલ્હી હાઈકોર્ટના આદેશને પડકાર્યો હતો પરંતુ સુપ્રીમ કોર્ટે તેને માન્ય રાખ્યો હતો.

CJARએ નિવેદનમાં જણાવ્યું હતું કે, ગુલ્ફિશાની ભૂમિકા દિલ્હી પોલીસ દ્વારા કથિત જે રીતે રજૂ કરવામાં આવી છે તે દેવાંગના અને નતાશાની ભૂમિકાઓ જેવી જ છે માટે તે જામીન મેળવવા માટે સક્ષમ હોવી જોઈએ. જો કે, અસાધારણ ન્યાયિક વિલંબના પરિણામે, ગુલ્ફિશાની જામીન અરજી પર કોઈ આદેશ આપવામાં આવ્યો નથી અને તે ચાર વર્ષથી વધુ સમયથી જેલમાં છે. ૧લી મે ૨૦૨૨ના રોજ તેણે જામીન માટે અરજી કરી ત્યારથી ગુલફિશાના જામીનનો કેસ દિલ્હી હાઈકોર્ટમાં ૬૫ વખત સુનાવણી માટે લિસ્ટ કરવામાં આવ્યો છે. આ સમગ્ર પ્રક્રિયામાં સૌથી કંટાળાજનક પાસું એ છે કે ગુલફિશાના જામીન માટે દિલ્હી હાઈકોર્ટમાં હવે ત્રીજી વખત દલીલ કરવામાં આવશે. સીજેએઆરના નિવેદનમાં ખાલિદ સૈફીના કેસનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેમણે પણ સમાન નાગરિકતા માટેની ચળવળમાં ભાગ લીધો હતો.

આ નિવેદન કહે છે કે, ખાલિદ સૈફીની ૨૬મી ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ ધરપકડ કરવામાં આવી હતી અને દિલ્હી હાઈકોર્ટમાં તેની જામીન અરજી ૧૦મી મે ૨૦૨૨ના રોજ નોંધવામાં આવી હતી. તે હજુ પણ જેલમાં છે. તેની જામીન અરજી બે વર્ષથી વધુ સમયથી દિલ્હી હાઈકોર્ટમાં છે, બે બેન્ચે તેની જામીન બાબતે વ્યાપક દલીલો સાંભળી હતી, પરંતુ ચુકાદો આપ્યો નથી. અન્ય કેટલાક સહઆરોપીઓની જામીન અરજીઓ પણ આવી જ રીતે દિલ્હી હાઈકોર્ટમાં પેન્ડિંગ છે.

સીજેએઆરે કહ્યું હતું કે ન્યાયિક વિલંબના પરિણામે ઘોર અન્યાય થાય છે કારણ કે લોકો તેમની જામીન અરજીઓ પર કોઈ ચુકાદા વિના જેલમાં રહેવું પડે છે, જે બંધારણ હેઠળ બાંયધરી આપવામાં આવેલા તેમના મૂળભૂત અધિકારોનું સ્પષ્ટ ઉલ્લંઘન છે. તે ચિંતાજનક છે કે ચાર વર્ષથી વધુ સમય પછી પણ FIR ૫૯/૨૦માં ટ્રાયલની કાર્યવાહી શરૂ થઈ નથી.

સીજેએઆરે જણાવ્યું હતું કે, જામીન અરજીઓ પર નિર્ણય ન કરીને, અદાલત રાજકીય અસંમતીઓ સામે UAPA જેવા કઠોર કાયદાના સતત દુરુપયોગની મંજૂરી આપી રહી છે. તેથી અમે દિલ્હી હાઈકોર્ટ અને સર્વોચ્ચ અદાલતને આ ઘોર અન્યાયની નોંધ લેવા અને જામીનની બાબતોનો સમયબદ્ધ રીતે નિર્ણય લેવા સુનિશ્ચિત કરવા હાકલ કરીએ છીએ.

# અયોધ્યા ગેંગરેપ કેસ : પોલીસે વધુ તપાસ માટે કોર્ટની મંજૂરી માંગતા સપા નેતા મોઈદ ખાન DNA ટેસ્ટ કરાવશે



(એજન્સી) લખનૌ, તા.૯

અયોધ્યા સામૂહિક બળાત્કાર કેસમાં એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં, હાલમાં ફૈઝાબાદ જેલમાં બંધ સમાજવાદી પાર્ટીના નેતા મોઈદ ખાનનો DNA ટેસ્ટ કરવામાં આવશે. પોલીસે તેના સેમ્પલ લેવાની તૈયારીઓ શરૂ કરી છે. વ્યાપક પ્રયાસો છતાં મોઈદ ખાનનો મોબાઈલ ફોન હજુ સુધી મળ્યા થયો નથી. તેના ઉકેલ માટે પોલીસે તેને વધુ તપાસ માટે રિમાન્ડ પર લેવાની યોજના બનાવી છે. ગુરૂવારના રોજ તપાસ અધિકારીએ લખનૌની કિંગ જ્યોર્જ મેડિકલ યુનિવર્સિટી (KGMU)ની મુલાકાત લીધી. અયોધ્યા પરત ફર્યા બાદ પોલીસ DNA ટેસ્ટને અધિકૃત કરવા માટે આગામી ૨-૩ દિવસમાં કોર્ટમાં અરજી દાખલ કરશે.

અયોધ્યાના CO આશુતોષ તિવારીના જણાવ્યા અનુસાર, મોઈદ ખાન અને અન્ય આરોપી રાજુ બંનેના DNA ટેસ્ટ કરાવવા માટે કોર્ટની પરવાનગી માંગવામાં આવશે. પીડિતા, જેણે તાજેતરમાં KGMUમાં ગર્ભપાત કરાવ્યો હતો, પ્રક્રિયા દરમિયાન ગર્ભમાંથી DNA નમૂના લેવામાં આવ્યા હતા. DNA ટેસ્ટની હાકલ શરૂઆતમાં સપાના વડા અખિલેશ યાદવે કરી હતી અને બાદમાં ફૈઝાબાદના સાંસદ અવધેશ પ્રસાદે સમર્થન આપ્યું હતું. ચાલી રહેલી રાજકીય ચર્ચા વચ્ચે DNA ટેસ્ટની તૈયારીઓ પૂર્ણતાના આરે છે.

સામૂહિક બળાત્કારનો ભોગ બનેલી યુવતીને અયોધ્યાથી KGMU, લખનઉમાં ટ્રાન્સફર કરવામાં આવી હતી, જ્યાં તેને સોમવારે પ્રસૂતિશાસ્ત્ર અને સ્ત્રીરોગવિજ્ઞાન વિભાગ (ક્વીન મેરી)માં દાખલ કરવામાં આવી હતી.

મંગળવારે ગર્ભપાત કરાવ્યા બાદ તેની હાલત સ્થિર હોવાનું જાણવા મળે છે. તે એક અઠવાડિયા સુધી તબીબી દેખરેખ હેઠળ રહેશે, ડૉ. સુજાતા દેની દેખરેખ હેઠળ સારવાર મેળવશે.

# બેંકિંગ કાયદા બિલ ૨૦૨૪માં વિનિયમોનું આધુનિકીકરણ કરાયું, ક્રમિક નોમિનેશનનો ઉલ્લેખ કરાયો

## સરકાર બેંકિંગ કાયદાઓ (સુધારા) બિલમાં નોમિની માટેના વિકલ્પને વર્તમાન એકમાંથી વધારીને ચાર કરવા બિલમાં ઉલ્લેખ



(એજન્સી) તા.૯

સરકાર બેંકિંગ કાયદાઓ (સુધારા) બિલ, ૨૦૨૪ રજૂ કરવા માટે સુનિશ્ચિત થયેલ છે જે બેંક ખાતા દીઠ નોમિની માટેના વિકલ્પને વર્તમાન એકમાંથી વધારીને ચાર કરવા માંગે છે. આ પગલાનો હેતુ થાપણદારો અને તેમના કાનૂની વારસદારોને વધુ સુગમતા અને સગવડતા પૂરી પાડવાનો છે, ખાસ કરીને થાપણોના સંદર્ભમાં, સુરક્ષિત કસ્ટડીમાં રાખવામાં આવેલી વસ્તુઓ અને સુરક્ષા લોકરમાં.

લોકસભાના કામકાજની સંશોધિત યાદી મુજબ, નાણાપ્રધાન નિર્મલા સીતારમને અંતે બેંકિંગ કાયદા (સુધારા) બિલ, ૨૦૨૪ રજૂ કર્યું છે. ઉપરાંત સૂત્રોએ જણાવ્યું હતું કે સહકારી બેંકોના સંદર્ભમાં કેટલાક ફેરફારો છે.

ક્રમિક નોમિનેશન એ પ્રક્રિયાનો સંદર્ભ આપે છે જેના દ્વારા બહુવિધ નોમિની એક ચોક્કસ ક્રમમાં સૂચિબદ્ધ થાય છે. જો પ્રથમ નોમિની ફંડનો દાવો કરવા માટે ઉપલબ્ધ ન હોય, તો બીજા નોમિનીને બોલાવવામાં આવશે, ત્યારબાદ ત્રીજાને, વગેરે.

વધુમાં વિધેયક વૈધાનિક ઓડિટર્સને ચૂકવવામાં આવનાર મહેનતાણું નક્કી કરવામાં બેંકોને વધુ સ્વતંત્રતા આપવા માંગે છે. બિલ બીજા અને ચોથા શુક્રવારને બદલે દર મહિનાના ૧૫મા અને છેલ્લા દિવસે નિયમનકારી અનુપાલન માટે બેંકોની રિપોર્ટિંગ તારીખોને ફરીથી નિર્ધારિત કરવાનો પણ પ્રયાસ કરે છે.

ગયા શુક્રવારે (૨ ઓગસ્ટ, ૨૦૨૪) કેન્દ્રીય કેબિનેટ દ્વારા મંજૂર કરાયેલા આ બિલમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એક્ટ, ૧૯૩૪, બેંકિંગ રેગ્યુલેશન એક્ટ, ૧૯૪૯, સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયા એક્ટ, ૧૯૫૫, બેંકિંગ કંપનીઓમાં સુધારો કરવાનો પ્રસ્તાવ છે. (અંડરટેકિંગ્સનું સંપાદન અને સ્થાનાંતરણ) અધિનિયમ, ૧૯૭૦ અને બેંકિંગ કંપનીઝ (અંડરટેકિંગ્સનું સંપાદન અને સ્થાનાંતરણ) અધિનિયમ, ૧૯૮૦. આ અંગેની જાહેરાત નાણામંત્રીએ તેમના ૨૦૨૩-૨૪ના બજેટ ભાષણમાં કરી હતી. બેંક ગવર્નન્સમાં સુધારો કરવા અને રોકાણકારોની સુરક્ષા વધારવા માટે બેંકિંગ રેગ્યુલેશન એક્ટ, બેંકિંગ કંપનીઝ એક્ટ અને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એક્ટમાં કેટલાક સુધારા પ્રસ્તાવિત છે.

# જમ્મુ અને કાશ્મીર હાઈકોર્ટે સરકારના આચરણ પર કડક ટિપ્પણી કરી



(એજન્સી) શ્રીનગર, તા.૯

જમ્મુ અને હાઈકોર્ટે અવલોકન કર્યું છે કે કેન્દ્રશાસિત પ્રદેશમાં "અયોગ્ય સ્થિતિ" પ્રવર્તી રહી છે અને વહીવટીતંત્ર એ ન્યાયતંત્ર માટે સતત તિરસ્કાર સાથે વર્તન કરે છે અને આજે ન્યાયિક પ્રણાલી ક્રૂર મજાક બની ગઈ છે. જસ્ટિસ જાવિદ ઈકબાલ વાની અને અતુલ શ્રીધરનની બેન્ચે ચાર વરિષ્ઠ વહીવટી અધિકારીઓ વચ્ચે J&Kના મુખ્ય સચિવ સામે તિરસ્કારની અરજીની સુનાવણી કરતી વખતે ૫ ઓગસ્ટના રોજ આ ટિપ્પણી કરી હતી.

J&Kના નાણા સચિવ સંતોષ ડી. વૈદ્ય અને જાહેર બાંધકામ વિભાગના સચિવ ભૂપિન્દરકુમાર વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા આ તિરસ્કારની કાર્યવાહીમાં જોડાયા હતા અને રાજ્યએ કોર્ટને જણાવ્યું હતું કે સામાન્ય વહીવટ વિભાગના સચિવ રજા પર હતા. બે વરિષ્ઠ વહીવટી અધિકારીઓએ કાર્યવાહીમાંથી મુખ્ય સચિવ (CS)ની ગેરહાજરીને યોગ્ય ઠેરવવા માટે બે વિરોધાભાસી જવાબો આપ્યા પછી કોર્ટ દ્વારા આ ટિપ્પણીઓ કરવામાં આવી છે.

કોર્ટે કહ્યું કે, અત્યાર સુધી, આ કોર્ટ એ નક્કી કરવામાં અસમર્થ છે કે કોણ જૂઠું બોલી રહ્યું છે. આ બંને સંસ્કરણો તદ્દન વિસંગત છે અને એકબીજાથી તદ્દન વિરોધાભાસી છે. આ આઘાતજનક દૃશ્યને પ્રતિબિંબિત કરે છે જ્યાં એક્ઝિક્યુટિવ આ કોર્ટ દ્વારા પસાર કરાયેલા આદેશોની સતત અવગણના કરી રહ્યું છે. કોર્ટ J&Kના જાહેર બાંધકામ વિભાગમાં બે વરિષ્ઠ રેન્કમાં પગારની અસમાનતાને પડકારતી અરજીની સુનાવણી કરી રહ્યું છે. ગયા વર્ષે ૧૦ ઓગસ્ટના રોજ એક આદેશમાં, કોર્ટે ચુકાદો આપ્યો હતો કે મુખ્ય ઈજનેર એ અધિક્ષક ઈજનેર કરતાં ઉચ્ચ હોદ્દા હોવાના કારણે ઉચ્ચ પગાર ધોરણ માટે કાયદેસર રીતે હકદાર છે. ભિન્ન પદાનુક્રમની બે પોસ્ટ્સ માટે સમાન પગાર ધોરણ રાખવાથી ચોક્કસપણે ભારતના બંધારણની કલમ ૧૪ અને ૧૬નું ઉલ્લંઘન થશે. રાજ્યએ કોર્ટને કહ્યું કે તેણે સુપ્રીમ કોર્ટમાં ચુકાદા વિરુદ્ધ રિટ પિટિશન દાખલ કરી છે.

જો કે, સર્વોચ્ચ અદાલતની વેબસાઈટને ટાંકીને, કોર્ટે અવલોકન કર્યું કે આ અરજી આ વર્ષે ૨૫ જૂને દાખલ કરવામાં આવી હતી (ડાયરી નંબરઃ ૨૭૮૮૫/૨૦૨૪), જે આ કોર્ટના આદેશના ૧૦ મહિના પછી છે. કેન્દ્રશાસિત પ્રદેશ સરકારે જે રીતે વર્તન કર્યું છે તેના પરથી તે સ્પષ્ટ છે કે આ કોર્ટના આદેશનું પાલન કરવા માટે તેમાં પ્રામાણિકતાનો સંપૂર્ણ અભાવ છે. કોર્ટના આદેશોના પાલનમાં અતિશય વિલંબ સૂચવે છે કે આ કોર્ટનું અસ્તિત્વ અર્થહીન છે. આ કેસની સુનાવણી ૧૨ ઓગસ્ટના રોજ રાખવામાં આવી છે.

# મેરઠમાં ભયાનક ઘટના : આંતર-ધાર્મિક સંબંધોના કારણે ભાઈએ ૧૭ વર્ષની છોકરીની ધોળા દિવસે કરી હત્યા, લોકો જોતા રહ્યા, વીડિયો પણ બનાવ્યો



(એજન્સી) તા.૯

મેરઠથી એક હચમચાવી મૂકે તેવો વીડિયો સામે આવ્યો છે જેમાં એક ભાઈએ તેની બહેનનું રસ્તા વચ્ચે ગળું દબાવીને હત્યા કરી નાખી. આ હત્યાકાંડનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. મેરઠમાં પોતાના ખોટા અભિમાન માટે એક ભાઈએ તેની ૧૭વર્ષની બહેનની હત્યા કરી. તમને જણાવી દઈએ કે ભાઈ તેની બહેનના પ્રેમ પ્રકરણથી નારાજ હતો કારણ કે તે યુવક સાથે ઘરેથી ભાગી ગઈ હતી. બંને પ્રેમી અલગ અલગ ધર્મના હતા. જે બાદ ભાઈએ ગુસ્સામાં આવીને આ પગલું ભર્યું હતું. હાલ પોલીસે આરોપી ભાઈને કસ્ટડીમાં લઈ તેની પૂછપરછ કરી રહી છે. આ મામલો ઈંચોલી પોલીસ સ્ટેશન વિસ્તારના નાંગલા શેકુનો છે. વાસ્તવમાં બહેન તેના પ્રેમી સાથે ઘરેથી નીકળી ગઈ હતી. પરિવારજનોને લાગ્યું કે બાળકીનું અપહરણ થયું છે, તેથી તેઓએ અપહરણની ફરિયાદ નોંધાવી. પોલીસે તેમની તપાસ શરૂ કરી અને થોડા દિવસો પછી, યુવતીને તેના પ્રેમી સાથે મળી. તે સગીર હોવાથી તેને તેના પરિવારને સોંપવામાં આવી હતી. જેનાથી ગુસ્સે થઈને ભાઈએ બહેનની હત્યા કરી નાખી. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને આરોપી ભાઈની ધરપકડ કરી હતી અને બાળકીના મૃતદેહને કબજામાં લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, નંગલા શેઠુ ગામની યુવતીને સરૂરપુર વિસ્તારના એક યુવક સાથે પ્રેમ સંબંધ હતો. ત્રણ મહિના પહેલા તે તેના પ્રેમી સાથે ઘરેથી નીકળી ગઈ હતી. આ પછી પરિવારે યુવક વિરૂદ્ધ અપહરણનો કેસ દાખલ કર્યો હતો. પોલીસે યુવતીને શોધી કાઢી તેના પરિવારને સોંપી દીધી અને યુવકને જેલમાં મોકલી આપ્યો. આ યુવક થોડા દિવસ પહેલાજ જેલમાંથી છૂટ્યો હતો. જે બાદ બંને પ્રેમીઓ ફરી વાતો કરવા લાગ્યા અને ફરી એકવાર ઘરેથી ભાગી જવાનો પ્લાન બનાવ્યો.

# શાહરૂખ ખાન લોકર્નો ફિલ્મ ફેસ્ટિવલમાં કારકિર્દી સિદ્ધિ પુરસ્કાર મેળવવા સ્વિટ્ઝર્લેન્ડ જવા રવાના



(એજન્સી) નવી દિલ્હી, તા.૯

વર્ષોથી બોલિવૂડના બાદશાહનું ટેગ મેળવનાર અભિનેતાએ ગુરૂવારની સવારે સ્વિટ્ઝર્લેન્ડ જતા મુંબઈ એરપોર્ટ પર ફોટો પડાવ્યો હતો. ઈન્સ્ટાગ્રામ પર પાપારાઝી દ્વારા પોસ્ટ કરવામાં આવેલ એક વીડિયોમાં શાહરૂખ તેની કારમાંથી નીચે ઉતરીને એરપોર્ટના પ્રવેશદ્વાર તરફ જતો જોવા મળે છે. તે સફેદ ટી-શર્ટ, નારંગી જેકેટ અને વાદળી ડેનિમ્સ પહેરેલો જોવા મળ્યો હતો. તેણે બ્લેક ગોગલ્સ પણ પહેર્યા હતા અને સ્ટાઈલિશ લાગતો હતો. શાહરૂખને લોકાર્નો ફિલ્મ ફેસ્ટિવલની ૭૭મી આવૃત્તિમાં પ્રતિષ્ઠિત પાર્ડો અલ્લા કેરીએરા એવોર્ડ મળશે, જે સિનેમામાં તેના યોગદાન અને બોલિવૂડને વૈશ્વિક પ્રેક્ષકો સુધી લઈ જવામાં તેની ભૂમિકાની યાદમાં આપવામાં આવશે. એવોર્ડસમારોહ ૧૦ ઓગસ્ટના રોજ પિયાઝા ગ્રાન્ડે ખાતે સુનિશ્ચિત થયેલ છે અને ત્રણ દાયકાથી વધુ અને ૧૦૦થી વધુ ફિલ્મોની કારકિર્દીમાં વૈશ્વિક સિનેમામાં તેમના યોગદાનને માન્યતા આપે છે. ૧૧ ઓગસ્ટના રોજ અભિનેતા સિનેમા ગ્રાનરેક્સ ખાતે જાહેર વાતચીતમાં પણ સામેલ થશે. હવે અતિશય માંગને કારણે ઈવેન્ટને મોટા સ્થળે આયોજિત કરવામાં આવી છે. વિશ્વભરના ચાહકોને વૈશ્વિક આઈકન પાસેથી સાંભળવાની તક આપવાના ઉદ્દેશ્ય સાથે તે લાઈવ સ્ટ્રીમ પણ કરવામાં આવશે. શાહરૂખ ૧૯૯૩ની રોમાંચક ફિલ્મ બાઝીગરમાં તેની સફળ ભૂમિકાથી બોલીવુડની દુનિયા પર રાજ કરી રહ્યો છે. તેણે તેને દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે, કુછ કુછ હોતા હૈ, દેવદાસ અને કલ હો ના હો જેવા ક્લાસિક સાથે અનુસરી છે. ફેસ્ટિવલમાં શાહરૂખની હાજરીને ચિહ્નિત કરવા માટે તેના વારસાને માન આપવા માટે ૧૦ ઓગસ્ટે એક વિશેષ સ્ક્રીનિંગ પણ કરવામાં આવશે. આ સન્માન તેની ફિલ્મો પઠાણ, જવાન અને ડંકીની બ્લોકબસ્ટર રિલીઝ સાથે ચાર વર્ષના વિરામ બાદ તેની હિટ વાપસી પછી મળે છે. પાર્ડો અલ્લા કેરીએરા એસ્કોના-લોકાર્નો પુરસ્કાર અગાઉ ક્લાઉડિયા કાર્ડિનેલ અને હેરી બેલાફોન્ટે જેવા ફિલ્મ દંતકથાઓને એનાયત કરવામાં આવ્યો છે. શાહરૂખે હજુ તેના આગામી પ્રોજેક્ટની જાહેરાત કરવાની બાકી છે. એવું માનવામાં આવે છે કે તે સુજોય ઘોષની કિંગ પર કામ કરશે, જેમાં તેની પુત્રી સુહાના ખાન પણ જોવા મળશે.

### કાલુપુર રેલવે સ્ટેશનથી ૨૦ કોચવાળી ટ્રેનનું ટ્રાયલ રન

# અમદાવાદ-મુંબઈ વચ્ચે ૧૩૦ની સ્પીડે સફેદને બદલે ભગવા રંગમાં દોડી વંદે ભારત



અમદાવાદ, તા.૯

અમદાવાદ અને મુંબઈ વચ્ચે આગામી સમયમાં ૨૦ કોચવાળી વંદે ભારત ટ્રેન દોડતી જોવા મળી શકે છે. ૯મી ઓગસ્ટે સવારે આ રૂટ પર દેશની પહેલી ૨૦ કોચ ધરાવતી ભગવા રંગની વંદે ભારત ટ્રેનનો ટ્રાયલ રન કરવામાં આવ્યો હતો. અમદાવાદમાં મણિનગર સહિતના વિસ્તારમાંથી પસાર થતી રેલવે લાઈન પર આ ટ્રેન ૧૩૦ કિ.મી.ની ઝડપે સડસડાટ પસાર થઈ ગઈ હતી. મણિનગર પાસે જ્યારે આજે આ ટ્રેન પસાર થઈ ત્યારે ક્રોસિંગ પર હાજર લોકો દ્વારા કેમેરામાં કંડારી લેવાઈ હતી.

અમદાવાદ પશ્ચિમ રેલવે ડિવિઝન દ્વારા આજે ટ્વીટ કરીને માહિતી આપવામાં આવી છેકે, આજે સવારે પશ્ચિમ રેલવેના અમદાવાદ અને મુંબઈ રૂટ વચ્ચે ૧૩૦ કિ.મી.ની ઝડપે ટ્રાયલ રનનું આયોજન કરવામાં આવ્યું હતું. ૨૦ કોચવાળી વંદે ભારત ટ્રેન સેટની નવી ડિઝાઈન સાથે આ ટ્રાયલ રન કરવામાં આવ્યો હતો. અત્યારસુધી અમદાવાદ અને મુંબઈ વચ્ચે સફેદ રંગની વંદે ભારત દોડતી હતી પરંતુ આજે સવારે આ ટ્રેક પર હવા સાથે વાત કરતી ભગવા રંગની ટ્રેન દોડી હતી.

હાલ અમદાવાદ અને મુંબઈ વચ્ચે જે બે વંદે ભારત ટ્રેન ચલાવવામાં આવી રહી છે તે બન્ને ટ્રેનમાં ૧૬-૧૬ કોચ છે અને અમદાવાદ-મુંબઈ વચ્ચેનું અંતર કાપવામાં સાડા પાંચ કલાક જેટલો સમય લાગી રહ્યો છે. આ બન્ને ટ્રેનો ઓક્યુપન્સી અને રિસ્પોન્સ ૧૦૦ ટકા જોવા મળ્યો હોવાથી દેશની પ્રથમ ૨૦ કોચ ધરવાતી નવી વંદે ભારત ટ્રેન આ રૂટ પર જ દોડાવવામાં આવી શકે છે. આજે તેનું ટ્રાયલ રન કરવામાં આવ્યું હતું. દેશનાં મોટાં શહેરો વચ્ચે ૧૬ અને ૮ કોચવાળી વંદે ભારત ટ્રેન દોડાવવામાં આવી રહી છે. વંદે ભારત ટ્રેનની શરૂઆત કરી ત્યારે સફેદ કલરના કોચવાળી ટ્રેન હતી. હવે વંદે ભારત ટ્રેનનો કલર બદલી કેસરી કરવામાં આવ્યો છે. અમદાવાદ-મુંબઈ વચ્ચે બે વંદે ભારત ટ્રેન દોડાવવામાં આવી રહી છે. બંને ટ્રેનોમાં ફૂલ બુકિંગ ચાલતું હોય છે. પેસેન્જરનો સારો પ્રતિસાદ મળતાં પશ્ચિમ રેલવેએ પેસેન્જરોની અવરજવરને ધ્યાનમાં રાખીને અમદાવાદ-વડોદરા-સુરત-મુંબઈ સેન્ટ્રલ વચ્ચે ૨૦ કોચની વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન દોડાવવાનો નિર્ણય લીધો હતો. નવી વંદે ભારત ટ્રેનમાં વધારાના ચાર કોચ એટલે કે ૨૦ કોચવાળી વંદે ભારત ટ્રેનને આજે ૧૩૦ કિલોમીટરની ઝડપે દોડાવી ટ્રાયલ રન લેવામાં આવી છે. સવારે ૭ વાગ્યે અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશનથી પશ્ચિમ રેલવેના ઈજનેરો અને ઉચ્ચ અધિકારીઓની આગેવાનીમાં ટ્રેનની ટ્રાયલ રન શરૂ કરવામાં આવી હતી. અમદાવાદથી જ ૧૩૦ કિલોમીટર પ્રતિ કલાકની સ્પીડથી ટ્રેનને દોડાવવામાં આવી હતી. સવારે સાત વાગ્યે ઊપડેલી ટ્રેન બપોરે ૧૨:૧૫ વાગ્યે મુંબઈ સેન્ટ્રલ ખાતે પહોંચી હતી. એટલે કે ૨૦ કોચની આ નવી ટ્રેન સવા પાંચ કલાકમાં મુંબઈ પહોંચી ગઈ હતી.

### હાઈકોર્ટ સમક્ષ ચાલી રહેલી સુનાવણીમાં સરકાર તરફથી સોગંદનામું રજૂ કરાયું

# હરણી બોટ દુર્ઘટના મામલામાં વડોદરા મ્યુનિ.કોર્પો.ના બે પૂર્વ કમિશનરને નોટિસ

## વિનોદ રાવ તથા એચ.એસ. પટેલે નોટિસની સામે સુપ્રીમ કોર્ટમાં કરી અરજી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૯

વડોદરા હરણી દુર્ઘટના મામલે રાજ્ય સરકારે ૨ પૂર્વ મ્યુનિસિપલ કમિશનરોને કારણદર્શક નોટિસ ફટકારી છે. તત્કાલીન કમિશનર વિનોદ રાવ અને એચ એસ પટેલને રાજ્ય સરકારે શો-કોઝ નોટિસ ફટકારી ખુલાસો માંગ્યો છે.

બંને અધિકારીઓ રાજ્ય સરકારની આ નોટિસ વિરુદ્ધમાં સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે. એમ રાજ્ય સરકાર દ્વારા હાઈકોર્ટમાં રજૂ કરાયેલ સોગંદનામામાં રજૂઆત કરાઈ હતી. ગત ૧૮ જાન્યુઆરીએ હરણી લેકઝોનમાં ૧૨ બાળક સહિત ૧૪ લોકોએ જીવ ગુમાવ્યા હતા. આ દુર્ઘટના મામલે હાઈકોર્ટમાં સુઓમોટો સુનાવણી થઈ હતી. આ સુનાવણી દરમિયાન હાઈકોર્ટે વડોદરાના તત્કાલીન મ્યુનિસિપલ કમિશનર સામે ખાતાકીય તપાસનો આદેશ આપ્યો હતો. આ તપાસ IAS નિયમોના પરિપ્રેક્ષ્યમાં થશે. આ ઉપરાંત હાઈકોર્ટે સવાલ કર્યો કે કોન્ટ્રાક્ટર પાસે લાયકાત ના હોવા છતાં પહેલી વખત કોન્ટ્રાક્ટ નહોતો અપાયો તો બીજી વખત ફક્ત બે મહિનામાં લાયકાત કેવી રીતે આવી ગઈ હતી?

ગુજરાત હાઈકોર્ટમાં ચીફ જજ સુનિતા અગરવાલ અને જજ અનિરૂદ્ધ માયીની બેન્ચ સમક્ષ વડોદરા હરણી તળાવ બોટ દુર્ઘટના મામલે સુઓમોટો પિટિશન ઉપર સુનવણી હાથ ધરવામાં આવી હતી. ગત સુનવણીમાં કોર્ટે હરણી તળાવ રી-ડેવલોપમેન્ટ કોન્ટ્રાક્ટ આપવાના તમામ રેકોર્ડ કોર્ટ સમક્ષ મૂકવા જણાવ્યું હતું. જે મુદ્દે વડોદરા મ્યુનિસિપલ કમિશ્નરે સોગંદનામા ઉપર તમામ રેકોર્ડ કોર્ટ સમક્ષ મૂક્યા હતા. ફરિયાદના એડવોકેટે જણાવ્યું હતું કે આ કેસ સંદર્ભે કુલ ૧૧ ફાઈલો છે, જે આશરે ૦૪ હજાર પાનાની છે.

કોર્ટે નોંધ્યું હતું કે સ્ટેન્ડિંગ કમિટીએ કોઈપણ જાતનું એપ્રૂવલ કોટિયા પ્રોજેક્ટને કોન્ટ્રાક્ટ આપવા સંદર્ભે આપ્યું નહોતું. પરંતુ VMCએ કોર્ટને ગેરમાર્ગે દોરવા પ્રયત્ન કર્યો હતો. કોટિયા પ્રોજેક્ટને તે વખતના મ્યુનિસિપલ કમિશ્નરે જ કોન્ટ્રાક્ટ આપ્યો હતો. જેથી કોર્ટે તે વખતના મ્યુનિસિપલ કમિશ્નર અને કોન્ટ્રાક્ટ આપવા સંદર્ભે સંકળાયેલા અધિકારીઓ સામે અર્બન વિભાગના પ્રિન્સિપાલ સેક્રેટરીને ખાતાકીય તપાસના આદેશ આપ્યા છે. મ્યુનિસિપલ કમિશ્નર IAS અધિકારી હોવાથી તેની સામે સંલગ્ન નિયમો અનુસાર તપાસ હાથ ધરાશે. આ અંગે પીડિત પક્ષના વકીલે જણાવ્યું, સુઓમોટો PILની સુનાવણીમાં હાઈકોર્ટમાં વડોદરા મ્યુનિસિપલ કમિશનરનું સોગંદનામું રજૂ કરવામાં આવ્યું હતું. મ્યુનિસિપલ કમિશનર દ્વારા રજૂ કરવામાં આવેલા સોગંદનામાથી હાઈકોર્ટ નાખુશ છે. કોર્ટે એવી ટકોર કરી છે કે આ સોગંદનામું ગેરમાર્ગે દોરે છે. એની અંદરની હકીકત દર્શાવવામાં આવી નથી તેમજ કોર્ટે જે કોટિયા પ્રોજેક્ટને આ કોન્ટ્રેક્ટ આપવામાં આવ્યો હતો એ કોન્ટ્રેક્ટ એકવાર રિજેક્ટ થયો હતો અને બે મહિના પછી ફરી તેને કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, વડોદરા મ્યુનિ. કોર્પો.માં એચ.એસ.પટેલ અને તે પછી ડો. વિનોદ રાવ મ્યુનિ. કમિશનર તરીકે ફરજ બજાવી હતી. તે સમયગાળામાં કોન્ટ્રાકટ અપાયો હતો.

### કાળા ડિબાંગ વાદળો સાથે જામ્યો વરસાદી માહોલ

# અમદાવાદ શહેરમાં બે દિવસના વિરામ બાદ ધીમી ધારે સાર્વત્રિક મેઘમહેર

અમદાવાદ,તા.૯

અમદાવાદ શહેરમાં બપોર બાદ સાર્વત્રિક વરસાદ તૂટી પડ્યો છે. છેલ્લા બે દિવસથી વરસાદે વિરામ લીધો હતો, ત્યારબાદ આજે બપોરે અમદાવાદના વિવિધ વિસ્તારમાં વરસાદનું આગમન થયું છે. કાળા ડિંબાંગ વાદળોથી અમદાવાદનું આકાશ ઘેરાયું હતું. જોકે વરસાદની તીવ્રતા ઓછી હતી, છતાં સમગ્ર અમદાવાદમાં સાર્વત્રિક વરસાદ શરૂ થયો હતો. આજે અને

## અનેક સ્થળોએ ટ્રાફિક જામના દશ્યો સામે આવ્યા

આવતીકાલે ઉત્તર ગુજરાત સહિત સમગ્ર રાજ્યમાં સાર્વત્રિક વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગ દ્વારા રાજ્યના હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી હતી. જેના પગલે અમદાવાદના એસજી હાઈવે, સોલા, ગોતા, એલિસબ્રિજ, પાલડી, જમાલપુર, લાલદરવાજા સરખેજ વેજલપુર, જુહાપુરા, નરોડા, વટવા, મણિનગર, દાણીલીમડા, શાહેઆલમ, ચાંદખેડા, ખાડિયા, આંબાવાડી, શ્યામલ, માણેકબાગ સહિતના વિસ્તારોમાં વરસાદ પડ્યો છે. વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી જતા લોકોને ગરમીમાંથી રાહત મળી છે. આ સિવાય એસપી રિંગ રોડ, ગોતા, ચાંદલોડિયા, ઘાટલોડિયા, વાડજ, સુભાષબ્રિજ, શાહીબાગ, એરપોર્ટ સહિતના વિસ્તારોમાં પણ વરસાદ પડ્યો છે. આ વર્ષે ગુજરાતમાં સાર્વત્રિક વરસાદ વરસ્યો છે છતાં અમદાવાદ અને રાજકોટમાં ૫૦ ટકા ઓછો વરસાદ પડ્યો છે. આગામી ત્રણ દિવસ સમગ્ર ગુજરાત રાજ્યમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. અમદાવાદ અને ગાંધીનગર સહિત આસપાસના જિલ્લાઓમાં પણ આજે ગાજવીજ સાથે હળવો વરસાદ વરસી શકે છે. રાજસ્થાન તરફથી આવતા મોનસુન ટ્રકને કારણે ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં આજે ભારે વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. આજે (નવમી ઑગસ્ટ) ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં ધીમીધારે વરસાદ પડવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. શહેરમાં વરસાદને પગલે અનેક સ્થળોએ ટ્રાફિક જામના દશ્યો સર્જાયા હતા.

### સ્માર્ટસિટીના ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસના દીવા તળે અંધારૂ

# સાણંદના જુવાલમાં રસ્તાના અભાવે થાંભલા પરથી ચાલીને ગામ લોકોએ કાઢી અંતિમ યાત્રા

**● તંત્રને અનેકો વખત રજૂઆત કરી છે છતાં, રસ્તો બનાવવાની વાતો તો ખૂબ કરવામાં આવી પણ ક્યારેય કોઈ ઉકેલ આવ્યો નહીં ● સોશિયલ મીડિયામાં વીડિયો વાયરલ થતાં સામે આવી કરૂણતા**

અમદાવાદ,તા.૯

અમદાવાદ જિલ્લાના સાણંદમાં તાલુકામાં રસ્તાના અભાવે ગ્રામજનો થાંભલા પરથી ચાલીને અંતિમ યાત્રાની નનામી લઈને જતા જોવા મળ્યા. આ ચોંકાવનારા દશ્યો સાણંદના જુવાલ ગામેથી સામે આવ્યા છે. રસ્તા પર એટલી હદે કાદવ કિચડ હતુ કે તેના પર ચાલવામાં પણ મોટુ જોખમ ખેડવા જેવુ હતુ.

સ્માર્ટ અને મેટ્રો સિટી એટલે અમદાવાદ. પરંતુ ગ્રામ્ય વિસ્તારના વિકાસની વાત હોય તો અમદાવાદને અડીને આવેલા સાણંદના જુવાલ ગામના આ દ્રશ્યો ચોંકાવનારા છે. રસ્તાના વાંકે ગ્રામજનોનો વીજળીના થાંભલા પરથી ચાલીને અંતિમયાત્રા કાઢવી પડે છે. થોડા દિવસ પહેલા, વાલ્મિકી પરિવારના વ્યક્તિનું મૃત્યુ થતા કેનાલ પર મૂકેલા લાઈટના થાંભલા પરથી મહામુસીબતે નનામી લઈ જવાઈ. એટલું જ નહીં, આગળ તો કાદવ અને કીચડનું સામ્રાજ્ય પણ હતું, અહીંના ગ્રામજનોને અંતિમયાત્રા માટે પણ સંઘર્ષ કરવો પડે છે. વ્યક્તિના જીવનના અંતિમમાર્ગે જવા માટે પણ માર્ગ નથી. જેને લઈ ખૂબ હાલાકી ભોગવવી પડે છે. ચોમાસામાં તો વાત જ ના પૂછો એટલી ગંભીર પરિસ્થિતિ સર્જાય છે.

અંતિમયાત્રા દરમિયાન સ્વજને વીડિયો ઉતારીને સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો ત્યારે, સમસ્યા ઉજાગર થઈ. અહીં વાલ્મિકી સમાજના લોકોનું કહેવું છે, કે આ સમસ્યા વર્ષોથી ચાલતી આવી છે. તંત્રને અનેકો વખત રજૂઆત કરી છે છતાં, કોઈ સાંભળવા તૈયાર નથી. રસ્તો બનાવવાની વાતો તો ખૂબ કરવામાં આવી પણ ક્યારેય કોઈ ઉકેલ આવ્યો નહીં.

અંતિમયાત્રાનો વીડિયો જ્યારે મીડિયામાં પ્રસારિત થતા તંત્ર સફાળું જાગ્યું અને ઘટનાની જાણ થતા સાણંદ SDMએ સંબંધિત વિભાગોને સ્થળ પર જઈને તાત્કાલિક કામગીરી કરવા અને સમસ્યાનો ઉકેલ લાવવા આદેશ આપ્યા.

હવે, જોવાનું રહ્યું કે સાણંદના જુવાલ ગામે સ્મશાન સુધી જવા માટેનો રસ્તો ક્યારે બનાવાશે કે પછી વાયદાઓ કરીને તંત્ર ફરી આંખ આડા કાન કરે છે તે જોવું રહ્યું.

# માઉન્ટ કાર્મેલ સ્કૂલના રિપોર્ટના મુદ્દે હવે વાલીઓ આક્રમક વલણ અપનાવશે

## શહેર DEO કચેરી ખાતે વાલીઓ દ્વારા ઉગ્ર વિરોધ; ફરી રિપોર્ટ કરાવવા માંગ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૯

નવરંગપુરા ખાતે આવેલી માઉન્ટ કાર્મેલ સ્કૂલના સ્ટ્રક્ચર રિપોર્ટ બાદ વાલીઓ લડી લેવાના મુડમાં જણાય છે. GERIના રિપોર્ટમાં સ્કૂલનું બિલ્ડીંગ ૮૯ ટકા જર્જરિત હોવાનું સામે આવ્યા બાદ DEO દ્વારા સ્કૂલને સ્થળ ફેરફારની દરખાસ્ત કરવા માટે તાકીદ કરી હતી. આ દરમિયાન, શુક્રવારે NSUIની આગેવાનીમાં સ્કૂલના વાલીઓ અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ખાતે પહોંચ્યા હતા અને ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, માઉન્ટ કાર્મેલ સ્કૂલનું બિલ્ડીંગનો રિપોર્ટ આવ્યા બાદ વાલીઓમાં ભારે આક્રોશ સામે આવ્યો છે. સ્કૂલ તરફથી રિપોર્ટને લઈને વાલીઓને કોઈ પણ પ્રકારની જાણ કરવામાં આવી ન હતી. જોકે, માધ્યમોમાં આ અંગેની વિગતો સામે આવ્યા બાદ શુક્રવારે વાલીઓ મોટી સંખ્યામાં અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ખાતે રજૂઆત કરવા માટે પહોંચ્યા હતા. આ વખતે NSUIના વિદ્યાર્થી નેતાઓ પણ વાલીઓ સાથે જોડાયા હતા. જ્યાં વાલીઓએ ભારે વિરોધ વ્યક્ત કર્યા બાદ સમગ્ર મામલો અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીને રજૂઆત કરી હતી. આ અંગે વાલીઓએ જણાવ્યું હતું કે, સ્કૂલનું જે સ્ટ્રક્ચર રિપોર્ટ આવ્યો છે તે યોગ્ય હોય તેમ લાગતું નથી. જેથી ફરી સ્કૂલના બિલ્ડીંગના સ્ટ્રક્ચરની નિષ્પક્ષ તપાસ કરાવવામાં આવવી જોઈએ. જ્યારે અન્ય વાલીએ જણાવ્યું હતું કે, હવે સ્કૂલ શિફ્ટ કરવા માટે કહેવામાં આવ્યું છે, સ્કૂલના બિલ્ડીંગનો જે રિપોર્ટ કરાવ્યો છે તેની પર અમને ડાઉટ છે. જેથી અમે ફરી રિપોર્ટ કરાવવા માટે DEO સમક્ષ અપીલ કરી છે. DEO સમક્ષ વાલીઓ દ્વારા વાંધા અરજી રજૂ કરવામાં આવી છે. વાલીઓનો વાંધો છે કે રિપોર્ટ ખોટો છે. જો કે, હાલના તબક્કે રિપોર્ટમાં જે પ્રમાણે ૮૯ ટકા ડાઉટફુલ દર્શાવવામાં આવ્યું છે તેને જોતા વિદ્યાર્થીઓની સુરક્ષાને લઈ બિલ્ડીંગમાં બેસાડવા હિતાવહ નથી. જોકે, સામે વાલીઓ દ્વારા જે રજૂઆત કરવામાં આવી છે તે સત્વરે વડી કચેરીને મોકલી આપવામાં આવશે.

# સુફ્ફા ઈંગ્લિશ સ્કૂલ ખાતે હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો



અમદાવાદ,તા.૯

આજે જીસીએસ હોસ્પિટલના સહયોગથી જમીઅત ઉલમા-એ- અહમદઆબાદ (મૌલાના અરશદ મદની), જમીઅત વેલ્ફેર ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સુફ્ફા ઈંગ્લિશ સ્કૂલ ખાતે સ્કૂલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ફ્રી મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જીસીએસ હોસ્પિટલના ડો. ઝરના કુકાડિયા, ડો. અભિષેક કુંદાલિયા, ડો. ભૂમિકા, ડો. રામ રેવાકરે તબીબી સેવાઓ પૂરી પાડી આશરે ૩૫૦ બાળકોની હેલ્થ ચેકઅપ કરી, બાળ દર્દીઓને જરૂરત મુજબની દવાઓ પૂરી પાડી હતી. કેમ્પના અંતે જીસીએસ હોસ્પિટલના ડોક્ટર્સ અને મેડિકલ સ્ટાફને બુકે આપી અભિવાદન કરવામાં આવ્યું હતું. કેમ્પના સફળ આયોજન માટે જીસીએસ હોસ્પિટલ મેડિકલ સ્ટાફ સરફરાઝભાઈ મન્સુરી, જી.કે. બારૈયા, સાક્ષી સાલવી અને ધર્મેશ પરમાર તેમજ સુફ્ફા ઈંગ્લિશ સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટી મૌલાના સલમાન, પ્રિન્સિપાલ ઈદરીસભાઈ, વાઈસ પ્રિન્સિપાલ નૂરજહાંબેન, ઉમામહબેન તેમજ અન્ય ટીચર્સ, સ્પોર્ટ સ્ટાફ અને હાફિઝ ખુબૈબ, મૌલાના મુઆવિયહ, ઈલ્યાસભાઈ શેખ અને હાફીઝ તોફીક લહેરીએ ભારે જહેમત ઉઠાવી હતી, એમ મુફતી અબ્દુલ કય્યુમ એ. મન્સુરીએ એક યાદીમાં જણાવ્યું છે.

### પિતા-પુત્રીના પવિત્ર સંબંધને શર્મસાર કરતો કિસ્સો

# ૧૫ વર્ષીય સગીર દીકરી સાથે અડપલા કરી, તેણી સાથે બિભત્સ હરકતો કરનાર નરાધમ પિતાની ધરપકડ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૯

સુરતમાં પિતા-પુત્રીના સંબંધને શર્મસાર કરતો કિસ્સો સામે આવતાં પોલીસ પણ ચોંકી ઊઠી હતી. સુરતના ડિંડોલી પોલીસ મથકે પહોંચેલી એક ૧૫ વર્ષીય સગીરાએ પોલીસને ફરિયાદ કરી હતી કે, તેણીના પિતા તેણીને રાત્રે સાથે સૂવા માટે દબાણ કરી છેડતી કરે છે અને જો પોલીસને જાણ કરશે તો મારી નાંખવાની ધમકી આપે છે. આ સાંભળી આશ્ચર્યમાં મકાયેલી પોલીસે ગુનો નોંધી યુવતીના પિતાની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ સુત્રો પાસેથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર શહેરના ડિંડોલી વિસ્તારમાં રહેતી ૧૫ વર્ષની એક સગીરા ડિંડોલી પોલીસ મથકે પહોંચી હતી અને તેને શોધતાં શોધતાં તેના પરિવારના સભ્યો પણ ડિંડોલી પોલીસ મથકે પહોચ્યા હતા. જોકે તેણે એક ફરિયાદ કરવાનું પોલીસને કહ્યું હતું અને આપવીતી જણાવી હતી. એમાં તેની ફરિયાદ તેના જ સગા પિતા વિરૂદ્ધ જ હતી. સગીરાએ પોલીસને એવી હકીકત જણાવી હતી કે તેના પિતા રાત્રિના સમયે તેની પાસે આવે છે અને પોતાની સાથે સૂવા માટે દબાણ કરે છે તેમજ છેડતી પણ કરે છે. જો વિરોધ કરું તો ગુસ્સે થાય છે. પોલીસ કેસ કરીશ તો જાનથી મારી નાખીશ એવી ધમકી પણ આપે છે. ડિંડોલી પોલીસે નરાધમ પિતા સામે ગુનો નોંધીને તેની ધરપકડ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ડિંડોલી વિસ્તારમાંથી એક ફરિયાદી આવી હતી અને ફરિયાદ આપી હતી કે, મારા પર મારા સગા પિતાએ શારીરિક અડપલાં કરેલાં છે. જે અંગે પોલીસે તાત્કાલિક તેની ફરિયાદ દાખલ કરી અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જ્યારે આ બાળા સાથે ઘટના બની ત્યારે તે હિંમત કરીને પોલીસ સ્ટેશન આવી હતી. તેની ફરિયાદના આધારે તેના પિતાની ધરપકડ કરી જેલહવાલે કરવામાં આવ્યો હતો. ફરિયાદીની માતા હાલ વતન ગઈ છે, તેનો ગેરલાભ લઈ પિતાએ આ હીણ કૃત્ય કર્યું હતું. સાથે તેમણે વધુમાં જણાવ્યું હતું કે, પીડિતા સાથે અઠવાડિયા પહેલાં પણ આ કૃત્ય થયું હતું. ફરીવાર આ ઘટના બનતાં એક મહિલાને આ અંગે વાત કરી હતી. મહિલાએ તેને હિંમત આપતાં તે સ્કૂલ યુનિફોર્મમાં પોલીસ સ્ટેશન પહોંચી હતી. પોલીસ સ્ટેશન આવીને પોતાની આપવીતી જણાવતાં પોલીસે તેની ગંભીરતા સમજી તાત્કાલિક ફરિયાદ દાખલ કરી પિતાની ધરપકડ કરી હતી.

### ડેમમાંથી ૨૮,૪૬૪ કયુસેક પાણી નર્મદા નદીમાં છોડાયું

# સરદાર સરોવર નર્મદા ડેમની સપાટી વોર્નિંગ સ્ટેજ સુધી પહોંચી

## ડેમમાં ૩.૫૪ લાખ કયુસેક પાણીની આવકને લઈ સતત પાણી છોડાઈ રહ્યું છે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૯

ગુજરાતમાં હાલ વરસાદ થોડો રોકાયેલો છે, પરંતુ છૂટાછવાયો વરસાદ પડી રહ્યો છે. જ્યારે અન્ય રાજ્યોમાં ભારેથી અતિભારે વરસાદ પડી રહ્યો છે. ત્યારે વરસાદના પાણીની તેમજ ઉપરવાસના ડેમમાંથી છોડાયેલા પાણીની આવક થતા ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં પાણીની સપાટી ૧૨૮.૬૯ મીટર સુધી પહોંચી છે. ૯ ઓગસ્ટ મોડી બપોર સુધી ડેમમાં કુલ ૩.૫૪ લાખ કયુસેક પાણીની આવક થઈ છે.

સરદાર સરોવર ડેમની કુલ સંગ્રહશક્તિ ૯,૪૬૦ મિલિયન ક્યુબીક મીટર છે. હાલમાં સરદાર સરોવર ડેમમાં સંગ્રહ શક્તિના ૭૦ ટકા એટલે કે, ૬,૬૨૨ મિલિયન ક્યુબીક મીટર પાણીનો સંગ્રહ થતા ડેમમાં પાણીની સપાટી વોર્નિંગ સ્ટેજ પર પહોંચી છે. સરદાર સરોવર ડેમમાં પાણીની સપાટીને વોર્નિંગ સ્ટેજથી ઘટાડવા માટે રીવર બેડ પાવર હાઉસના (RBPH) માધ્યમથી આશરે ૨૮,૪૬૪ કયુસેક પાણીને નર્મદા નદીમાં છોડવામાં આવી રહ્યું છે તેમ સરદાર સરોવર નિગમની યાદીમાં જણાવાયું છે.

ગુજરાતના વરસાદ અંગે હવામાન વિભાગે આગામી સાત દિવસની આગાહી કરી છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે ગુજરાતમાં આગામી સાત દિવસ માટે ક્યાંય ભારે વરસાદ નહીં પડે. જો કે, કેટલાક વિસ્તારોમાં હળવો વરસાદ પડી શકે છે. બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલીમાં સામાન્ય વરસાદ પડી શકે છે. આ ઉપરાંત કચ્છ અને સૌરાષ્ટ્રના વિસ્તારોમાં સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, દ્વારકા, ગીર સોમનાથ,બોટાદ, કચ્છ અને દીવમાં આગામી સાત દિવસોમાં સામાન્ય વરસાદ પડી શકે છે. રાજ્યમાં એવરેજ વરસાદ ૬૮.૯૮ ટકા નોંધાયો છે. જેમાં સૌરાષ્ટ્ર ઝોનમાં મોસમનો ૭૮.૩૪ ટકા વરસાદ, કચ્છ ઝોનમાં સૌથી વધુ મોસમનો કુલ ૮૬.૭૨ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૮૨.૯૫ ટકા વરસાદ સાથે સામાન્ય કરતાં સારો વરસાદ જોવા મળ્યો છે. જ્યારે ઉત્તર ગુજરાતમાં ૫૧.૫૧ ટકા અને પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૫૦.૭૩ ટકા મોસમનો કુલ સરેરાશ વરસાદ નોંધાયો છે.

**નામ બદલેલ છે**

જૂનું નામ-શેખ બીબી સકીના અબ્દુલ વહાબ નવું નામ-શેખ સકીનાબાનુ અબ્દુલ વહાબ

સરનામું : ૪,અલ કમર સોસાયટી, મકતમપુર સ્કૂલ પાસે, અમદાવાદ : ૩૮૦૦૫૫

**નામ બદલેલ છે**

જૂનું નામ-શેખ અબ્દુલવહાબ મોહમ્મદ સહાબુદ્દિન નવું નામ-શેખ અબ્દુલવહાબ

સરનામું : ૪,અલ કમર સોસાયટી, મકતમપુર સ્કૂલ પાસે, જુહાપુરા,અમદાવાદ : ૩૮૦૦૫૫

**ઓનલાઈન જાહેર નિવિદા નં.૭ સને.૨૦૨૪–૨૫**

**પંચાયત માર્ગ અને મકાન વિભાગ જિ.પં. અમરેલી**

કાર્યપાલક ઇજનેરશ્રી પંચાયત મા.મ. વિભાગ, અમરેલી. (ફોન.નં.૦૨૭૯૨ ૨૨૨૧૧૨) દ્વારા ગુજરાત સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગ તરફથી યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારો પાસેથી સરકારશ્રીની MMGSY/BUJ,SR,CDP-5, સુવિધાપથ,૧૫ મું નાણાપંચનાં પેકેજ-૧૯, કામો-૨૭, અંદાજીત રકમ રૂા.૨૩૫૯.૦૪ લાખ ના કામો માટે ઈ-ટેન્ડર દ્વારા ભાવો માંગવામાં આવે છે. જેની વિગત નીચે મુજબ છે. તેમજ આ કામોની વિગતવાર માહિતી આ કચેરી ના નોટીસ બોર્ડ તથા વેબસાઈટ www.statetenders.gujarat.gov.in તથા https://tender.nprocure.com ઉપર જોવા મળશે. (૧) ઓનલાઈન ટેન્ડર રજુ કરવાની છેલ્લી તા.30/0૮/૨૦૨૪ ૧૮.00 કલાક સુધી (૨) અર્નેસ્ટમની ડીપોઝીટ રજુ કરવાની તા.૩૧/0૮/૨૪ થી તા.0૮/0૯/૨૪ (3) ટેન્ડર ખોલવાની તા.૩૧/0૮/૨૪ ૧૨.00 કલાક

કાર્યપાલક ઇજનેર
પંચાયત મા.મ. વિભાગ, અમરેલી

માહિતી/અમર/ /૨૪

# વકફ (સુધારો) બિલ મુસ્લિમ સમુદાયને સ્વીકાર્ય નથી : JIHનાવડા સૈયદ સદાતુલ્લાહ હુસૈની

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

જમાત-એ-ઈસ્લામી હિંદ (JIH)ના પ્રમુખ સૈયદ સદાતુલ્લાહ હુસૈનીએ સંશોધિત વકફ બિલનો સખત વિરોધ કર્યો છે અને કહ્યું છે કે "બિલ મુસ્લિમ સમુદાય માટે અસ્વીકાર્ય છે. આ બિલ સંયુક્ત સંસદ સમિતિને મોકલવામાં આવ્યો છે. આ વિધેયક પર ચિંતા વ્યક્ત કરતાં તેમણે કહ્યું હતું કે વકફ એક્ટ ૧૯૯૫માં સૂચિત સુધારાઓનું નામ બદલીને 'યુનિફાઇડ વકફ મેનેજમેન્ટ એમ્પાવરમેન્ટ એફિશિયન્સી ડેવલપમેન્ટ' (UWMEED) એક્ટ તરીકે વકફ પ્રોપર્ટીની સ્વાયત્તતા અને અખંડિતતાને નબળી પાડે છે. મુસ્લિમ સમુદાયને આ સ્વીકાર્ય નથી અને તેમણે સરકારને બિલ પાછું ખેંચવા કહ્યું હતું.

તેમણે આશા વ્યક્ત કરી હતી કે જેડીયુ અને ટીડીપી જેવા એનડીએ સાથી પક્ષો વિરોધ કરશે અને બિલને કાયદો બનતા અટકાવશે. JIHના નેતાએ જણાવ્યું હતું કે જો જરૂરિયાત ઊભી થશે તો તેમનું સંગઠન સુપ્રીમ કોર્ટનો સંપર્ક કરશે કારણ કે વકફ કાયદામાં સૂચિત સુધારાઓ ગેરંટીકૃત બંધારણીય જોગવાઈઓ, સ્થાપિત ધોરણો અને કુદરતી ન્યાયના સિદ્ધાંતોની વિરુદ્ધ છે. લોકોની સંપત્તિનું રક્ષણ કરવાને બદલે, આ ફેરફારો તેમના વિનાશ તરફ દોરી શકે છે. તેથી, આ સુધારાઓને રોકવા નિર્ણાયક છે.

JIHના નેતાએ કહ્યું કે નવો કાયદો લઘુમતીઓના બંધારણીય રીતે બાંયધરીકૃત અધિકારોને જોખમમાં મૂકે છે જે લઘુમતીઓને તેમના વારસા અને ધાર્મિક પ્રથાઓની મંજૂરી આપે છે. તેમણે ચેતવણી આપી હતી કે આ "સુધારાઓ 'કલેક્ટર રાજ' સિસ્ટમ દાખલ કરે છે, જે કલેક્ટરને વકફ મિલકતો પર અભૂતપૂર્વ



નિયંત્રણ આપે છે. આ માત્ર વકફ ટ્રિબ્યુનલની સત્તાને જ નહીં પરંતુ 'વકફ દ્વારા વપરાશકર્તા'ની વિભાવનાને પણ નષ્ટ કરે છે, જે મિલકતના ધાર્મિક અને સખાવતી ઉપયોગને મંજૂરી આપે છે. આ વિવાદ નિરાકરણનો સમયગાળો એક વર્ષથી લંબાવવાથી વધુ સમયમર્યાદામાં મૂંઝવણ અને કાનૂની પડકારો ઉભા થવાની સંભાવના છે.

તેમણે કહ્યું કે તે ખૂબ જ ચિંતાજનક છે કે આ બિલનો મુસદ્દો વકફ ન્યાયશાસ્ત્રના નિષ્ણાતો સહિત મુખ્ય હિતધારકો સાથે પરામર્શ કર્યા વિના તૈયાર કરવામાં આવ્યો હતો. તેમણે મીડિયા પ્રચાર દ્વારા કરવામાં આવેલા દાવાઓને નકારી કાઢ્યા કે વર્તમાન વક્ફ બોર્ડનો કાયદો અન્ય ધાર્મિક સમુદાયોની જમીનો હડપ કરે છે. તેમણે કહ્યું કે, આ ખોટા દાવાઓ બનાવટી અને અપ્રમાણિત છે. વક્ફ બોર્ડ કાયદેસર રીતે સરકાર દ્વારા મંજૂર કાયદાઓ હેઠળ કાર્ય કરે છે અને સરકાર દ્વારા તેની દેખરેખ રાખવામાં આવે છે.

હુસૈનીના જણાવ્યા મુજબ, સૂચિત સુધારાઓ, કલેક્ટરને અંતિમ સત્તા આપે છે, જેનાથી મુસ્લિમોના તેમના ધાર્મિક દાનનું સંચાલન કરવાના અધિકારોનું ઉલ્લંઘન થાય છે. તેમણે ચિંતા વ્યક્ત કરી હતી કે સૂચિત સુધારાઓએ વકફ ન્યાયશાસ્ત્રના મૂળભૂત પાસાને દૂર કરવાનો પ્રયાસ કર્યો છે. આ ફેરફાર વકફ પ્રોપર્ટી પર વધુ વિવાદો ઊભા કરે છે. આ સુધારો રાજ્ય સરકારોને વક્ફ બોર્ડના તમામ સભ્યોની નિમણૂક કરવાની મંજૂરી આપે છે, મુસ્લિમ સમુદાયોના ઓછામાં ઓછા બે સભ્યોની લોકશાહી ચૂંટણીને રદ કરે છે.

JIHના નેતાએ કહ્યું હતું કે મુતવલ્લીની મૌખિક નિમણૂક માટેની જોગવાઈને દૂર કરીને, બિલ પરોક્ષ રીતે વક્ફની પ્રથાને નબળી પાડે છે, જે ઈસ્લામિક કાયદાનું સમાધાનકારી પાસું છે. આ સુધારો સેન્ટ્રલ વક્ફ કાઉન્સિલમાં મુસ્લિમ સાંસદો, ન્યાયાધીશો અને વકીલોની જરૂરિયાતને પણ દૂર કરે છે, અન્ય ધાર્મિક સમુદાયોના સભ્યો માટે માર્ગ મોકળો કરે છે, અને વક્ફની બાબતો પર સરકારના વધુ નિયંત્રણ અંગે ચિંતાઓ ઊભી કરે છે.

મુસ્લિમ સમુદાય સાથે પરામર્શ કરીને આ બિલનો મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો નથી અને આ બિલ અંગે કોઈ મુસ્લિમ સંસદસભ્યની સલાહ લેવામાં આવી ન હતી. બિલ અંગેની ચર્ચામાં કોઈ હિસ્સેદારો સામેલ નહોતા. બિલમાં પ્રસ્તાવિત ફેરફારો ફાયદાના બદલે નુકસાનકારક છે. જો કે, તેમણે વક્ફ બોર્ડમાં મહિલાઓના સમાવેશ અને શિયા સમુદાયના પ્રતિનિધિત્વ જેવા ફેરફારોની પ્રશંસા કરી અને કહ્યું કે, અમે સકારાત્મક પગલાંને સ્વીકારીએ છીએ અને તેનું સ્વાગત કરીએ છીએ. તેમણે સરકારને કહ્યું કે લોકોના કલ્યાણ માટે કાયદાઓ બનાવવા જોઈએ અને કાયદાથી પ્રભાવિત લોકોને પરામર્શ પ્રક્રિયામાં સામેલ કરવા જોઈએ.

# હવે કોર્ટ ગમે ત્યારે એન્ટિલિયાને પાડી દેવાનો આદેશ આપી શકે : સૈયદ અમીર અબ્બાસ રીઝવી

## વકફ કોઈપણ મુસ્લિમ દ્વારા ધાર્મિક/ધર્માર્થ ઈસ્લામિક ઉદ્દેશ્ય માટે વ્યક્તિગત સ્થાવર-જંગમ મિલકતનું કાયમી સમર્પણ દર્શાવે છે

(એજન્સી) તા.૯

સૈયદ અમીર અબ્બાસ રીઝવીએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ કરી હતી. જેમાં તેમણે વકફ બોર્ડના કાયદામાં પ્રસ્તાવિત સુધારા કરવા માટે લાવવામાં આવેલા બિલ અંગે મુદ્દો ઊઠાવ્યો હતો. જેમાં તેમણે કહ્યું હતું કે, વક્ફ કોઈપણ મુસ્લિમ દ્વારા

તેમણે વધુમાં કહ્યું હતું કે, જે જમીન પર અંબાણીનો એન્ટિલિયા બિલ્ડિંગ બનેલો છે તે જમીન વકફ બોર્ડની માલિકીની છે. આ જમીન પર અનાથઆલય બનાવવાનો હતો પરંતુ અંબાણીએ દગો કરીને આ જમીન પચાવી પાડી.

આ મામલા હાઈકોર્ટે પણ સ્વીકાર્યું હતું કે, અંબાણીએ

## વકફ ખરડો : સોશિયલ મીડિયા પર વિચારો વ્યક્ત કરતા નિષ્ણાત

ધાર્મિક/ધર્માર્થ ઈસ્લામિક ઉદ્દેશ્ય માટે વ્યક્તિગત સ્થાવર-જંગમ મિલકતનું કાયમી સમર્પણ દર્શાવે છે. સૈયદ અમીર અબ્બાસ રીઝવીએ તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર વધુમાં કોમેન્ટ કરતા જણાવ્યું હતું કે, અંબાણીના મહેલ એન્ટિલિયાને બચાવવા માટે મોદી સરકાર વકફ બોર્ડના કાયદામાં સુધારો કરી રહી છે.

જમીન ખરીદવામાં વકફ બોર્ડના કાયદાની કલમ ૩૨(૨)નો ઉલ્લંઘન કર્યું હતું. હવે કોર્ટ ગમે ત્યારે એન્ટિલિયાને પાડી દેવાનો આદેશ આપી શકે છે. એટલા માટે પોતાના માલિકને બચાવવા માટે સરકાર દ્વારા કરોડો નાગરિકોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે જે ટીકાને પાત્ર છે.

# મૌલાના મહમૂદ મદનીએ વકફ કાયદાના પ્રસ્તાવિત સુધારાની ટીકા કરી, મિલકતના રક્ષણ માટેના જોખમોની ચેતવણી આપી

(એજન્સી) તા.૯

જમાત-એ-ઉલેમા-એ-હિંદના પ્રમુખ મૌલાના મહમૂદ મદનીએ વકફ કાયદામાં પ્રસ્તાવિત સુધારાઓ પર ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. આજે બોલતા તેમણે આ ફેરફારોની ટીકા કરતા જણાવ્યું કે, તેઓ વકફ મિલકતોની સુરક્ષાને નુકસાન પહોંચાડી શકે છે. મૌલાના મદનીએ જણાવ્યું કે, 'આજે સંસદમાં રજૂ કરાયેલા સુધારા વકફ પ્રોપર્ટીના રક્ષણ માટે હાનિકારક છે. તેઓ સરકારી એજન્સીઓ દ્વારા બિનજરૂરી દખલગીરીને અવકાશ આપશે, જે વકફના સાચા સ્વરૂપને નુકસાન પહોંચાડશે.' તેમણે વકફ અધિનિયમની કલમ ૪૦ દૂર કરવાની દરખાસ્ત અને વકફ મિલકત પરના ટાઈટલ અને વિવાદો સંબંધિત મુદ્દાઓને વકફ ટ્રિબ્યુનલને બદલે મહેસૂલ કાયદા મુજબ જિલ્લા કલેક્ટર દ્વારા સંચાલિત કરવાની યોજનાની ટીકા કરી છે. તેમણે ટિપ્પણી કરી કે, 'આ વાસ્તવમાં વકફ બોર્ડને નાબૂદ કરવા સમાન છે.'

મદનીએ આશ્ચર્ય વ્યક્ત કર્યું કે, જ્યારે સરકાર પહેલેથી જ જમીન પર નિયંત્રણ ધરાવે છે, ત્યારે તેની માલિકી અંગેના



નિર્ણયો કલેક્ટર દ્વારા લેવામાં આવશે. 'એવું લાગે છે કે, વર્તમાન સરકાર ઉગ્રવાદી તત્ત્વોથી પ્રભાવિત છે જેઓ વકફ એક્ટને નબળો કરવા માંગે છે.'

તેમણે એ પણ રેખાંકિત કર્યું કે, સૂચિત ફેરફારો સુપ્રીમ કોર્ટની માર્ગદર્શિકા અને ભારતીય બંધારણની કલમ ૨૬નું ઉલ્લંઘન કરશે. વધુમાં તેમણે ૧૯૬૩ના મર્યાદા અધિનિયમ દ્વારા પૂરી પાડવામાં આવેલ સુરક્ષાને સમાપ્ત કરવા અને વપરાશકર્તા દ્વારા વકફને નાબૂદ કરવા અને વકફ અલી અલાઉલાના સૂચનોની ટીકા કરી.

મૌલાના મદનીએ જણાવ્યું કે, 'વકફ મિલકતો ઉપરવાળાની દૈવી સંપત્તિ છે અને તે કોઈપણ સરકાર અથવા સત્તાને આધીન હોઈ શકતી નથી. તેમના હેતુઓ ઈસ્લામિક ઉપદેશોમાં સ્પષ્ટ રીતે દર્શાવેલ છે અને તે મહત્ત્વપૂર્ણ છે કે, વકફ મિલકતોનું સંચાલન વકફ દ્વારા કરવામાં આવે તેમાં એક બોર્ડ હોવું જોઈએ. જે મુસ્લિમ વિદ્વાનો રજૂ કરે છે.' તેમણે સરકારને સૂચિત સુધારાઓ પાછા ખેંચવા અને ધાર્મિક નેતાઓ અને વકફ મેનેજમેન્ટ સંસ્થાઓ સહિત તમામ હિતધારકો સાથે વિગતવાર ચર્ચા કરવા વિનંતી કરી. કાયદામાં સુધારા પ્રતિબંધિત નથી પરંતુ આ સૂચિત ફેરફારોના કેટલાક પાસાઓ વકફના ઉદ્દેશ્યની વિરુદ્ધ છે. વકફ મિલકતોની માલિકી સુરક્ષિત હોવી જોઈએ અને ધાર્મિક સમુદાયો અને મુસ્લિમ સંસ્થાઓની સંમતિથી કોઈપણ ફેરફારો કરવા જોઈએ. મૌલાના મદનીએ રાજકીય પક્ષો અને નાગરિકોને પણ આ સુધારાઓ સામે અવાજ ઊઠાવવા અને ધાર્મિક અધિકારો અને સ્વતંત્રતાઓના રક્ષણ માટે એકતા દર્શાવવા આહ્‌વાન કર્યું છે.

# નોઈડાની શાળાના 'ટિફિનમાં નોન-વેજ' પર પ્રતિબંધના પરિપત્રથી વિવાદ

(એજન્સી) તા.૯

નોઈડાની એક શાળાએ એક પરિપત્ર જારી કરીને વાલીઓને વિદ્યાર્થીઓના લંચ બોક્સમાં માંસાહારી ખોરાક ન મોકલવાની વિનંતી કરી છે, આ પરિપત્રમાં શાળાએ 'સ્વાસ્થ્ય અને સલામતી'નો ઉલ્લેખ કર્યો છે. તે દાવો કરે છે કે, માંસાહારી ખોરાક 'જ્યારે સવારના ભોજન માટે રાંધવામાં આવે છે' ત્યારે તે બગડી શકે છે અને 'જો યોગ્ય રીતે સંગ્રહિત અને સંભાળવામાં ન આવે તો ગંભીર આરોગ્ય જોખમો પેદા કરી શકે છે.' શાળાએ નોંધ્યું કે, જો કે, તે વિવિધતા અને સર્વસમાવેશકતાને મહત્ત્વ આપે છે,



શાકાહારી ભોજનનું વાતાવરણ જાળવવાથી બધા વિદ્યાર્થીઓ આદરણીય અને આરામદાયક અનુભવે છે તે સુનિશ્ચિત કરે છે આ પરિપત્રને અનુસરીને ઘણા માતા-પિતાએ પ્રશ્ન ઊઠાવવાનું શરૂ કર્યું કે વ્યક્તિની ખોરાકની પસંદગી કેવી રીતે હોવી જોઈએ પસંદગી અન્યનું અપમાન કેવી રીતે કરી શકે ? તેમનું માનવું છે કે, આવા પરિપત્રો માંસાહારીઓની પસંદગીને મર્યાદિત કરી રહ્યા છે. પરિપત્રમાં ઉઠાવવામાં આવેલી 'આરોગ્ય અને સલામતી'ની ચિંતાઓ અંગે માતા-પિતાએ આક્ષેપ કર્યો છે કે, જો કોઈપણ ખોરાક સવારે રાંધવામાં આવે છે અને પછી ખાવામાં આવે છે તો તે કેવી રીતે બગડી શકે છે. પરિપત્ર અને વાલીઓના વાંધાઓ વચ્ચે નોઇડામાં શિક્ષણ વિભાગના અધિકારીઓએ જણાવ્યું કે, માતા-પિતા પરિપત્ર સામે ફરિયાદ નોંધાવી શકે છે.

# બાંગ્લાદેશની અશાંતિમાં આગમાં બળતણ ઉમેરવાના ઉદ્દેશ્ય સાથે રિપબ્લિક ટીવી દ્વારા બાંગ્લાદેશ કટોકટી પરના અહેવાલમાં ખોટી માહિતી, વણચકાસાયેલ સમાચાર, ઉશ્કેરણીજનક નિવેદનો અને અપમાનજનક ભાષાનો સમાવેશ થાય છે

(એજન્સી) તા.૯

૫ ઓગસ્ટના રોજ, બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાએ રાજીનામું આપ્યું અને સામૂહિક વિરોધને કારણે દેશ છોડીને ભાગી જવા સાથે પડોશી દેશ બાંગ્લાદેશમાં નોંધપાત્ર ફેરફારો થયા. ભૂતપૂર્વ વડા પ્રધાન તેમની બહેન સાથે હેલિકોપ્ટર પર બાંગ્લાદેશની રાજધાની ઢાકાથી રવાના થયા હતા અને ૫ ઓગસ્ટે જ C-130 ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટમાં ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદના હિંડન એર બેઝ પર ઉતર્યા હતા. ૭ ઓગસ્ટના રોજ જાહેરાત કરવામાં આવી હતી કે બાંગ્લાદેશના નોબેલ પુરસ્કાર વિજેતા મુહમ્મદ યુનુસ દેશની વચગાળાની સરકારનું નેતૃત્વ કરશે.

હસીનાની હકાલપટ્ટી સાથે, વિરોધીઓએ ભૂતપૂર્વ વડાપ્રધાનના નિવાસસ્થાન પર કબજો જમાવ્યો હોવાના સમાચાર સામે આવ્યા હતા, આર્મી ચીફ વકર ઉઝ ઝમાન દ્વારા નિવેદન આપવામાં આવ્યું કે, દેશમાં કાયદો અને વ્યવસ્થા જાળવવામાં આવશે અને અપરાધીઓ સામે કાર્યવાહી કરવામાં આવશે. બાંગ્લાદેશમાં લઘુમતી હિન્દુઓ પર બાંગ્લાદેશની બહુમતી વસ્તી દ્વારા હુમલો કરવામાં આવ્યો હોવાના અપ્રમાણિત અહેવાલો આ આગમાં બળતણ ઉમેરતા હતા. હસીનાના દેશ છોડવાના અહેવાલો પછી, બાંગ્લાદેશી હિંદુઓ હુમલાનો સામનો કરી રહ્યા છે, તેમના મકાનો તોડી પાડવામાં આવ્યા છે અને હિંદુ મંદિરોમાં તોડફોડ થઈ રહી છે તેવા ખોટા વર્ણનો સોશિયલ મીડિયા પર સામે આવ્યા છે.

એ મહત્વપૂર્ણ છે કે ભેદભાવ વિરોધી વિદ્યાર્થી ચળવળના સંયોજકો, જેમણે હસીનાના રાજીનામાની માંગણી સાથે વિરોધનું નેતૃત્વ કર્યું હતું, તેમણે બાંગ્લાદેશમાં હિન્દુ વસ્તીને બચાવવા માટે પણ અપીલ કરી હતી. ૮ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ, ડૉ. મોહમ્મદ યુનુસે, બાંગ્લાદેશમાં વચગાળાની સરકારનો હવાલો સંભાળ્યા પછી, તેમનું પ્રથમ સંબોધન કર્યું અને કહ્યું કે જો તમે તમારો દેશ ચલાવવા માટે મારા પર વિશ્વાસ કરો છો, તો તમારે સૌથી પહેલા લોકો પર હુમલા કરવાનું બંધ કરવાની જરૂર છે. તમારી આસપાસ લઘુમતીઓ છે જો તમે આ હુમલા નહીં કરો, તો વધુ સારૂં એ છે કે હું આ પદ છોડી દઉં. બાંગ્લાદેશ સાથે અસંબંધિત તસવીરો અને જૂના વીડિયો સોશિયલ મીડિયા પર ફરવા લાગ્યા અને ઘણા લોકોએ




બાંગ્લાદેશની પરિસ્થિતિને સાંપ્રદાયિક રંગ આપવા અને ભારતમાં હિંદુ અને મુસ્લિમ વચ્ચે અશાંતિ ઊભી કરવાના ઉદ્દેશ્યથી કરવામાં આવતા આ ખોટા અતિશયોક્તિભર્યા દાવાઓનો પર્દાફાશ કર્યો. સોશિયલ મીડિયા પર કટ્ટર જૂથો દ્વારા ફેલાવવામાં આવી રહેલા ઉન્માદનો સામનો કરવા માટે, બાંગ્લાદેશમાં મુસ્લિમો હિંદુ મંદિરો સામે રક્ષા કરવા ઉભા છે એવા ચિત્રો પણ સોશિયલ મીડિયા પર સામે આવ્યા. આ અંધાધૂંધીમાં ખોટા સમાચાર અને ખોટી માહિતી ફેલાવવામાં આવી રહી છે, અને રિપબ્લિક ટીવી વધુ ભ્રમ પેદા કરી રહ્યું છે અને માહિતી અને ખોટી માહિતીનું મિશ્રણ કરી રહ્યું છે. ભૂતકાળમાં પણ, રિપબ્લિક ટીવીની ટીકા કરવામાં આવી છે.

ડેઈલી સ્ટારના અહેવાલ મુજબ, ઢાકાના ધનમંડીમાં, બેન્ડ જોલર ગાનના ફ્રન્ટમેન રાહુલ આનંદના ઘરને સોમવારે આગ લગાડવામાં આવી હતી. રાહુલ અને તેનો પરિવાર સલામત રીતે ભાગી છૂટવામાં સફળ થયા હતા અને તેમના પર હુમલો થયો ન હતો. અહેવાલમાં એવું પણ કહેવામાં આવ્યું હતું કે તે જ દિવસે, શરિયતપુરના ધનુકા મનસા બારી મંદિરમાં ગુસ્સે ભરાયેલા ટોળા દ્વારા તોડફોડ કરવામાં આવી હતી. તેઓએ મંદિર પરિસરમાં લગાવેલા તમામ ૧૬ સીસીટીવી કેમેરાને પણ નુકસાન પહોંચાડ્યું હતું. જેસોરના ભગરપારામાં નારિકેલબારિયાના ચેરમેન બાબુલ સાહાના વેરહાઉસ પર હુમલો કરવામાં આવ્યો હતો અને સ્થાનિક હિંદુ સમુદાયની ૨૨ દુકાનો સાથે લૂંટ કરવામાં આવી હતી. સોમવારે રાત્રે બનેલી આ ઘટના દરમિયાન અનેક ઘરોમાં તોડફોડ અને લૂંટફાટ પણ કરવામાં આવી હતી. આ વિસ્તારના સ્થાનિકોએ અહેવાલ આપ્યો છે કે રહેવાસીઓ હવે રાત્રે તેમના ઘરોની રક્ષા કરે છે. એ નોંધવું જરૂરી છે કે હકીકત તપાસ કરનાર અને AltNewsના સહ-સ્થાપક મોહમ્મદ ઝુબૈરે હાઈલાઈટ કર્યું હતું કે હિંદુ મંદિરને સળગાવવાનું જે વિઝ્યુઅલ શેર કરવામાં આવી રહ્યું છે તે હકીકતમાં બાંગ્લાદેશમાં વિરોધીઓ દ્વારા સળગાવવામાં આવતી રેસ્ટોરન્ટ છે.

બાંગ્લાદેશના હિંદુઓને નિશાન બનાવવાને લઈને ભારતના હિંદુઓમાં ગુસ્સો વધી રહ્યો છે, ત્યારે રિપબ્લિક ટીવી પોતે નકલી અને અપ્રમાણિત સમાચાર ફેલાવે છે. બાંગ્લાદેશની પરિસ્થિતિના સંદર્ભમાં ખોટી માહિતી અને ગભરાટ ફેલાવવા ઉપરાંત, તે અહેવાલમાં સમગ્ર વિડિયો દરમિયાન બાંગ્લાદેશના મુસ્લિમો માટે ઘણી વખત "જેહાદી" જેવા અપમાનજનક શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેના રિપોર્ટમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે બાંગ્લાદેશમાં મુસ્લિમો ત્યાંના હિંદુઓને જીવતા સળગાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. આવા અતિશયોક્તિપૂર્ણ નિવેદનો અરાજકતા ઊભી કરીને ગભરાટ ફેલાવે છે તે પત્રકારોની ફરજોનું ઉલ્લંઘન છે.

બોમ્બે હાઈકોર્ટે, અમુક ટીવી ચેનલો દ્વારા "પત્રકારત્વ"ના નામે ચલાવવામાં આવી રહેલા મીડિયા ટ્રાયલની ટીકા કરી હતી. બોમ્બે હાઈકોર્ટના ૨૫૧-પાનાના ચુકાદામાં કોર્ટે જણાવ્યું હતું કે બંધારણમાં અન્ય તમામ અધિકારોની જેમ વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાનો અધિકાર પણ સંપૂર્ણ નથી; તેમાં વાજબી નિયંત્રણો છે. કોર્ટે ભારતમાં સામાન્ય વ્યક્તિના અભિપ્રાયને ઘડવામાં મીડિયા જે ભૂમિકા ભજવે છે તેના પર પણ ભાર મૂક્યો હતો, તેના માટે તેમના રિપોર્ટિંગમાં જવાબદારી, તટસ્થતા અને નિષ્પક્ષતાના નિયમોનું પાલન કરવાનું વધુ જરૂરી ગણાવ્યું છે.

# બાંગ્લાદેશમાં અશાંતિનો ઉપયોગ ભારતમાં મુસ્લિમ વિરોધી નફરત ફેલાવવા માટે કેવી રીતે કરવામાં આવે છે

## બાંગ્લાદેશી ફેક્ટ-ચેકરે ધ ક્વિન્ટને જણાવ્યું હતું કે, રાજકીય રીતે પ્રેરિત હુમલાઓને સાંપ્રદાયિક તરીકે પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે

(એજન્સી) તા.૯

જ્યારથી બાંગ્લાદેશના વડાંપ્રધાન શેખ હસીનાની હકાલપટ્ટી કરવામાં આવી છે ત્યારથી દેશમાં અશાંતિનો ઉપયોગ ભારતમાં ખોટી માહિતી અને સાંપ્રદાયિક નફરત ફેલાવવા માટે કરવામાં આવી રહ્યો છે. એ વાત સાચી છે કે, બાંગ્લાદેશમાં હિંદુઓના કેટલાય ઘરો અને દુકાનો પર હુમલા થયા હોવાના અહેવાલો છે. બાંગ્લાદેશના દક્ષિણી બાગેરહાટ જિલ્લામાં એક હિન્દુ વ્યક્તિને માર મારવામાં આવ્યો હોવાના અહેવાલ છે. આ દરમિયાન એક સ્થાનિક દૈનિક અનુસાર સંગીતકાર રાહુલ આનંદાના ઘરની સાથે કેટલાક સ્થાનિક અહમદીઓના ઘરો, લઘુમતી સંપ્રદાયના ઘરોને પણ ટોળાએ સળગાવી દીધા હતા. જો કે, આ હુમલા વિશે ખોટી માહિતી ફેલાવવામાં આવી હોવાના કિસ્સાઓ પણ સામે આવ્યા છે. આઘાતજનક બાબત એ છે કે, બાંગ્લાદેશમાં અશાંતિનો ઉપયોગ ભારતમાં હિંસા ભડકાવવા માટે કરવામાં આવી રહ્યો છે. ભારતીય જનતા પાર્ટી (BJP) મહારાષ્ટ્રના કનકવલીના ધારાસભ્ય નિતેશ રાણેએ X (ટ્વિટર) પર એક ઉશ્કેરણીજનક પોસ્ટ મૂકી હતી, જેમાં આપણા દેશમાં લોકોને ઓળખવા અને મારવા વિનંતી કરી હતી. આ ઉશ્કેરણીજનક મેસેજ બીજેપી સાંસદ નીતિશ રાણેએ પોસ્ટ કર્યો હતો. રાણેની હવે કાઢી નાખવામાં આવેલી પોસ્ટના જવાબમાં અન્ય એક્સ યુઝરે લોકોને મુસ્લિમોને મારી નાખવા અને તેમને પૃથ્વી પરથી નાબૂદ કરવા વિનંતી કરતો ઉશ્કેરણીજનક સંદેશ પોસ્ટ કર્યો હતો.

કેવી રીતે ઘટનાઓને સાંપ્રદાયિક રંગ આપવામાં આવે છે.

બાંગ્લાદેશની ૧૭ કરોડની વસ્તીમાં હિંદુઓનો હિસ્સો લગભગ ૮ ટકા છે અને આ સમુદાયનો એક મોટો વર્ગ પરંપરાગત રીતે શેખ હસીનાની અવામી લીગને ટેકો આપે છે. જૂના વીડિયો અને ફોટા નવા કેપ્શન સાથે ફરી પ્રસારિત કરવામાં આવી રહ્યા છે, બાંગ્લાદેશીઓ દ્વારા X પર સંપાદિત પોસ્ટ સર્ક્યુલેટ કરવામાં આવી રહી છે. બાંગ્લાદેશના ફેક્ટ-ચેકર શોહાનુર રહેમાને જણાવ્યું હતું કે, મોટાભાગની ઘટનાઓ રાજકીય રીતે પ્રેરિત હોવા છતાં તેમને મુસ્લિમ વિરોધી લાગણીઓ માટે સાંપ્રદાયિક રંગ આપવામાં આવી રહ્યો છે. હિંદુ અને મુસ્લિમ બંને પીડિત છે. પરંતુ તેઓ રાજકીય રીતે પ્રેરિત હુમલાઓને સાંપ્રદાયિક તરીકે હાઈલાઈટ કરે છે. જ્યારે પીડિત હિંદુ હોય છે, ત્યારે તમામ ઘટનાઓને સાંપ્રદાયિક અત્યાચાર તરીકે




વ્યાપકપણે પ્રચાર કરવામાં આવે છે, જે ભારતમાં મુસ્લિમ વિરોધી નફરત વધારશે. દીપક શર્માએ એક જૂના અને અસંબંધિત બળાત્કારના વીડિયો પોસ્ટ કરતા દાવો કર્યો કે, તે બાંગ્લાદેશની તાજેતરની ઘટના છે. શર્માએ લખ્યું કે, બળાત્કાર ૧૪૦ મુસ્લિમો દ્વારા કરવામાં આવ્યો હતો જેમણે 'અલ્લાહુ અકબર'ના નારા લગાવ્યા હતા, તેના શરીર પર પેશાબ કર્યો હતો અને તેના પ્રાઈવેટ પાર્ટમાં પથ્થરો નાખ્યા હતા. ખરેખર આ બેંગ્લુરૂની ૨૦૨૧ની ઘટના હતી, જેમાં એક બાંગ્લાદેશી મહિલા પર સામૂહિક બળાત્કાર કરવામાં આવ્યો હતો પરંતુ આ વીડિયોને સાંપ્રદાયિકતા સાથે ફરીથી શેર કરવામાં આવ્યો હતો. શોહાનુર રહેમાનને ધ ક્વિન્ટને કહ્યું કે, અત્યાર સુધી બળાત્કારનો કોઈ કેસ સામે આવ્યો નથી. X પર બળાત્કારના દાવાઓ અફવા છે. મંદિરોને આગ લગાડવાની અનેક ઘટનાઓ સામે આવી છે. જો કે, તેમાંથી ઘણી ઘટનાઓ પાછળથી ખોટી સાબિત થઈ હોવાનું જાણવા મળ્યું છે. લાલકિશોર યાદવ નામના એક્સ યુઝરે કહ્યું કે, આ દુનિયામાં સૌથી કૃતઘ્ન સમુદાય ઈસ્લામ છે. તેઓ કોઈને છોડશે નહીં. રહેમાને કહ્યું કે, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને કારણે અવામી લીગના નેતાઓના અનેક ઘરોમાં આગ, લૂંટફાટ થઈ છે. તકવાદી જૂથો હિંદુ ઘરો અને વ્યવસાયો પર હુમલો કરીને લૂંટ અને અરાજકતા ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. સુદર્શન સમાચારે X પર બાંગ્લાદેશમાં હિંદુઓ પર હુમલાઓ અંગે અહેવાલો આપ્યા હતા અને કહ્યું કે, લક્ષ્મીપુરમાં હિંદુ દુકાનદાર રાજન ચંદ્રાની દુકાન બળીને રાખ થઈ ગઈ છે. પરંતુ આ પણ નકલી છે. ક્વિન્ટની ફેક્ટ-ચેકિંગ ટીમ WebQoofએ પણ અહેવાલ આપ્યો છે કે ,તે એક જૂનો વીડિયો છે જ્યાં ૧૧ જુલાઈના રોજ ઈલેક્ટ્રિકલ શોર્ટ સર્કિટને કારણે આગની ઘટના બની હતી અને મોટાભાગના દુકાન માલિકો મુસ્લિમ હતા. આ ઘટના બાંગ્લાદેશમાં વર્તમાન કટોકટી સાથે સંબંધિત નથી. આવા ઘણા દાવા WebQoof દ્વારા રદ કરવામાં આવ્યા છે. રહેમાને કહ્યું કે, સોશિયલ મીડિયા પર એવી અફવા ફેલાઈ રહી છે કે, બાંગ્લાદેશ પોલીસમાં ૮૦,૦૦૦ ભારતીયો નોકરી કરે છે. બાંગ્લાદેશમાં RAW (રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ) અને બાંગ્લાદેશ આર્મીમાં ભારતીય કર્મચારીઓ વિશે પણ અફવાઓ હતી. કદાચ આને કારણે પણ પરિસ્થિતિ વધુ વણસી છે અને નાગરિક વહીવટીતંત્રની ગેરહાજરીને કારણે અરાજકતા વધી છે. દરમિયાન બાંગ્લાદેશ હિંદુ બૌદ્ધ ક્રિશ્ચિયન યુનિટી કાઉન્સિલના જનરલ સેક્રેટરી રાણા દાસગુપ્તાએ પણ એક નિવેદનમાં નોંધ્યું છે કે, સોમવાર અને મંગળવારે ઓછામાં ઓછા ૯૭ સ્થળોએ લઘુમતીઓના ઘરોમાં તોડફોડ અને લૂંટફાટ કરવામાં આવી હતી. જો કે, કેટલાક વિદ્યાર્થી નેતાઓ અને સંગઠનોએ પણ કેટલાક ધાર્મિક સ્થળોને સુરક્ષા પૂરી પાડી હોવાનું જાણવા મળ્યું છે. અનેક જૂની, અસંબંધિત છબીઓ બાંગ્લાદેશના નામથી વાયરલ થઈ છે. આવી ઘટનાઓ અંગે પશ્ચિમ બંગાળ પોલીસે પણ લોકોને વિનંતી કરી હતી કે, એકતરફી કથાઓ અને ખોટી માહિતીનો ભોગ ન બનવું જોઈએ. પશ્ચિમ બંગાળ પોલીસે મીડિયા ચેનલો પર ખોટી માહિતી અંગે ચેતવણી પણ આપી હતી.

# અમન સેહરાવતે પેરિસ ઓલિમ્પિકમાં ભારતે પહેલો કુસ્તી મેડલ જીત્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

પેરિસ ૨૦૨૪ ઓલિમ્પિકમાં ૨૧ વર્ષીય અમન સેહરાવત શુક્રવારે પુરૂષોના ૫૭ કિ.ગ્રા. બ્રોન્ઝ મેડલમાં પ્યુર્ટો રિકોના ડેરિયન ટોઇ ક્રુઝને 13-5થી હરાવીને ઓલિમ્પિક મેડલ જીતનાર ભારતનો સાતમો કુસ્તીબાજ બન્યો હતો. કુસ્તીમાં ભારતના અગાઉના મેડલ કેડી જાધવ (૧૯૫૨માં બ્રોન્ઝ), સુશીલકુમાર (૨૦૦૮માં બ્રોન્ઝ અને ૨૦૧૨માં સિલ્વર), યોગેશ્વર દત્ત (૨૦૧૨માં બ્રોન્ઝ), સાક્ષી મલિક (૨૦૧૬માં બ્રોન્ઝ), બજરંગ પુનિયા (૨૦૨૦માં બ્રોન્ઝ) અને રવિ દહિયા (૨૦૨૦) દ્વારા આવ્યા હતા. અગાઉ અમને રાઉન્ડ ઓફ ૧૬મા ઉત્તર મેસેડોનિયાના વ્લાદિમીર એગોરોવ સામે ૧૦-૦થી શાનદાર વિજય મેળવ્યો હતો અને ક્વાર્ટર ફાઇનલમાં અલ્બેનિયાના ઝેલિમખાન અબાકાનોવ સામે



કુસ્તીની ૫૭ કિલો વર્ગની બ્રોન્ઝ મેડલની મેચમાં પ્યુર્ટો રિકોના ડેરિયન ટોઇ ક્રૂઝને 13-5થી હરાવ્યો

૧૨-૦થી ટેક્નિકલ શ્રેષ્ઠતાની જીત મેળવી હતી. ટોક્યો ઓલિમ્પિકમાં રવિકુમાર દહિયાએ સમાન વજન વર્ગમાં સિલ્વર મેડલ જીત્યો હતો. અમને ઓલિમ્પિક ક્વોલિફાયર માટેના રાષ્ટ્રીય પસંદગીના ટ્રાયલ્સ દરમિયાન રવિને હરાવ્યો હતો અને તેણે પોતાને પેરિસ ૨૦૨૪ માટે સ્થાન મેળવ્યું હતું. આ બ્રોન્ઝ મેડલ સાથે ભારત હવે ૨૦૦૮થી દરેક ઓલિમ્પિક ગેમ્સમાં કુસ્તીમાં મેડલ જીત્યું છે. પેરિસ ઓલિમ્પિકમાં ભારતનો પહેલો કુસ્તી મેડલ જીતવા માટે અમન શુક્રવારે શાનદાર પ્રદર્શન કરીને આવ્યો હતો. કાંસ્ય ચંદ્રકની રસાકસીવાળી સ્પર્ધામાં ટોઇ ક્રુઝે અમન સેહરાવતને દબાણ કરીને પ્રથમ પોઇન્ટ મેળવ્યો. જો કે, સેહરાવતે ઝડપથી પુનરાગમન કરતાં ક્રુઝના પગને લોક કરીને અને તેને ફ્લિપ કરીને બે પોઇન્ટ મેળવ્યા હતા. બંને કુસ્તીબાજોએ પોઇન્ટની લેવાની શરૂઆત કરી હતી અને બંને એક બીજાને ઝડપથી પટકી રહ્યા હતા જેમાં સેહરાવત ત્રીસ સેકન્ડના બ્રેકમાં ૪-૩થી આગળ હતો.

# સ્વતંત્રતા દિવસ ૨૦૨૪ : વડાપ્રધાન મોદીએ લોકોને 'હર ઘર તિરંગા'ને ફરીથી યાદગાર જન આંદોલન બનાવવા વિનંતી કરી

## કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને પણ X પર તેમનો પ્રોફાઈલ ફોટો અપડેટ કરી લોકોને વડાપ્રધાન મોદીના કોલને અનુસરવા વિનંતી કરી હતી

(એજન્સી) તા.૯

ભારત દેશ ગુરૂવાર, ૧૫ ઓગસ્ટના રોજ ૭૮મા સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવા માટે તૈયારી થઈ રહ્યો છે, ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગઈકાલે સોશિયલ મીડિયા પોસ્ટમાં લોકોને 'હર ઘર તિરંગા'ને આ વર્ષે ફરીથી યાદગાર જન આંદોલન બનાવવા વિનંતી કરી હતી.

વડાપ્રધાન મોદીએ સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવા માટે તેમના પ્રોફાઇલ ફોટાને ત્રિરંગામાં બદલીને હર ઘર તિરંગા ચળવળને એક યાદગાર સામૂહિક કાર્યક્રમ બનાવવા માટે દરેકને આવું કરવા પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે દરેકને harghartiranga.com પર તિરંગા સાથે સેલ્ફી શેર કરવા વિનંતી કરી છે.

વડાપ્રધાને X પર લખ્યું, 'જેમ-જેમ આ વર્ષનો સ્વતંત્રતા દિવસ નજીક આવી



રહ્યો છે, ચાલો ફરી #HarGharTirangaને એક યાદગાર જન આંદોલન બનાવીએ. હું મારૂં પ્રોફાઇલ પિક્ચર બદલી રહ્યો છું અને હું તમને બધાને વિનંતી કરૂં છું કે, આમ કરીને અમારા ત્રિરંગાની ઉજવણીમાં મારી સાથે જોડાઓ અને હા, તમારી સેલ્ફી https://harghartiranga.com પર શેર કરો.'

કેન્દ્રીય સંસ્કૃતિ અને પર્યટન મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતે ગુરૂવારે જાહેરાત કરી હતી કે, ૭૮મા સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં 'હર ઘર તિરંગા' અભિયાનની ત્રીજી આવૃત્તિ ૯થી ૧૫ ઓગસ્ટ સુધી મનાવવામાં આવશે.

સોશિયલ મીડિયા પર વડાપ્રધાન મોદીની અપીલ પછી તરત જ, ભાજપના નેતાઓ અને સમર્થકો સહિત ઘણા વપરાશકર્તાઓએ તેમના પ્રોફાઇલ પિક્ચરને તિરંગામાં બદલી નાખ્યું હતું.

કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને પણ X પર પોતાનો પ્રોફાઇલ ફોટો બદલીને લોકોને જન આંદોલનમાં જોડાવા વિનંતી કરી છે.

તેમણે કહ્યું, 'તમારૂં પણ પ્રોફાઇલ ફોટો બદલો ! ચાલો આપણા ત્રિરંગાની ઉજવણી કરીએ અને રાષ્ટ્ર નિર્માણ માટે આપણી સામૂહિક પ્રતિબદ્ધતાને મજબૂત કરીએ.'

# ભાજપના શાઝિયા ઈલ્મીએ પત્રકાર રાજદીપ સરદેસાઈ સામે માનહાનિનો દાવો દાખલ કર્યો

## આ મુકદ્દમો સરદેસાઈના દાવા પર છે કે, ઈલ્મીએ ઈન્ડિયા ટુડેના વીડિયો પત્રકાર સાથે દુર્વ્યવહાર કર્યો હતો અને તેને તેના ઘરની બહાર કાઢી મૂક્યો હતો

(એજન્સી) તા.૯

ભારતીય જનતા પાર્ટી (BJP)ના નેતા શાઝિયા ઈલ્મીએ દિલ્હી હાઈકોર્ટનો સંપર્ક કર્યો અને પત્રકાર રાજદીપ સરદેસાઈ સામે માનહાનિનો દાવો દાખલ કર્યો છે, એમ બેન્ચે અહેવાલ આપ્યો હતો. ઈન્ડિયા ટુડેના એક પત્રકાર સાથે 'દુર્વ્યવહાર' કરવાનો ઈલ્મી પર આરોપ લગાવતા સરદેસાઈ દ્વારા અપલોડ કરાયેલા વીડિયો પર આ મુકદ્દમો કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. કોર્ટે ઈન્ડિયા ટુડે અને રાજદીપ સરદેસાઈને સોમવાર (૧૨ ઓગસ્ટ) સુધીમાં સંપૂર્ણ અને અસંપાદિત વીડિયો પ્રદાન કરવા જણાવ્યું છે. આ કેસની સુનાવણી મંગળવારે નક્કી કરવામાં આવી છે. આ વિવાદ ૨૬ જુલાઈએ ઈન્ડિયા ટુડે પર સરદેસાઈ દ્વારા સંચાલિત ટીવી ડિબેટ પર છે. કારગિલ વિજય દિવસની આસપાસના રાજકારણ પર વ્યાપકપણે થીમ આધારિત ચર્ચામાં અગ્નિવીર યોજના અને સશસ્ત્ર દળોના



રાજકીયકરણ પર પણ ચર્ચા થઈ હતી. આ ચર્ચામાં મેજર જનરલ (નિવૃત્ત) યશ મોર અને ઈલ્મી પેનલમાં હતા. જેમ-જેમ મેજર જનરલ મોરે અગ્નિવીર યોજનામાં ખામીઓ હોવાનું કહ્યું, ત્યારે ઈલ્મીએ દરમિયાનગીરી કરી. આનાથી સરદેસાઈએ એમ કહેવા માટે પ્રેરિત કર્યું કે મોરે 'કડક તથ્યો' રજૂ કરી રહ્યા છે. ઈલ્મીએ કહ્યું કે, 'ઉપદેશ આપશો નહીં.' ત્યારપછી એક ઉગ્ર ચર્ચા થઈ જેના પછી ઈલ્મીએ શો છોડી દીધો હતો.

તે રાત્રે ઈલ્મી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર ગઈ અને દાવો કર્યો કે, સરદેસાઈએ ચર્ચા દરમિયાન તેમના માઈકનું વોલ્યુમ ઓછું કર્યું હતું. તેણીએ પોસ્ટ કર્યું કે, 'યાદ રાખો કે હું બંને પક્ષે રહી છું અને તમારા જેવા ગુંડાઓને કેવી રીતે હેન્ડલ કરવું તે જાણું છું. જો કે, તે ઉપદેશ આપવા માટે પત્રકારો તરીકે છૂપાયેલા રાજકીય પ્રચારકોને વર્તતું નથી.' આગલી સવારે કરવામાં આવેલી એક પોસ્ટમાં સરદેસાઈએ ઈલ્મી પર ઈન્ડિયા ટુડેના વીડિયો જર્નાલિસ્ટના 'દુરૂપયોગ'નો આરોપ લગાવ્યો હતો. તેમણે પોસ્ટમાં લખ્યું કે, 'જો તમને મારી સાથે અથવા શોમાં કોઈ આર્મી જનરલ સાથે ઝઘડો હોય તો અલબત્ત તે તમારો વિશેષાધિકાર છે અને હું તેનું સન્માન પણ કરૂં છું. પરંતુ તમારા માટે માઈકનો અવાજ ઓછો કરવો અને અમારા વીડિયો જર્નાલિસ્ટનો દુર્વ્યવહાર કરી, તેને તમારા ઘરની બહાર ફેંકી દેવાનું કંઈ જ થયું નથી. તે માત્ર પોતાનું કામ કરી રહ્યો હતો. ખરાબ વર્તન માટે કોઈ બહાનું નથી. બાકી હું તમારા પર છોડી દઉં છું. તમારો સપ્તાહાંત સારો રહે.'

# NCERT પુસ્તકની પ્રસ્તાવના : જયરામ રમેશે રાજ્યસભાને 'ગેરમાર્ગે દોરવા' બદલ ધર્મેન્દ્ર પ્રધાન સામે વિશેષાધિકાર નોટિસ દાખલ કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

કોંગ્રેસના વરિષ્ઠ નેતા જયરામ રમેશે રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (NCERT)ના પાઠ્યપુસ્તકોમાંથી બંધારણની પ્રસ્તાવનાને કથિત રીતે દૂર કરવાના મુદ્દે ગૃહને 'ગેરમાર્ગે' દોરવા બદલ શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાન સામે રાજ્યસભામાં વિશેષાધિકારની નોટિસ દાખલ કરી છે. રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખડને મોકલવામાં આવેલી નોટિસમાં રમેશે જણાવ્યું હતું કે, ૭ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ NCERT દ્વારા ત્રીજા અને છઠ્ઠા



ધોરણના બાળકો માટે પાઠ્યપુસ્તકોમાંથી ભારતના બંધારણની પ્રસ્તાવના હટાવવાનો મુદ્દો ઊઠાવ્યો હતો. તેમણે કહ્યું, આના જવાબમાં શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું કે, રાજ્યસભામાં કોંગ્રેસના મુખ્ય દંડક રમેશના જણાવ્યા અનુસાર છઠ્ઠા ધોરણની પાઠ્યપુસ્તકની પણ પ્રસ્તાવના છે. પ્રધાન આ દાવો હકીકતમાં 'ખોટો અને ભ્રામક' છે. રમેશે જણાવ્યું હતું કે, શાળાના બાળકોના પાઠ્યપુસ્તકોમાંથી બંધારણની પ્રસ્તાવના હટાવવી એ ભારતના બંધારણની ભાવના વિશે આ દેશના યુવાનોમાં જાગૃતિ લાવવાના ખ્યાલનું ઘોર અપમાન છે. તેમણે કહ્યું કે, ગૃહના ફ્લોર પર 'ભ્રામક અને તથ્યોની ખોટી રજૂઆત' વિશેષાધિકારનો ભંગ અને ગૃહની તિરસ્કાર છે.

### સરકારે બેંકિંગ એક્ટ બિલ રજૂ કર્યું

# બેંકના ખાતામાં હવે એક સાથે ચાર નોમિની નોંધાવી શકાશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે શુક્રવારે લોકસભામાં બેન્કિંગ કાયદો (સુધારા) બિલ ૨૦૨૪ રજૂ કર્યો છે. આ બિલમાં એવી જોગવાઈ કરવામાં આવી છે કે, દરેક બેંક ખાતાધારક એક ખાતા માટે એકથી વધુ અર્થાત્ ચાર 'નોમિની' રાખી શકશે. અત્યાર સુધી એક બેંક ખાતામાં માત્ર એક જ નોમિનીનો ઉલ્લેખ કરવાનો નિયમ છે. જો આ બિલ સંસદમાંથી પસાર થઈ જશે તો હવે નોમિનીની સંખ્યા ચાર કરી શકાશે.

જો કે, આ એક વૈકલ્પિક જોગવાઈ હશે. પ્રસ્તાવિત બિલમાં વધુ એક મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. જે હેઠળ કંપનીના ડિરેક્ટર્સના સબસ્ટેન્શિયલ ઈન્ટરેસ્ટને ફરીથી વ્યાખ્યાયિત કરવામાં આવ્યો છે, જેમાં મર્યાદા રૂ.પાંચ લાખથી વધારી રૂ.બે

**અત્યાર સુધી એક બેંક ખાતામાં માત્ર એક જ નોમિનીનો નિયમ**

કરોડ કરવામાં આવી છે. જે લગભગ છ દાયકા પહેલાં નિર્ધારિત થઈ હતી.

લોકસભામાં વિપક્ષના કેટલાક સભ્યોએ આ બિલનો વિરોધ નોંધાવ્યો હતો. કોંગ્રેસના મનિષ તિવારીએ કહ્યું કે, રાજ્યોને સહકારી મંડળીઓ અને સહકારી બેંકો સંબંધિત કાયદાઓમાં સુધારો કરવાનો અધિકાર છે. તેમણે આ સંદર્ભે કાયદાકીય અધિકારો અંગે અસ્પષ્ટતા વિશે પણ વાત કરી હતી કે, કેન્દ્ર સહકારી મંડળીઓને નિયંત્રિત કરી શકે છે કે નહીં તે અંગે વિરોધાભાસ છે.

આરએસપીના એન.કે. પ્રેમચંદ્રને કહ્યું કે, સરકાર એક સાથે ચાર કાયદામાં સુધારો કરવાનો પ્રયાસ કરી રહી છે અને જે ગૃહની પરંપરાઓ વિરુદ્ધ છે. તેમણે કહ્યું કે, બિલ માત્ર એકબીજા સાથે જોડાયેલા વિષયો સાથે સંબંધિત કાયદા માટે લાવવામાં આવે છે. તૃણમૂલ કોંગ્રેસના સૌગત રોયે પણ એક ખરડા દ્વારા ચાર કાયદામાં સુધારો કરવા સામે વાંધો ઉઠાવ્યો હતો. વિપક્ષી સભ્યોના વાંધાઓને ફગાવી દેતા નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે, આ ગૃહ દ્વારા સહકારી બેંકો સંબંધિત કાયદામાં પહેલાથી જ સુધારો કરવામાં આવ્યો છે અને તેનાથી નાના ખાતાધારકોને રાહત મળી છે. અમે ચાર બિલ લાવી શક્યા હોત પરંતુ જ્યારે સમાન પ્રકારના કામકાજ સંબંધિત કાયદાઓ છે ત્યારે અમે સુધારા બિલ રજૂ કર્યા છે.

# ભૂસ્ખલનગ્રસ્ત વાયનાડમાં રહસ્યમય અવાજે ગભરાટ ફેલાવ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

કેરળના ભૂસ્ખલનથી તબાહ થયેલા વાયનાડ જિલ્લામાં વિવિધ સ્થળોએ લોકોએ શુક્રવારની સવારે ભૂગર્ભમાંથી એક તેજીનો અવાજ અને પ્રતિક્રમણ સાંભળ્યાની જાણ કરી, જેનાથી રહેવાસીઓ અને અધિકારીઓમાં ગભરાટ સર્જાયો.વાયનાડ જિલ્લાના અધિકારીઓએ જણાવ્યું હતું કે, અસરગ્રસ્ત સ્થળોએ રહેણાંક વિસ્તારોના લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવી રહ્યા છે.

તેઓએ જણાવ્યું હતું કે, અંબલવાયલ ગામ અને વ્યથિરી તાલુકાના અમુક વિસ્તારોમાં તેજીનો અવાજ અને પ્રતિક્રમણ અહેસાસ થયો હતો. વાયનાડ જિલ્લા કલેક્ટર ડી.આર. મેઘાશ્રીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, જિલ્લા વહીવટીતંત્રે અસરગ્રસ્ત વિસ્તારોમાંથી લોકોને સુરક્ષિત રીતે સ્થાળાંતરિત કરવા પગલાં લીધાં છે. કેરળ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (KSDMA)એ જણાવ્યું હતું કે, તે ધરતીકંપના રેકોર્ડની તપાસ કરી રહી છે અને કંઈપણ વિસંગત છે કે કેમ તે નક્કી કરવા માટે સ્થાનિક તપાસ હાથ ધરી રહી છે. તેણે જણાવ્યું, અત્યાર સુધી સિસ્મિક રેકોર્ડ્સ હિલચાલના કોઈ સંકેતો બતાવતા નથી. એક ટીવી ન્યુઝ ચેનલ સાથે વાત કરતા પંચાયતના વોર્ડ સભ્યના જણાવ્યા અનુસાર સવારે ૧૦:૧૫ વાગ્યે અવાજ સંભળાયો હતો. ભૂગર્ભમાંથી રહસ્યમય અવાજે રહેવાસીઓમાં ગભરાટ પેદા કર્યો, કારણ કે, તે પહાડી જિલ્લામાં મોટા ભૂસ્ખલનની રાહ પર આવે છે, જેમાં ૨૨૬ લોકો માર્યા ગયા હતા અને ઘણા વધુ ગુમ થયા હતા. સત્તાવાળાઓએ જણાવ્યું કે, અસરગ્રસ્ત વિસ્તારની શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી છે.

### ટ્રમ્પના કમલા હેરિસ પર આકરા પ્રહાર

# દુનિયા ત્રીજા વિશ્વયુદ્ધની નજીક અને તે હેન્ડલ નહીં કરી શકે

(એજન્સી) વોશિંગ્ટન, તા.૯

અમેરિકાના પૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કમલા હેરિસ અને ટિમ વોલ્ઝની આકરી ટીકા કરી હતી. પ્રેસ કોન્ફરન્સ દરમિયાન તેમણે કહ્યું કે, 'સમગ્ર વિશ્વમાં સ્થિતિ વણસી રહી છે. આપણે ત્રીજા વિશ્વ યુદ્ધની નજીક છીએ અને આ લોકો પરિસ્થિતિને સંભાળી શકશે નહીં.'

પ્રેસ કોન્ફરન્સમાં ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, 'અમેરિકાની હાલત ખૂબ જ ખરાબ છે. કમલા હેરિસ જો બાઈડેન કરતા પણ ખરાબ છે અને તેમને રાષ્ટ્રપતિ પદ માટે મત પણ નથી મળ્યા.' નોંધનીય છે કે, અમેરિકાના પૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ રિપબ્લિકન પાર્ટી તરફથી ઉમેદવાર છે. ડેમોક્રેટિક પાર્ટીએ કમલા હેરિસને મેદાને છે.

ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે, 'આપણે

**પ્રેસ કોન્ફરન્સમાં ટ્રમ્પે કહ્યું કે, અમેરિકાની હાલત ખૂબ જ ખરાબ છે : કમલા હેરિસ બાઈડેન કરતાં પણ ખરાબ**

વિશ્વ યુદ્ધની ખૂબ નજીક છીએ. મારા મતે અહીં એવા લોકો છે જેઓ આ સંજોગોમાં કશું કરી શકતા નથી. આ લોકોનું કોઈ સન્માન કરતું નથી. ચીન, રશિયા અને ઉત્તર કોરિયામાં લોકોના આ જૂથ માટે કોઈ સન્માન નથી.

અમેરિકાના પૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કે, 'પહેલા મારી સામે જો બાઈડેન હતા. હવે કમલા હેરિસ છે, પરંતુ મને લાગે છે કે અન્ય કોઈ ઉમેદવાર હોત.

કમલા હેરિસનો રેકોર્ડ ઘણો ખરાબ છે. તે એક સ્તરે કટ્ટરપંથી છે, તેણે ડાબેરી કટ્ટરપંથી પસંદ કર્યા છે. બાઈડેન પ્રત્યે કમલા હેરિસનું વલણ અલગ હતું, તેમ છતાં તેમણે હેરિસને ઉપરાષ્ટ્રપતિ બનાવ્યા. મને લાગે છે કે તેને તેના નિર્ણય પર પસ્તાવો થશે. હવે તેમને રાષ્ટ્રપતિની ચૂંટણીની રેસમાંથી પણ દૂર કરી દેવામાં આવ્યા છે.'

ઉલ્લેખનીય છે કે અમેરિકામાં પાંચમી નવેમ્બર-૨૦૨૪ના રોજ પ્રમુખ પદની ચૂંટણી યોજાવાની છે. ચૂંટણીમાં ૧૬ કરોડ મતદારો અમેરિકાના ૬૦માં પ્રમુખની પસંદગી કરશે. થોડા દિવસ પહેલાં જ પ્રમુખ જો બાયડને રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે કમલા હેરિસનું નામ જાહેર કર્યું હતું.

### ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે વધતો તણાવ

# એર ઈન્ડિયાની તેલ અવીવની તમામ ફ્લાઈટ્સ અનિશ્ચિત સમય માટે સ્થગિત

## આ સાથે એરલાઈને ટિકિટ બૂક કરેલા મુસાફરોને તમામ રકમ પરત કરવાની પણ તૈયારી આદરી છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

પેલેસ્ટીન અને હમાસ સાથેના યુદ્ધમાં ઈરાનના ઘરમાં ઘૂસીને વિરોધીને ઠાર મારવા બદલ ઈઝરાયેલ સામે ચારેય મોરચે વિરોધનો વંટોળ ઊભો થયો છે. ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે વધી રહેલા તણાવને કારણે સમગ્ર વિશ્વની નજર હવે મધ્ય-પૂર્વ પર છે. આ દરમિયાન એર ઈન્ડિયાએ શુક્રવારે ભારત અને ઈઝરાયેલ વચ્ચેની ફ્લાઈટ્સ અનિશ્ચિતકાળ સુધી રદ કરવાની જાહેરાત કરતા સ્થિતિ વધુ તંગ બનવાના ભણકારા વાગી રહ્યા છે. એર ઈન્ડિયાએ એક ટ્વિટમાં જણાવ્યું કે, એરલાઈન કંપનીએ આગામી સૂચના સુધી તેલ અવીવથી અને તેલ અવીવની તમામ ફ્લાઈટ્સ સ્થગિત કરી દીધી છે. ટાટા ગ્રુપની માલિકીની કંપનીએ અગાઉ રાષ્ટ્રીય રાજધાની દિલ્હીથી તેલ અવીવ સુધીની તેની સેવાઓ ૮ ઓગસ્ટ સુધી સ્થગિત કરી દીધી હતી. આ સાથે એરલાઈને ટિકિટ બૂક કરેલા મુસાફરોને તમામ રકમ પરત કરવાની પણ તૈયારી આદરી છે.

એર ઈન્ડિયાએ ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે વધતા તણાવને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લીધો છે. એર ઈન્ડિયાએ તેની એક્સ-પોસ્ટમાં લખ્યું કે, 'મધ્ય-પૂર્વના કેટલાક ભાગોમાં વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને અમારી તેલ અવીવ આવતી અને જતી ફ્લાઈટ્સનું સંચાલન આગામી સૂચના સુધી તાત્કાલિક અસરથી સ્થગિત કરવામાં આવ્યું છે. અમે સતત પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છીએ અને તેલ અવીવની ટિકિટ બૂક કરાવનારા મુસાફરોને સંપૂર્ણ રિફંડ ઓફર કરી રહ્યા છીએ. અમારા મહેમાનો (મુસાફરો) અને ક્રૂની સુરક્ષા અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે. વધુ માહિતી માટે કૃપા કરીને અમારા ૨૪/૭ સંપર્ક કેન્દ્ર ૦૧૧-૬૯૩૨૯૩૩૩/૦૧૧-૬૯૩૨૯૯૯૯ પર કોલ કરો.

નોંધનીય છે કે, તેહરાનમાં હમાસના ટોચના નેતા ઈસ્માઈલ હાનિયાહની હત્યા બાદ ઈરાને ઈઝરાયેલ સામે જવાબી કાર્યવાહી કરવાની ધમકી આપ્યા બાદ અમેરિકાએ પણ સમુદ્રમાં પોતાની સેનાની તૈનાતી વધારી દીધી છે. ઈરાને અમેરિકા પર ઈઝરાયેલને સમર્થન આપવાનો આરોપ લગાવ્યો છે. ગયા અઠવાડિયે ટાટાની માલિકીની એરલાઈન્સે જાહેરાત કરી હતી કે, તે તેલ અવીવથી ૮ ઓગસ્ટ સુધી તાત્કાલિક અસરથી ફ્લાઈટ કામગીરી સ્થગિત કરી રહી છે. સસ્પેન્શન હવે અનિશ્ચિત સમય માટે લંબાવવામાં આવ્યું છે. આ વર્ષની શરૂઆતમાં પણ એર ઈન્ડિયાએ મધ્ય-પૂર્વના તણાવને કારણે અલગ-અલગ સમયે તેલ અવીવની ફ્લાઈટ્સ સ્થગિત કરી દીધી હતી.

# ધર્માંતરણ પર આંબેડકરનો તર્ક જાતિ વ્યવસ્થાનું એક ક્રાંતિકારી સમાધાન કેમ છે ?

(એજન્સી) તા.૯

ભારતમાં ધર્મ પરિવર્તન અંગે ચિરસ્થાય ચિંતાઓ બે વખત પુનરાવર્તન કરનારા તર્કો પર ટકેલી છે (ક) કે ધર્મ-ધર્મ પરિવર્તન પશ્ચિમી મામલો છે, અને (ખ) કથિત રીતે વધતા ધર્મ પરિવર્તનના કારણે હિન્દુ વસ્તીમાં ઘટાડો થઈ રહ્યો છે. પરંતુ ભારતમાં લોકો ધર્મ પરિવર્તન કેમ કરે છે ? આ દલિત ઈતિહાસ મહિનામાં ડો. બી.આર. આંબેડકરના બૌદ્ધ ધર્મમાં ધર્મ પરિવર્તનના તર્ક પર ફરીથી વિચાર કરૂં છું. જેથી જાતિ વ્યવસ્થાની વિરૂદ્ધ તેમના દૃષ્ટિકોણને કટ્ટરપંથી સમાધાન તરીકે વાંચી શકાય. હું તેને તેમના ૧૯૩૫ના ભાષણ ૧૯૨૭ના મહાદ સત્યાગ્રહ અને બૌદ્ધ ધર્મની પ્રકૃતિનો હવાલો આપીને બતાવીશ. સૌ પ્રથમ આપણે કટ્ટરપંથી શબ્દનો અર્થ સમજવો પડશે. જો કે આ શબ્દનો ઉપયોગ જુદા જુદા સંદર્ભમાં સકારાત્મક અને નકારાત્મક બંને રીતે કરવામાં આવે છે. પરંતુ કટ્ટરપંથી હોવાનો અર્થ ઓછો સમજવામાં આવે છે. તેને સમજવા માટે માની લો કે કોઈ વ્યક્તિ કોઈ એવા પંથ અથવા ધર્મમાં છે. જેનો સિદ્ધાંત અથવા વિશ્વાસ છે કે તેના જીવનમાં આવ્યાત્મિક અંધકારના તબક્કા હોય છે. સમયની સાથે જો આ વ્યક્તિને પોતાના વિશ્વાસ પર ગંભીર શંકા થવા લાગે તો તેને તરત આ વિશ્વાસની યાદ અપાવવામાં આવે છે કે આધ્યાત્મિક અંધકારના તબક્કા હોય છે. પરિણામ સ્વરૂપ આ તેમને પોતાના વિશ્વાસ તરફ પરત ધકેલે છે એક અપરિહાર્ય ચક્રમાં આ રીતે કટ્ટરપંથી હોવાનો અર્થ છે. સૌપ્રથમ આ ચક્રમાંથી બહાર નીકળવું. હવે આપણે આંબેડકરના ભાષણો અને અનુભવોના માધ્યમથી આ અંદાજ કરી શકીએ છીએ કે શું ધર્માંતરણ જેવા ક્રાંતિકારી પગલાં માટે કોઈ આધાર છે. મે ૧૯૩૬માં પોતાના ભાષણમાં આંબેડકરે એક એવા જ આલંકારિક ચક્રનું વર્ણન કર્યું છે. જે દલિતોને માળખકીય અધિકારોથી વંચિત રાખે છે. ભૌતિક અને આધ્યાત્મિક સ્થિતિઓના સંદર્ભમાં દલિત નિરંતર પતનની સ્થિતિમાં છે. ભૌતિક સંભાવનાઓના સંદર્ભમાં દલિતો પાસે જનશકિતની અછત છે કારણ કે એક વિશેષ ક્ષેત્રમાં તે ઓછા અસંગઠિત અને વિખરાયેલ છે તેમની પાસે આર્થિક તાકાતની અછત છે કારણ કે તેમની પાસે કોઈ જમીન, વેપાર વ્યવસાય અને સેવા નથી, અને અંતમાં સતત દુર્વ્યવહાર અને હુમલાઓના માધ્યમથી વિદ્રોહ અને બળવાની ચિંગારીને દબાવી દેવામાં આવી છે અને તેમની માનસિક શકિતને નબળી કરી દેવામાં આવી છે.

# દિલ્હી-ફરીદાબાદ બોર્ડર પરથી ISISનો વોન્ટેડ આતંકવાદી ઝડપાયો

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

અધિકારીઓએ ગઈકાલે જણાવ્યું કે, એક વોન્ટેડ આતંકવાદી કે જે ISISના પુણે મોડ્યુલનો સભ્ય જેને દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલ દ્વારા પકડવામાં આવ્યો હતો. દિલ્હી-ફરીદાબાદ બોર્ડર પરથી મળેલી ગુપ્ત સૂચનાના આધારે સ્પેશિયલ સેલની ટીમે તેની ધરપકડ કરી હતી. તેના પાસેથી એક ગેરકાયદેસર હથિયાર મળી આવ્યું હતું. રાષ્ટ્રીય તપાસ એજન્સીએ દિલ્હીના દરિયાગંજના રહેવાસી રિઝવાન અબ્દુલ હાજી અધિકારીએ જણાવ્યું હતું કે, અલીની ધરપકડ કરવા માટે ૩ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું હતું.

એવી શંકા છે કે, તે દિલ્હી-એનસીઆર સ્થિત કેટલાક VIP લોકો પર સંભવિત હુમલા કરવા માટે જાસૂસી પર હતો. તેની પૂછપરછ કરવામાં આવી રહી છે.

# ભાજપના ભ્રષ્ટાચારનો ઘડો લઈ મોરબીથી શરૂ થયેલી કોંગ્રેસની ન્યાયયાત્રા ગાંધીનગર પહોંચશે

## રાજકોટ અગ્નિકાંડ દુર્ઘટનાના કેટલાક પીડિત પરિવારો યાત્રામાં નહીં જોડાય

અમદાવાદ, તા.૯

ગુજરાત કોંગ્રેસ દ્વારા મોરબીના દરબમરગઢ ચોકમાં કાંતિસભા યોજી આજથી ગાંધીનગર સુધી ન્યાયયાત્રા શરૂ કરી છે. આ યાત્રા દ્વારા ગુજરાતમાં દુર્ઘટનાઓના પીડિત પરિવારોને ન્યાય અપાવવા માટે સંદેશો આપવાનો હેતુ છે. આ યાત્રા ગુજરાતના પ જિલ્લા મોરબી, રાજકોટ, સુરેન્દ્રનગર, અમદાવાદ અને ગાંધીનગર એમ ૩૦૦ કિ.મી.નો પ્રવાસ ખેડશે ત્યારે હવે આ યાત્રા સાથ રરાજકોટ અગ્નિકાંડના કેટલાક પીડિત પરિવારો પણ કોંગ્રેસની યાત્રામાં નહીં જોડાય તેવું નિવેદન આપી રહ્યાં છે. રાજકોટ અગ્નિકાંડના ૨૭ પરિવારો પૈકીના ૧૭ જેટલા પરિવારો કોંગ્રેસની યાત્રામાં નહીં જોડાય તેવું નિવેદન આપ્યું છે. આ પરિવારોનું કહેવું છે કે, કોંગ્રેસની ન્યાય યાત્રાથી અમને કોઈ ન્યાય નથી મળવાનો, અમને ન્યાય કોર્ટ આપશે. રાજ્ય સરકારે અમારી તમામ માંગો સ્વીકારી છે અને આ કેસમાં અમારા માટે સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટરની નિમણૂક કરી છે. અમારા માટે તિરંગા યાત્રા અને ન્યાયયાત્રા કોઈ મહત્વ ધરાવતી નથી. અમારે ન્યાય જોઈએ છે તો એ અમને કોર્ટ આપશે. કોંગ્રેસની ન્યાય યાત્રા રવિવારે રાજકોટ પહોંચશે.

સુરત બાદ રાજકોટના પીડિત પરિવારો પણ કોંગ્રેસની યાત્રાથી વિમુખ થતાં હવે ચર્ચાઓ શરૂ થઈ છે કે કોંગ્રેસ કોના માટે યાત્રાઓ કાઢી રહી છે અને કોને ન્યાય અપાવશે. અગાઉ રાહુલ ગાંધી જ્યારે અમદાવાદ આવ્યા હતાં ત્યારે તેમણે ગુજરાતમાં દુર્ઘટનાઓથી પીડિત પરિવારો સાથે રાજીવ ગાંધી ભવન સાથે ચર્ચાઓ કરી હતી અને તેમના મુદ્દા સંસદમાં ઉઠાવવા માટે ખાતરી આપી હતી. તે ઉપરાંત કોંગ્રેસ દ્વારા આ પરિવારોને કેવી રીતે મદદરૂપ થઈ શકાય તે અંગે પણ ચર્ચાઓ કરી હતી. આ યાત્રામાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ અને ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ મોરબી ખાતે ક્રાંતિ સભામાં જણાવ્યું કે, ગુજરાતમાં ખાડે ગયેલ તંત્ર છે. નોન કરપટેડ અધિકારીને તપાસ સોંપે તો જ હકીકત સામે આવે તેમ છે. દારૂ, જુગાર અને જમીનની ફાઈલોમાં રોકડી કરે છે તેને તપાસ સોંપો તો કુલડીમાં ગોળ જ ભાંગે. દોષિતોને સાબરમતિ જેલમાં નાખો. પાલિકાને સુપરસીડ કરી તો તેની સામે પણ આઈપીસીની કલમ ૩૦૨ મુજબ ગુનો નોંધવો જોઈએ. આ સાથે ગુજરાતીઓ જાગો અને ભાજપને છોડોનો નાદ કર્યો હતો.

## ગુજરાતમાં ખાડે ગયેલ તંત્ર છે, નોન કરપ્ટેડ અધિકારીને તપાસ સોંપાય તો હકીકત સામે આવે : મેવાણી




### ન્યાય યાત્રામાં રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી જોડાય તેવી શક્યતા

કોંગ્રેસે ન્યાય યાત્રામાં આગળ એક ગાડીમાં સાથે એક ઘડો રાખ્યો છે, જેમાં લોકો પોતાના પ્રશ્નો અને રજૂઆત રજૂ કરી શકશે અને કોંગ્રેસે આ ઘડાને 'ભાજપના ભ્રષ્ટાચાર - પાપનો ઘડો' નામ આપ્યું છે. એમાં લોકો તેમના પ્રશ્નો નાખશે અને છેલ્લે આ ઘડો ફોડીને ભાજપનો પાપનો ઘડો ભરાઈ ગયો હોવાનો સંદેશ આપવામાં આવશે. જ્યારે ન્યાયયાત્રામાં ગુજરાત વિધાનસભાના વિપક્ષના નેતા અમિત ચાવડાએ જણાવ્યું કે, ભાજપના ભ્રષ્ટાચારના લીધે આ ઘટનાઓ બનેલ છે જેથી ભોગ બનેલા પરિવારો ન્યાય માટો રજડી રહ્યા છે. ત્યારે કોંગ્રેસ તેમનો અવાજ બનીને વિધાનસભામાં આ મુદ્દો ઉઠાવશે અને પીડિત પરિવારોને ન્યાય અપાવશે. ન્યાય યાત્રામાં રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી જોડાય તેવી શક્યતા છે.

### કોંગ્રેસની ન્યાયયાત્રામાં તક્ષશિલા મૃતકોના પરિજનોનો જોડાવવાનો સાફ ઈન્કાર

## રાહુલ ગાંધી ત્રણ વખત સુરતની કોર્ટમાં હાજર રહ્યા ત્યારે અમારી મુલાકાત નહોતી કરી

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૯

રાહુલ ગાંધી દ્વારા ગુજરાતમાં કોંગ્રેસને બેઠી કરવા માટે ન્યાય યાત્રાનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં મોરબી, રાજકોટ સહિતની દુર્ઘટનામાં મૃતકોના પરિવારજનોને સાથે રાખીને ન્યાયની માગ કરવાનું આયોજન થયુ છે. મોરબી ખાતેથી આજે કોંગ્રેસ દ્વારા ન્યાય યાત્રાની શરૂઆત કરવામાં આવી છે. પાંચ જિલ્લામાંથી પસાર થનારી ૩૦૦કિલોમીટરની આ ન્યાય યાત્રાના પ્રારંભમાં જ મોટો ઝટકો લાગ્યો છે. ત્યાર સુરતમાં તક્ષશિલા અગ્નિકાંડના વાલીઓએ કહયુ કે, તેઓ રાહુલ ગાંધીની ન્યાય યાત્રામાં નહીં જોડાય. કોંગ્રેસ દ્વારા આજથી શરૂ થનાર ન્યાય યાત્રામાં જોડાવવામાં માટે વાલીઓને ફોન કરવામાં આવતાં ભારે હોબાળો મચી જવા પામ્યો છે. ન્યાય યાત્રામાં ન જોડાવવાની સ્પષ્ટતા સાથે વાલીઓએ જણાવ્યું હતું કે, તક્ષશિલા અગ્નિકાંડ હોનારતને પાંચ વર્ષ વીતિ ગયા છે અને આ દરમિયાન રાહુલ ગાંધી ખુદ ત્રણ વખત સુરત કોર્ટમાં હાજર રહેવા માટે આવ્યા હતા. આ દરમિયાન તેઓએ એક પણ વખત અમારી સાથે મુલાકાત કરી ન હોતી. ત્યારે હવે જયારે કોંગ્રેસ દ્વારા ન્યાય યાત્રાનું આયોજન કરવામાં આવી રહ્યું છે ત્યારે અમને તેમાં જોડાવવા માટે નિમંત્રણ પાઠવવામાં આવ્યુ છે. તેઓએ વધુમાં ટકોર કરી હતી કે, જો કોંગ્રેસ અમને સમર્થન જ આપવા માંગતી હોય તો ન્યાયિક પ્રક્રિયામાં અમને સપોર્ટ કરે. આ રીતે રાજકારણમાં અમને ઘસેડવાનો કોઈ અર્થ નથી.

# અ.મ્યુ.કો. ઉપર ખોટો આક્ષેપ કરવા બદલ અમ્કાના સીઈઓને જાહેરમાં માફી માંગવા હાઈકોર્ટનો આદેશ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૯

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ટેન્કર મારફતે અનટ્રીટેડ પ્રદૂષિત પાણી ઉદ્યોગો દ્વારા સંચાલિત મેગા પાઈપલાઈનમાં ઠલવાઈ રહ્યું હોવાનો વીડિયો હકીકતમાં ગેરસમજના આધારે જાહેર કરવામાં આવ્યો હોવાથી અમદાવાદ મેગા ક્લીન એસોસિએશન (અમ્કા)ના ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર દિપક દાવડા દ્વારા જણાવવામાં આવ્યું હતું અને તેમને જાહેરમાં માફી માગવાનો ગુજરાત હાઈકોર્ટે આદેશ કર્યો હતો.

કોર્ટે આ બાબતને ગંભીરતાથી લઈને જણાવ્યું હતું કે, સામાન્ય માણસ નહી પરંતુ સીઈઓ કક્ષાના અધિકારી દ્વારા વિડીયોની સચ્ચાઈની ખરાઈ કર્યા વગર સરક્યુલેટ કરવામાં આવે તે ગંભીર બાબત છે અને અપેક્ષિત નથી. સીઈઓ દ્વારા જાહેર માફી માંગીને તે બાબતની એફિડેવીટ ગુજરાત હાઈકોર્ટમાં કરવાની રહેશે. અમ્કા તે ઉદ્યોગો દ્વારા ચલાવવામાં આવતી સંસ્થા છે કે જેઓ ઉદ્યોગોનું પાણી ટ્રીટ કરીને મેગા પાઈપલાઈન મારફતે નદીમાં ઠાલવે છે. બે દિવસ અગાઉ સાબરમતી નદીમાં પ્રદૂષણ અંગેની પીઆઈએલમાં કોર્ટ સહાયક તરીકે નિમાયેલા એડવોકેટ હેમાંગ શાહે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ટેક્કર મારફતે અનટ્રીટેડ પ્રદૂષિત પાણી મેગા પાઈપલાઈનમાં ઠલવાઈ રહ્યું હોવાનો વિડીયો ગુજરાત હાઈકોર્ટ સમક્ષ રજૂ કર્યો હતો. જેને પગલે ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે સમગ્ર બાબતની ગંભીર નોંધ લઈ આ હકીકત સોગંદનામાં પર રજૂ કરવા કોર્ટ સહાયકને નિર્દેશ કર્યો હતો. અમ્યુકોનું ટેન્કર જ મેગા પાઈપલાઈનમાં સુએઝનું પ્રદૂષિત પાણી મેગા પાઈપલાઈનમાં ઠાલવી રહ્યું હોવાની ઘટનામાં ગંભીર વળાંક આવ્યો હતો. શાહે કોર્ટને જણાવ્યું હતું કે, આ વીડિયો દિપક દાવડાએ ગેરસમજના આધારે મોકલ્યો હતો અને અમ્યુકોની ટેક્કર દ્વારા ડોમેસ્ટીક સુએજ અમ્કોની મેગા પાઈપલાઈનમાં નહિ પરંતુ અમ્યુકોની પોતાની પાઈપલાઈનમાં ઠાલવવામાં આવતો હતો. આ વીડિયો ક્લીપ બાબતે હવે તેઓએ પત્ર લખ્યો છે કે આ એક ગેરસમજ હતી અને માફી માગી છે. આથી કોર્ટે નોંધ્યું હતું કે આવા વિડીયોથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની છબીને પણ અસર પડી હતી. અમ્કાના વકીલ તરફથી જણાવવામાં આવ્યું હતું કે, આ વિડીયો અમદાવાદના મેગા પાઈપલાઈના સીઈઓના સ્ટાફ દ્વારા લેવામાં આવ્યો છે અને તેમાં ભૂલ છે. પ્રસ્તુત સ્થળ ઉપર બે પાઈપલાઈન એક સાથે હતી અને ટેક્કરમાંથી જ્યારે ઓફલોડીંગ કરવામાં આવતું હતું ત્યારે મેગાની પાઈપલાઈનમાં મોકલાતું હોવાનું જણાતું હતું. આથી તેઓ જાહેરમાં માંફી માગવા તૈયાર છે. આથી કોર્ટે અવલોકન કર્યું હતું કે, સાચી માહિતી જાણ્યા વગર વીડીયો મોકલી ના શકાય, તેઓ સામાન્ય માણસ નથી અને તેમની પાસેથી આવી વર્તણૂકની અપેક્ષા ના રાખી શકાય. વીડિયો સર્ક્યુલેટ કરતી વખતે ખરાઈ કરવાની જરૂર હતી અને અમે આ બાબતને ગંભીરતાથી લઈએ છીએ. તેઓએ ખુલાસો કરવાનો રહેશે અને જાહેર માફી માગવાની રહેશે અને પછી કોર્ટને માહિતી આપવાની રહેશે. જો આમ નહીં કરવામાં આવે તો કોર્ટ સખત વલણ અપનાવશે.

### જાહેરહિતની અરજીની સુનાવણી દરમ્યાન અધિકારીની આકરી ઝાટકણી કરતી હાઈકોર્ટ

# 'ચોમાસામાં તો હાઈવે ઉપર ખાડાઓ પડે' તેવો ઉડાઉ જવાબ આપનાર અધિકારી સામે પગલાં લેવા હાઈકોર્ટેની નોંધ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૯

રાજયના મહીસાગર જિલ્લામાં હાઈવેના રસ્તાઓ ખરાબ થઈ ગયા હોવાથી તેને તાત્કાલિક સમારકામ કરવા જોઈએ તેવી જાહેર હિતની અરજીમાં ઉડાઉ જવાબ આપવા બદલ ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસ સુનિતા અગ્રવાલ અને જસ્ટીસ પ્રણવ ત્રિવેદની ખંડપીઠે લુણાવાડા વિભાગના એકઝીકયુટીવ એન્જિનીયરની આકરા શબ્દોમાં ઝાટકણી કાઢીને કોર્ટને ગેરમાર્ગે દોરતો જવાબ રજૂ કરવા બદલ તેમની સામે પગલા કેમ ના લેવા તે બાબતે જવાબ રજૂ કરવાનો આદેશ કર્યો હતો.

જાહેર હિતની અરજીમાં અગાઉ આપેલા આદેશ મુજબ એન્જિનીયર દ્વારા જવાબ રજૂ કરવામાં આવ્યો હતો કે, રસ્તા સંપૂર્ણ રીતે ખરાબ નથી પરંતુ કેટલીક જયાએ ભૂવા અને ખાડાઓ પડી ગયા છે. આ રસ્તા ઉપર ભારે વાહનો પસાર થાય છે અને ચોમાસાની સિઝન દરમિયાન રસ્તાઓ ઉપર આવું થઈ શકે છે. આવો જવાબ વાંચીને ચીફ જસ્ટીસે ભારે નારાજગી વ્યક્ત કરી હતી. કોર્ટે જણાવ્યું હતું કે, જો આ રીતે રોડ ખરાબ ના થાય તો કેવી રીતે ખરાબ થાય તે જણાવો. આવા રસ્તાઓના કારણે જ અકસ્માત થાય છે. શું અમે તમને આવો જવાબ આપવા માટે આદેશ કર્યો હતો ? શું કોઈ સરકારી અધિકારીએ આવો જવાબ આપવો જોઈએ ?

આ સમયે હાજર રહેનાર મુખ્ય સરકારી વકીલને ચીફ જસ્ટીસે જણાવ્યું હતું કે, તમારા મદદનીશ સરકારી વકીલોને આવી રીતે સોગંધનામુ દાખલ ના થવું જોઈએ તેવી સુચનાઓ આપો. જાહેર હિતની અરજી સરકારી વિરોધી અરજીઓ હોતી નથી પરંતુ જાહેર હિતના બાબતમાં હોય છે. આ પ્રકારનો જવાબ આપીને અધિકારીએ પોતાના ઉદ્ધત વર્તનનું પ્રદર્શન કર્યુ છે. અધિકારી દ્વારા રજૂ કરાયેલી એફિડેવીટમાં રસ્તાની સ્થિતિ ખરાબ છે તે સ્વિકાર કર્યો છે પરંતુ રસ્તાઓને યોગ્ય કરવા બાબતે કોઈ જવાબ આપવામાં આવ્યો નથી. ઘણા બધા ફકરામાં એવું લખ્યું છે રસ્તો સંપૂર્ણ ખરાબ નથી થયો પરંતુ ભૂવા/ખાડા પડ્યા છે. આથી આવી વર્તણૂક સામે અમે સખત વાંધો લઈએ છીએ અને અધિકારી સામે શા માટે પગલા ના લેવા જોઈએ તેનો તેને જવાબ આપવાનો રહેશે.


## ખિરાજે અકીદત

"હજારો સાલ રોતી હૈ નરગીસ અપની બેનૂરી પર,
બડી મુશ્કિલસે હોતા હૈ ચમનમેં દિદાવર પૈદા"



ધોળકા સુન્ની મુસ્લિમ ઘાંચી જમાતનાં આગેવાન અને મદની પ્રાથમિક શાળા, ધોળકાના પ્રમુખ **ઇસ્માઇલભાઇ ગુલામરસુલ ઘાંચી (ડોશી)** તા.01-08-2024નાં રોજ અલ્લાહની રહેમતમાં પહોંચી ગયા છે. મર્હૂમ ઈસ્માઈલભાઈએ ધોળકા સુન્ની મુસ્લિમ ઘાંચી જમાતના બાળકોમાં શિક્ષણનું પ્રમાણ વધે તે માટે જીવનભર ઉમદા પ્રયાસો કર્યા હતા અને તેમના પ્રયાસોનાં કારણે ધોળકા સુન્ની મુસ્લિમ ઘાંચી જમાતમાં શિક્ષણનું સ્તર ઘણું ઊંચું આવ્યું છે. શૈક્ષણિક ક્ષેત્રે તેમણે આપેલા આ યોગદાનને ધોળકા સુન્ની મુસ્લિમ ઘાંચી જમાત હંમેશા યાદ રાખશે. અલ્લાહત્આલા મર્હૂમની મગફિરત ફરમાવી જન્નતુલ ફિરદૌશમાં આલા મકામ અતા કરે અને તેમના પરિવારજનોને સબ્રે જમીલ અતા કરે તેવી દુઆ. આમીન...

દુઆગીર

ધોળકા સુન્ની મુસ્લિમ ઘાંચી જમાત એજ્યુકેશન ગ્રુપ


# ગોધરાના ગોલ્લવ નજીક ઈકો અને ટેન્કર વચ્ચે ભયંકર અકસ્માતમાં પાંચનાં મોત

### ● ઈકોમાં સાત લોકો સવાર હતા ● ગંભીર રીતે ઘાયલ બે લોકોને હોસ્પિટલ ખસેડાયા

અમદાવાદ, તા.૯

રાજ્યમાં છાશવારે ગમખ્વાર અકસ્માતો સર્જાય છે. જે બેફામ બનેલા વાહન ચાલકો અને બેલગામ ગતિની ચાડી ખાય છે. આ અકસ્માતોમાં અનેક નિર્દોષ લોકોને જીવ ગુમાવવાનો વારો આવે છે. ત્યારે ગોધરાના ગોલ્લવ નજીક ઈકો અને ટેન્કર વચ્ચે થયેલા અકસ્માતમાં પાંચ લોકોને જીવ ગુમાવવાનો વારો આવ્યો છે.

ગોધરા તાલુકાના ગોલ્લવ ગામ પાસે આવેલ ITIની નજીકમાં ઈકો ગાડી અને ટેક્કર વચ્ચે જોરદાર અકસ્માત સર્જાયો હતો. જેમાં ત્રણ લોકોનું ઘટનાસ્થળ ઉપર મોત નીપજ્યું હતું. ૧૦૮ને બનાવની જાણ થતાં તાત્કાલિક ઘટનાસ્થળ ઉપર પહોંચી હતી. જેમાં બે ઈસોમોની હાલત નાજુક હોવાના કારણે તાત્કાલિક દેવગઢ બારીયા ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર પહેલાં જ એક ઈસમનું મોત થયું હતું. જ્યારે અન્ય એક ઈસમનું સારવાર દરમિયાન મોત થયું હતું. મૃતકોને ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.



આ અકસ્માત અંગે જાણવા મળતી વિગત મુજબ ગોધરા તાલુકાના ગોલ્લવ પાસે ઈકો ગાડીમાં સાત લોકો સવાર થઈ જઈ રહ્યા હતા. ત્યારે સામેથી બેફામ આવતા ટેક્કરે ઈકો કાર અડફેટે લીધી હતી. જેથી ગાડીમાં સવાર ચાર લોકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેમાંથી બે લોકોની હાલત અતિ ગંભીર હોવાના કારણે તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા દેવગઢ બારીયા ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર લેતા પહેલાં જ એક ઈસમનું ૧૦૮માં જ મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય ત્રણ ઈસમો ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યાં હતા. જ્યારે અન્ય ત્રણ ઈજાગ્રસ્તોને ગોધરા ૧૦૮ એમ્બુલન્સ દ્વારા તાત્કાલિક ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન એકનું મોત થયું હતું.

પ્રાથમિક દૃષ્ટિએ જાણવા મળી રહ્યું છે કે, ઈકો ગાડીમાં સવાર સાત લોકો છોટાઉદેપુરના હોવાનું જાણવા મળી રહ્યું છે. પરંતુ હાલ તો મૃતકનો પરિવાર ગોધરા સિવિલ હોસ્પિટલ આવવા નીકળી પડ્યો છે ત્યારે વધુ હકીકત હવે સામે આવશે.

# સિંહોના મોતની ઘટનાઓ મુદ્દે મુખ્ય વન સંરક્ષક સામે હાઈકોર્ટની અદાલતના તિરસ્કારની નોટિસ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૯

રાજયમાં આવેલા ગીર અભયારણ્યમાં એશિયાટિક સિહોના રેલ્વે ટ્રેકમાં આવી જવાના કારણે થયેલા મરણના મુદ્દે ગુજરાત હાઈકોર્ટ દ્વારા લેવામાં આવેલ મોટો અરજીની સુનાવણી દરમિયાન હાઈકોર્ટમાં ધ્યાનમાં લાવવામાં આવ્યું હતું કે આ મુદ્દે આદેશો આપ્યા હોવા છતાં પણ સિંહોના મરણની બે ઘટનાઓ તાજેતરમાં બની છે.

આજે થયેલી સુનાવણી દરમિયાન કોર્ટ સહાયક તરફથી અદાલતને જાણ કરાઈ હતી કે, હાઈકોર્ટના નિર્દેશો પછી પણ ટ્રેનની અડફેટે બે સિંહોના મોત થયા છે અને અન્ય એક બનાવમાં એક સિંહણ અને બે બાળસિંહના હાડપિંજર મળી આવવાની ઘટનાઓ સામે આવી છે. હાઈકોર્ટે આ સમગ્ર મામલાની ગંભીર નોંધ લઈ સત્તાવાળાઓના બેદરકારીભર્યા વલણને લઈ નારાજગી વ્યક્ત કરી હતી. ઉલ્લેખનીય છે કે ગઈ સુનાવણી દરમિયાન રાજ્ય સરકાર દ્વારા મોટા દાવાઓ કરવામાં આવ્યા હતા તેમજ રેલવે વિભાગ સાથે સંકલન કરીને ટ્રેનની ગતિ ધીમી કરવા સહિત ના પગલાં લેવામાં આવ્યા છે તેવી વાત કરવામાં આવી હતી. આ ઉપરાંત રાજ્ય સરકાર અને રેલવેની સંયુક્ત સમિતિઓની પણ રચના કરવામાં આવી હતી. જો કે હાઈકોર્ટમાં આ થયેલી સુનાવણી બાદ અકસ્માતની ઘટનાઓ બનતા હાઈકોર્ટે તેને ગંભીરતાથી લીધું હતું. આજે ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે રાજયના ચીફ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ સહિતના વન વિભાગના સત્તાવાળાઓ અને રેલ્વે ઓથોરીટીની ઝાટકણી કાઢી હતી. સિંહોના અકાળે મોત મામલે થયેલી પીઆઈએલમાં અગાઉ જાન્યુઆરી મહિનામાં ત્રણ સિંહોના મોતને લઈ રેલ્વે ઓથોરીટી દ્વારા કોઈ નક્કર પગલાં નહી લેવાતાં ગુજરાત હાઈકોર્ટે ગંભીર નારાજગી વ્યકત કરી ઉચ્ચ સ્તરીય તપાસ સમિતિ રચવા નિર્દેશ કર્યો હતો, જેના અનુસંધાનમાં રાજય સરકાર તરફથી સિંહોના મોત મામલે ઉચ્ચ તપાસ હાથ ધરવા અને જવાબદારી નક્કી કરવા માટે દસ સભ્યોની વિશેષ કમીટી બનાવાઈ હોવાની અદાલતને જાણ કરાઈ હતી. તો રેલ્વે ઓથોરીટી અને વન વિભાગના અધિકારીઓને સમાવી સિંહોના અકાળે મોત અટકાવવા ખાસ એસઓપી પણ કોર્ટ સમક્ષ મૂકાઈ હતી પરંતુ આ બધુ કરવા છતાં અને ખુદ હાઈકોર્ટે હવે પછી સિંહોના આ પ્રકારે અકાળે મોત ના થાય તેની કાળજી રાખવા અને પગલાં લેવા નિર્દેશો કર્યા હતા પરંતુ તેમછતાં સિંહોના અકાળે મૃત્યુના ત્રણ બનાવો સામે આવ્યા હતા.

### HTAT શિક્ષકોના વિરોધ પ્રદર્શન બાદ ગત માસે સરકાર દ્વારા નિર્ણય લઈ બદલીના નવા નિયમો જાહેર કરાયા હતા

# રાજ્યના HTAT મુખ્ય શિક્ષકોની બદલીને લઈ કાર્યવાહી શરૂ : સૂચનાઓ જારી કરાઈ

### બદલી માટે સમયપત્રક બનાવવા સહિતની સૂચનાઓ સાથે પરિપત્ર કરવામાં આવ્યો

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૯

ગયા મહિને રાજયના સરકાર દ્વારા ૐ્છ મુખ્ય શિક્ષકોને ભેટ આપવામાં આવી હતી. જેમાં ૐ્છ મુખ્ય શિક્ષકો માટે એક સંવેદનશીલ નિર્ણય લઈ બદલીના નવા નિયમો જાહેર કરાયા હતા. ત્યારે હવે ગુજરાતમાં ૐ્છ શિક્ષકોની બદલીને લઈને કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. શિક્ષણ વિભાગ દ્વારા મુખ્ય શિક્ષકોની બદલી માટે સમયપત્રાક બનાવવા સૂચના આપવામાં આવી છે.

શિક્ષણ વિભાગ દ્વારા સૂચના આપવામાં આવી છે કે મુખ્ય શિક્ષકોનું મહેકમ ૩૧ જુલાઈની સ્થિતિએ નિશ્ચિત કરવામાં આવે. સાથે જ શિક્ષણ વિભાગે નિયામકને બદલી માટે સમયપત્રક બનાવવા સૂચના આપી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ૧૪ વર્ષ પછી HTAT શિક્ષકોની બદલીના નિયમ જાહેર થયા. આ અંગે શિક્ષણ મંત્રી કુબેર ડિંડોરે સોશિયલ મીડિયા સાઈટ એક્સ પણ જાણકારી આપી હતી. આમ હવે ઘણા વર્ષોથી રાહ જોતા ૐ્છ શિક્ષકોની બદલીઓ અંગેનો પ્રશ્ન નવા નિયમોના અમલીકરણથી સરળ બનશે. શિક્ષણ વિભાગે પણ નિર્ણયની જાહેરાત થયાના ટૂંકા ગાળામાં જ આ અંગેની પ્રોસેસ આરંભી દીધી છે જે અંતર્ગત હવે વિભાગ દ્વારા સૂચનાઓ જારી કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે સરકાર દ્વારા તાજેતરમાં જ બદલીના નવા નિયમોની જાહેરાત કરી સરળતા કરી આપી હતી જેમાં બાલવાટીકાથી ધોરણ-પમાં ૧૫૦ કે તેથી વધુ વિદ્યાર્થી સંખ્યા હોય, ત્યારે ૧ મુખ્ય શિક્ષક મળવાપાત્ર થાય તથા ધોરણ ૬થી ૮માં ૧૦૦ કે તેથી વધુ વિદ્યાર્થી સંખ્યા હોય, ત્યારે ૧ મુખ્ય શિક્ષક મળવાપાત્ર થાય તેમજ જિલ્લા આંતરિક બદલીની માંગણી હોય ત્યારે મુખ્ય શિક્ષકની હાલની શાળામાં ઓછામાં ઓછી ૩ વર્ષની નોકરી પૂર્ણ થયેલ હોવી જોઈશે સહિતના નવા નિયમો સામેલ કરાયા હતા.

# સહકારી મંડળીઓમાં સ્ટાફની ભરતીની લાયકાત અને નોકરીની શરતો નક્કી કરવા મુદ્દે સરકાર પાસેથી હાઈકોર્ટે માગ્યો જવાબ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૯

ગુજરાત રાજ્યમાં સહકારી ક્ષેત્રની બેંકો તથા અન્ય સહકારી મંડળીઓમાં સ્ટાફની ભરતી બાબતે પારદર્શકતા જાળવવા માટે ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદા અધિનિયમ મુજબ રાજ્ય સરકાર દ્વારા ભરતીના નિયમો અને સ્ટાફની વિવિધ કેટેગરી માટે ચોક્કસ લાયકાત ઘડવી જોઈએ તેવી માગણી કરતી જાહેર હિતની અરજીની સુનાવણી બાદ હાઈકોર્ટના ચીફ જસ્ટીસ સુનિતા અગ્રવાલ અને જસ્ટીસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે રાજ્ય સરકાર પાસે જવાબ માંગ્યો હતો.

ભરતી ઉપરાંત સહકારી મંડળીઓ દ્વારા ખરીદી કરવા માટે પારદર્શકતા જાળવવા માટે ઈ ટેન્ડરની પ્રોસેસ કરવા તેમજ ગુજરાત રાજ્ય કો ઓપરેટીવ કાઉન્સિલની રચના અથવા તો રચના થઈ હોય તો તેની કાર્યવાહી આગળ ધપાવવા પણ જાહેર હિતની અરજી કરવામાં આવી છે. અદાલતે આ બે બાબતોએ પણ સરકાર પાસે જવાબ માગ્યો હતો. હાઈકોર્ટે ટકોર કરી હતી કે, ગુજરાત રાજ્ય સહકારી ક્ષેત્રમાં આગવું મહત્વ ધરાવે છે અને તે એક રાજ્ય છે કે જ્યાં આ માળખું અસ્તિત્વ ધરાવે છે. જ્યારે બીજી બધી જગ્યાએ તો બેંકોએ નાદારી નોંધાવી છે અને ફડચામાં ગઈ છે. કોર્ટે કહ્યું હતું કે અમુલ જેવી સંસ્થા જેવુ કામ સહકારી મંડળીઓ દ્વારા થવું જોઈએ. ઉલ્લેખનીય છે કે રાજ્યમા ૧૮૬ સહકારી બેંકો, ૩૫૦ નિયત સહકારી મંડળીઓ અને ૮૧૬૯૮ પ્રાથમિક સહકારી મંડળીઓ છે અને એક અંદાજ મુજબ આ સંસ્થાઓમાં ત્રણ લાખ કર્મચારીઓ કામ કરે છે.

પાટણ સ્થિત અરજદાર ચામુંડા કોટન સેલ્સ કો ઓપરેટીવ સોસાયટી એડવોકેટસ મારફતે રજૂઆત કરી હતી કે, ગુજરાતમાં સહકારી મંડળીઓનો કાયદો અસ્તિત્વમાં છે અને તેની કલમ ૭૬ મુજબ સહકારી મંડળીઓમાં સ્ટાફની ભરતી કરવા માટે કર્મચારીઓની લાયકાતો અને નોકરીની શરતો નક્કી કરવાની સત્તા છે. રાજ્યની અર્બન કો ઓપરેટીવ બેંકોમાં એકાઉન્ટન્ટ, ઓફિસરો કે અન્ય સ્ટાફની ભરતી કરવા માટે પણ આ નિયમો લાગુ પડે છે. પરંતુ રાજ્ય સરકાર દ્વારા આજદીન સુધી તેનું જાહેરનામુ બહાર પાડ્યું નથી. તેના કારણે આ સહકારી મંડળીઓમાં સત્તાધારીઓની મરજી અને ઈચ્છા મુજબ બેફામ રીતે ભરતી કરવામાં આવે છે અને તેના કારણે લાયકાત ના ધરાવતા લોકોની ભરતી કરવામાં આવે છે. આથી આવી અમર્યાદિતસત્તાઓ માટે નિયત્રણ મુકવા જરૂરી છે. બીજી બાજુ કલમ ૧૫૬ મુજબ રાજ્યમાં કો ઓપરેટી કાઉન્સિલની રચના કરવાની જોગવાઈ છે અને આ કાઉન્સિલ મંડળીઓના સંચાલન બાબતે મહત્વના નિર્ણયો લે છે. આ કાઉન્સિલની રચના કદાચ ૧૦થી ૧૨ વર્ષ પહેલા થઈ હતી પરંતુ હાલમાં તે કાર્યરત છે કે નહીં તેની કોઈ માહિતી નથી. આથી આ બાબતે જો કાઉન્સિલ કાર્યરત ના હોય તો તે કાર્યાન્વિત કરવી જોઈએ. સહકારી મંડળઓની કલમ ૧૫૫એ મુજબ રાજ્ય સરકાર દ્વારા કેટલીક એક્ઝીક્યુટીવ સૂચના આપી શકાય છે કે કોઈપણ ખદીદી ટેન્ડર પ્રોસેસથી જ થવી જોઈએ પરંતુ આ બાબતે કોઈ ઓફિશિયલ ગેઝેટ કે નોટીફિકેશન નથી. આથી આ ટેન્ડર પ્રક્રિયા બાબતે પણ નિયમો ઘડવા જોઈએ.



● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS